વિ. સંવત ૨૦૮૧, અષાઢ સુદ - ૧૦
SATURDAY
05 JULY 2025
LOKASATTA JANASATTA
VADODARA

(A Leading Gujarati Daily Since 1951)

# લોકસત્તા જનસત્તા

@LoksattaJansatta @loksattajansatta YouTube @theloksatta www.loksattanews.co.in નીડર અને નિષ્પક્ષ

• કુલ પાના ૧૨ • કિંમત ₹ ૫.૦૦ • YEAR-74 • VOL 213 CMD : Sanjay Shah

### અલ્હાબાદ હાઈકોર્ટે મથુરાની શાહી ઈદગાહ મસ્જિદને 'વિવાદિત માળખું' જાહેર કરવાની માગ કરતી હિન્દુ પક્ષની અરજીને ફગાવી દીધી

# મથુરાની શાહી ઈદગાહ મસ્જિદ વિવાદિત માળખું નથી

### અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ રામ મનોહર નારાયણ મિશ્રાની સિંગલ બેન્ચે જણાવ્યું હતું કે, મૂળ દાવો ચાલુ છે અને હાઈકોર્ટમાં તેની ટ્રાયલ ચાલી રહી છે

અલ્હાબાદ, તા.૪

અલ્હાબાદ હાઈકોર્ટે મથુરાની શાહી ઈદગાહ મસ્જિદને 'વિવાદિત માળખું' જાહેર કરવાની માંગ કરતી હિન્દુ પક્ષની અરજીને ફગાવી દીધી છે. ૨૩ મેના રોજ કોર્ટે આ અરજી પર પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો, જે ગુરુવારે જાહેર કરવામાં આવ્યો.

૫ માર્ચના રોજ હિન્દુ પક્ષના વકીલ મહેન્દ્ર પ્રતાપ સિંહે માળખાને વિવાદિત જાહેર કરવા માટે અરજી દાખલ કરી હતી. હિન્દુ પક્ષે દલીલ કરી હતી કે, મસ્જિદ પાસે જમીનના કાગળો નથી અને તેમણે અતિક્રમણ કર્યું છે. અરજીમાં જણાવ્યું હતું કે શાહી ઈદગાહના સ્થળે પહેલા એક મંદિર હતું અને મુસ્લિમ પક્ષ મસ્જિદ હોવાના કોઈ પુરાવા રજૂ કરી શક્યો નથી. વધુમાં, જે માળખાને મસ્જિદ કહેવામાં આવે છે તેની દિવાલો પર હિન્દુ દેવતાઓના પ્રતીકવાદ હાજર હોવાનો દાવો કરાયો હતો. હિન્દુ પક્ષે અયોધ્યા કેસનો પણ હવાલો આપ્યો હતો, જ્યાં બાબરી મસ્જિદને



વિવાદિત માળખું જાહેર કરાઈ હતી.

જોકે, જસ્ટિસ રામ મનોહર નારાયણ મિશ્રાની સિંગલ બેન્ચે આ અરજીને ફગાવી દેતા જણાવ્યું હતું કે, મૂળ દાવો ચાલુ છે અને હાઈકોર્ટમાં તેની ટ્રાયલ ચાલી રહી છે. આવી સ્થિતિમાં, માળખાને વિવાદિત જાહેર કરવાનું કોઈ વાજબી કારણ નથી, કારણ કે તેનાથી મૂળ દાવા પર પ્રભાવ પડશે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે મૂળ દાવો આ સાથે જોડાયેલો હોવાથી વિવાદિત માળખા પર હાલ કોઈ નિર્ણય આપી શકાય નહીં.

મુસ્લિમ પક્ષે આ માંગનો વિરોધ કરતા તેને સંપૂર્ણપણે ખોટી ગણાવી હતી. તેમણે દલીલ કરી હતી કે આ ૪૦૦ વર્ષથી શાહી ઈદગાહ છે, તેથી તેને વિવાદિત માળખું જાહેર કરવાની માંગને કડક સજા સાથે ફગાવી દેવી જોઈએ.આ નિર્ણય બાદ, હિન્દુ પક્ષના વકીલ મહેન્દ્ર પ્રતાપે જણાવ્યું છે કે તેઓ આ કેસને સુપ્રીમ કોર્ટમાં લઈ જશે. આ અરજી ઉપરાંત, હિન્દુ પક્ષની અન્ય ૧૮ અરજીઓ પર પણ હાઈકોર્ટમાં અલગથી સુનાવણી ચાલી રહી છે.

### શું છે સમગ્ર મામલો?

આખો વિવાદ ભગવાન શ્રીકૃષ્ણની જન્મભૂમિ અને શાહી ઈદગાહ મસ્જિદ વચ્ચેની જમીનનો છે. કુલ ૧૩.૩૭ એકર જમીનમાંથી લગભગ ૧૧ એકર જમીન પર શ્રીકૃષ્ણ જન્મભૂમિ મંદિર છે, જ્યારે બાકીની જમીન પર શાહી ઈદગાહ મસ્જિદ હોવાનો દાવો કરાય છે. હિન્દુ પક્ષનું કહેવું છે કે, ૧૩.૩૭ એકર જમીન ભગવાન શ્રીકૃષ્ણની જન્મભૂમિનો ભાગ છે અને ઈદગાહ મસ્જિદ તેનું અતિક્રમણ કરીને બનાવવામાં આવી છે. તેઓ દાવો કરે છે કે આ સ્થળે પહેલા એક પ્રાચીન મંદિર હતું. બીજી તરફ, મુસ્લિમ પક્ષ આ વાતનો ઈનકાર કરે છે અને દાવો કરે છે કે ઈદગાહ મસ્જિદ ઐતિહાસિક રીતે આ જમીન પર આવેલી છે અને તેની માલિકી કાયદેસર છે. આ વિવાદ ઘણા સમયથી ચાલી રહ્યો છે અને અલ્હાબાદ હાઈકોર્ટમાં હિન્દુ પક્ષની ૧૮ થી વધુ અન્ય અરજીઓ પર અલગથી સુનાવણી ચાલુ છે.

### ઇલોન મસ્કને મોટો ઝટકો લાગ્યો : હવે ટેક્સ અને ખર્ચમાં કાપ મૂકાશે

# ટ્રમ્પનું 'બિગ બ્યૂટિફૂલ બિલ' US સંસદમાં પસાર

### ટ્રમ્પના બિલના સમર્થનમાં ૨૧૮, જ્યારે વિરુદ્ધમાં ૨૧૪ સભ્યે મતદાન કર્યું

વોશિંગ્ટન, તા.૪

યુએસના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કરવેરા અને ખર્ચમાં ઘટાડો કરવાના પ્રસ્તાવિત બિગ બ્યૂટિફુલ બિલને ગુરુવારે યુએસ સંસદના નીચલા ગૃહ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. બિલના સમર્થનમાં ૨૧૮ લોકોએ મતદાન કર્યું હતું, જ્યારે તેની વિરુદ્ધમાં ૨૧૪ લોકોએ મતદાન કર્યું હતું.

વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે ટ્રમ્પ શુક્રવારે સાંજે ૫ વાગ્યે અમેરિકાના સ્વતંત્રતા દિવસ ૪ જુલાઈ પર એક મોટા અને ભવ્ય સમારોહમાં આ બિલ પર હસ્તાક્ષર કરશે. બિલ બે દિવસ પહેલા જ અમેરિકન સંસદના ઉપલા ગૃહ, સેનેટમાં ૫૦-૫૧ના નાના માર્જિનથી પસાર થયું હતું, જેમાં ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે નિર્ણાયક મત આપ્યો




હતો. બિલ અંગે ડોનાલ્ડ ટ્રમ્પ અને ટેક દિગ્ગજ ઈલોન મસ્ક વચ્ચે તીખાં નિવેદનોનો દોર જોવા મળ્યો છે. ઈલોન મસ્કે શનિવારે ફરી એકવાર ટ્રમ્પના બિગ બ્યૂટિફુલ બિલની સખત ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, ટ્રમ્પનું આ બિલ અમેરિકામાં લાખો નોકરીઓ ખતમ કરશે અને આપણા દેશને મોટું વ્યૂહાત્મક નુકસાન પહોંચાડશે. જે સંપૂર્ણપણે ગાંડપણ અને વિનાશક છે. કાયદો જૂના ઉદ્યોગોને રાહત આપે છે, પરંતુ ભવિષ્યના ઉદ્યોગોનો નાશ કરશે. આ બિલને લઈને ગયા મહિને ટ્રમ્પ વહીવટમાંથી મસ્કે રાજીનામું પણ આપ્યું હતું. મસ્કના ટ્વીટ પછી ટ્રમ્પે વળતો પ્રહાર કરતા કહ્યું હતું કે, જો મસ્કને અપાતી સબસિડી બંધ કરાય તો તેમણે પોતાની દુકાન (કંપની) બંધ કરીને દક્ષિણ આફ્રિકા પાછા ફરવું પડશે. ટ્રમ્પે દાવો કર્યો કે સબસિડી બંધ થવાથી, મસ્ક ન તો ટેસ્લા ઈલેક્ટ્રિક કારનું ઉત્પાદન કરી શકશે અને ન તો સ્પેસએક્સના રોકેટ અને ઉપગ્રહો લોન્ચ કરી શકશે. ટ્રમ્પે દાવો કર્યો કે, મસ્કને સરકારી સબસિડીના રૂપમાં બીજા કરતાં વધુ પૈસા મળ્યા છે. ડીઓજીઈએ આ બાબતની વિગતવાર તપાસ કરવી જોઈએ જેથી દેશના પૈસા બચી શકે, તેવુ સૂચન પણ ટ્રમ્પ દ્વારા કરાયું છે.

## ફ્રન્ટ પેજ સ્ટોરી

### માઈક્રોસોફ્ટે પાક.માંથી કારોબાર સમેટી લીધો

નવી દિલ્હી : દિગ્ગજ ટેક કંપની માઈક્રોસોફ્ટે પાકિસ્તાનમાંથી પોતાનો કારોબાર સમેટી લીધો છે. માઈક્રોસોફ્ટે ૭ માર્ચ ૨,૦૦૦ના પાકિસ્તામાં પોતાનો કારોબાર શરૂ કર્યો હતો. ૩ જુલાઈ ૨૦૨૫ના રોજ તેના સંચાલનને પૂરી રીતે બંધ કરી દીધો છે. ૨૫ વર્ષોમાં જ કંપનીને પાકિસ્તાનથી મોહભંગ થઈ ગયો છે. આ મહત્વપૂર્ણ નિર્ણય પર માઈક્રોસોફ્ટ તરફથી હજુ સુધી કોઈ નિવેદન આવ્યુ નથી. કંપનીના પૂર્વ કર્મચારી જાવ્વાદ રહેમાને જાણકારી આપી છે કે, માઈક્રોસોફ્ટે પાકિસ્તાનથી પોતાનો બિઝનેસ સમેટી લીધો છે. રહેમાન ૨૦૦૦થી ૨૦૦૭ સુધી કંપની સાથે જોડાયેલા રહ્યા હતા.એક્સપર્ટ્સનું કહેવું છે કે, માઈક્રોસોફ્ટે રાજનૈતિક અસ્થિરતા અને આર્થિક અનિશ્ચિતતાને જોતા પાકિસ્તાન છોડવું જ યોગ્ય સમજ્યું હતું.

### તાલિબાન સરકારને રશિયાએ માન્યતા આપી

નવી દિલ્હી : રશિયાએ અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારને ઔપચારિક રીતે માન્યતા આપવાની જાહેરાત કરી છે. રશિયન ફેડરેશનના રાજદૂત દિમિત્રી ઝિર્નોવ વિદેશમંત્રી મૌલવી અમીર ખાન મુત્તાકીને મળ્યા. બેઠક દરમિયાન, રશિયન ફેડરેશનના રાજદૂતે અફઘાનિસ્તાનના ઈસ્લામિક અમીરાતને માન્યતા આપવાના તેમની સરકારના નિર્ણય વિશે સત્તાવાર રીતે માહિતી આપી. બેઠકમાં, ઝિર્નોવે ઔપચારિક રીતે માહિતી આપી કે રશિયન સરકારે અફઘાનિસ્તાનના 'ઈસ્લામિક અમીરાત' ને માન્યતા આપવાનો નિર્ણય લીધો છે.રશિયન વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, 'અમારું માનવું છે કે અફઘાનિસ્તાનના ઈસ્લામિક અમીરાતની સરકારને સત્તાવાર માન્યતા આપવાથી અમારા દેશો વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં ઉત્પાદક દ્વિપક્ષીય સહયોગના વિકાસને પ્રોત્સાહન મળશે.

### ફિક્કીના કાર્યક્રમમાં લે.જનરલ રાહુલ સિંહે કહ્યું- પાકિસ્તાન ફ્રન્ટલાઇન પર હતું ને ચીન પાછળ

# ચીન ભારતની તૈયારીઓનો લાઈવ ડેટા પાક.ને લીક કરી રહ્યું હતું : ડે. આર્મી ચીફ

નવી દિલ્હી, તા.૪

ભારતીય સેનાના ડેપ્યુટી આર્મી ચીફ લેફ્ટનન્ટ જનરલ રાહુલ આર સિંહે ઓપરેશન સિંદૂર વિશે મોટો ખુલાસો કર્યો છે. તેમણે દાવો કર્યો હતો કે ઓપરેશન સિંદૂર દરમિયાન, ચીન પાકિસ્તાનને ભારતની તૈયારીઓ અને ફ્રન્ટલાઈન પર અમારી તૈનાતી વિશે ઈનપુટ આપી રહ્યું હતું. આપણી પાસે સરહદ એક હતી, પરંતુ શત્રુ બે હતા અને વાસ્તવમાં ત્રણ હતા. પાકિસ્તાન સામે હતું અને ચીન પાછળથી તેને તમામ મદદ કરી રહ્યું હતું.

ફિક્કી દ્વારા આયોજિત 'ન્યૂ એજ મિલિટરી ટેક્નોલોજીસ' કાર્યક્રમમાં બોલતા તેમણે કહ્યું કે જ્યારે ડીજીએમઓ સ્તરની વાટાઘાટો ચાલી રહી હતી, ત્યારે પાકિસ્તાનને ચીન તરફથી અમારા મહત્વપૂર્ણ વેક્ટર્સનું લાઈવ અપડેટ મળી રહ્યું હતું. તેથી આ એક એવો ક્ષેત્ર છે જ્યાં આપણે ખરેખર વધુ અને ઝડપથી કામ કરવાની જરૂર છે.

વધુમાં તેમણે કહ્યું કે, પાકિસ્તાન ફ્રન્ટ લાઈન પર હતું અને ચીન તેને શક્ય તેટલી મદદ પૂરી પાડી રહ્યું હતું. તેમણે કહ્યું કે પાકિસ્તાનના ૮૧% લશ્કરી હાર્ડવેર ચીની છે. આ ઓપરેશનમાં, ચીને એક રીતે અન્ય શસ્ત્રો સામે તેના શસ્ત્રોનું પરીક્ષણ કર્યું. પાકિસ્તાન એક રીતે તેમના માટે પ્રયોગશાળાની જેમ ઉપલબ્ધ હતું. તુર્કીએ પણ આ પ્રકારની મદદ પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

તેમણે પોતાના સંબોધનમાં મજબૂત હવાઈ સંરક્ષણ પ્રણાલીની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. તેમણે કહ્યું કે ભવિષ્યમાં જો પાકિસ્તાન આપણા પર હુમલો કરશે, તો તે વસ્તીવાળા વિસ્તારોને નિશાન બનાવી શકે છે. આ વખતે સમગ્ર કામગીરી દરમિયાન હવાઈ સંરક્ષણ અને તેનું સંચાલન ઉત્તમ હતું, પરંતુ આ વખતે આપણે વસ્તીવાળા વિસ્તારોમાં હવાઈ સંરક્ષણ પર યોગ્ય ધ્યાન આપ્યું નથી, પરંતુ ભવિષ્યમાં આપણે તેના માટે તૈયાર રહેવું પડશે.

લેફ્ટનન્ટ જનરલ રાહુલ આર સિંહે ઓપરેશન સિંદૂરના પરિણામો વિશે પણ વાત કરી. તેમણે કહ્યું કે અમે તેમાંથી કેટલાક પાઠ શીખ્યા છીએ. તેમણે કહ્યું કે પાડોશી દેશમાં લક્ષ્યોનું આયોજન અને પસંદગી ઘણા ડેટા પર આધારિત હતી. તે ટેકનોલોજી અને માનવ બુદ્ધિનો ઉપયોગ કરીને એકત્રિત કરવામાં આવ્યું હતું. અમે પાકિસ્તાનમાં કુલ ૨૧ લક્ષ્યો નક્કી કર્યા હતા, જેને નિશાન બનાવવાના હતા. પછી સેનાની કાર્યવાહી પહેલાના છેલ્લા કલાકમાં, નક્કી કરવામાં આવ્યું હતું કે ૨૧ માંથી કયા નવ લક્ષ્યોને નિશાન બનાવવાના છે. ત્યારબાદ એક સારી રીતે વિચારીને નિર્ણય લેવામાં આવ્યો કે ત્રણેય સેનાઓએ આ અભિગમ અપનાવવો જોઈએ જેથી દુનિયાને સાચો સંદેશ આપી શકાય કે આપણે ખરેખર એક સંકલિત દળ છીએ. આ દરમિયાન, તેમણે પાકિસ્તાન સાથે યુદ્ધવિરામને એક વ્યૂહાત્મક પગલું ગણાવ્યું. તેમણે કહ્યું કે જ્યારે આપણે લશ્કરી લક્ષ્ય પર પહોંચીએ છીએ, ત્યારે આપણે તેને રોકવાનો પ્રયાસ કરવો જોઈએ. તેમણે કહ્યું કે યુદ્ધ શરૂ કરવું સહેલું છે પણ તેને નિયંત્રિત કરવું ખૂબ જ મુશ્કેલ છે. આવી સ્થિતિમાં, હું કહીશ કે પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામ બંધ કરવાનું આ ખૂબ જ શાનદાર પગલું હતું. તેમણે કહ્યું કે પાકિસ્તાનને ખ્યાલ આવી ગયો હતો કે જો સંઘર્ષ ચાલુ રહેશે તો ભારતનો મુક્કો તૈયાર છે અને તે વધુ ખરાબ પરિસ્થિતિમાં પહોંચી શકે છે, તેથી તેમણે યુદ્ધવિરામની માગ કરી હતી.



### ઓપરેશન સિંદૂર: ભારત ત્રણ શત્રુ સાથે લડી રહ્યું હતું

પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાનો બદલો લેવા માટે ભારતીય આર્મી ફોર્સે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પીઓકેમાં આતંકી ઠેકાણો પર હુમલો કર્યો હતો. હવે ભારતીય સૈન્યના વરિષ્ઠ અધિકારી લેફ્ટનન્ટ જનરલ રાહુલ સિંહે દાવો કર્યો છે કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત એક રીતે ત્રણ શત્રુ દેશો સાથે લડી રહ્યું હતું. ચીન પાકિસ્તાનને લાઈવ અપડેટ્સ આપી રહ્યું હતું. આ ઉપરાંત તુર્કીયે પણ તેની મદદ કરી રહ્યું હતું. આ રીતે ભારતીય સેના એક સરહદ પર ત્રણ શત્રુ દેશો સાથે લડી રહી હતી. ડેપ્યુટી આર્મી ચીફ રાહુલ સિંહે ફિક્કી દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું કે, ચીન પાકિસ્તાનને સંપૂર્ણ મદદ કરી રહ્યું હતું અને તેણે કોઈ કસર ન છોડી. પાકિસ્તાન પાસે જે હથિયારો છે તેમાંથી ૮૧% હથિયાર તો ચીનના જ છે. આ રીતે, ચીને અન્ય હથિયારો સામે પોતાના હથિયારોનું ટેસ્ટિંગ પણ કરી લીધું. ચીન માટે પોતાના હથિયારોના ટેસ્ટિંગના હેતુથી એક લાઈવ લેબ બની ગઈ. આવી જ રીતે તુર્કીયેએ પણ પાકિસ્તાનને પોતાની રીતે સંપૂર્ણ મદદ કરી. જ્યારે DGMO લેવલની ચર્ચા થઈ રહી હતી, ત્યારે પાકિસ્તાનને સંપૂર્ણ અપડેટ્સ ચીન તરફથી મળી રહ્યા હતા.

### ત્રિનિદાદ-ટોબેગોમાં ભારતીય સમૂદાયને સંબોધન

# એ સમય દૂર નથી, જ્યારે ભારતીય ચંદ્ર પર પહોંચશે : પીએમ મોદી

### ભારતનું પોતાનું અવકાશ મથક હશે

ટોબેગો, તા.૪

પીએમ મોદીએ આફ્રિકન દેશ ત્રિનિદાદ અને ટોબેગોમાં વસતા ભારતીય સમુદાયને સંબોધિત કર્યો હતો. તેમણે પોતાના ભાષણની શરૂઆત સિયારામ અને જય શ્રી રામના નારાથી કરી હતી. આ દરમિયાન તેમણે એનઆરઆઈને દેશની માટીની યાદ અપાવી. તેમણે તેમને અયોધ્યામાં શ્રી રામ મંદિરના નિર્માણ, સરયુ નદીના ગર્જના પ્રવાહ અને મહાકુંભના મહિમા વિશે પણ વાકેફ કર્યા. તેમણે ભારતની વિકાસગાથા પણ વર્ણવી જે વિશ્વની ચોથી અર્થવ્યવસ્થા બની છે. આ દરમિયાન, વડાપ્રધાન મોદીએ એનઆરઆઈને તેમના દાદા અને માતૃપક્ષની યાદોને યાદ કરવા અને દેશની માટી જોવા માટે ભારત આવવાનું આમંત્રણ પણ આપ્યું.

'હું હમણાં જ આ સુંદર ભૂમિ પર પહોંચ્યો છું, જ્યાં પક્ષીઓનો કિલકિલાટ સંભળાય છે... અને મારો પહેલો વાર્તાલાપ અહીંના ભારતીય સમુદાય સાથે હતો. તે ખૂબ જ સ્વાભાવિક લાગે છે, કારણ કે અમે એક જ પરિવારનો ભાગ છીએ. ત્રિનિદાદ અને ટોબેગોમાં ભારતીય સમુદાયની યાત્રા હિંમતથી ભરેલી છે. તમારા પૂર્વજોએ જે પરિસ્થિતિઓનો સામનો કર્યો હતો તેનાથી સૌથી મજબૂત આત્મા પણ તૂટી ગયો હોત, પરંતુ તેઓએ આશા સાથે મુશ્કેલીઓનો સામનો કર્યો. તેઓએ સમસ્યાઓનો હિંમતથી સામનો કર્યો.



તેઓ ગંગા અને યમુના છોડી ગયા, પરંતુ રામાયણને તેમના હૃદયમાં લઈ ગયા. તેઓએ તેમની માટી છોડી દીધી, પણ મીઠું નહીં. તેઓ ફક્ત સ્થળાંતર કરનારા નહોતા; તેઓ એક શાશ્વત સભ્યતાના સંદેશવાહક હતા. તેમના યોગદાનથી આ દેશને સાંસ્કૃતિક, આર્થિક અને આધ્યાત્મિક રીતે ફાયદો થયો છે.

પીએમ મોદીએ કહ્યું, 'મેં છેલ્લી મુલાકાત લીધી તેને ૨૫ વર્ષ થઈ ગયા છે. બનારસ, પટના, કોલકાતા અને દિલ્હી ભલે ભારતીય શહેરો હોય, પરંતુ અહીંની શેરીઓના નામ પણ તેમના નામ પરથી રાખવામાં આવ્યા છે. નવરાત્રિ, મહાશિવરાત્રી અને જન્માષ્ટમી અહીં આનંદ, ઉલ્લાસથી ઉજવવામાં આવે છે. ચોતાલ અને ભીતક ગણ અહીં ખીલે છે. હું અહીં ઘણા પરિચિત ચહેરાઓની હૂંફ જોઈ શકું છું. હું યુવા પેઢીની તેજસ્વી આંખોમાં જિજ્ઞાસા જોઈ શકું છું, જેઓ એકબીજાને જાણવા અને સાથે વધવા માટે ઉત્સુક છે.

### દંપતી અઝૂસ્પર્મિયા નામની દુર્લભ પરિસ્થિતિથી પીડાતું હતું

# અઢાર વર્ષે AIની મદદથી IVF થકી ગર્ભવતી બની, બાળકને જન્મ આપ્યો

### અનેક વખત તબીબોની સલાહ લીધી, પણ સફળ થયાં ન હતાં

ન્યુ યોર્ક, તા.૪

છેલ્લા ૧૮ વર્ષથી સંતાનપ્રાપ્તિ માટે પ્રયત્નશીલ એક દંપતીએ આખરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી બાળકને જન્મ આપી સફળતા મેળવી છે. અનેકવાર ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન અને દુનિયાભરના ડોકટરોની સલાહ છતાં નિષ્ફળ રહેલા આ દંપતીને અઝૂસ્પર્મિયા નામની એક દુર્લભ પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો હતો, જેમાં પુરુષમાં સ્પર્મ કાઉન્ટ અત્યંત ઓછો હોય છે.

નિરાશ દંપતીએ અંતે કોલમ્બિયા યુનિ.ના ફર્ટિલિટી સેન્ટરનો સંપર્ક કર્યો. અહીંના ડોકટરોએ નવીન 'સ્પર્મ ટ્રૅકિંગ એન્ડ રિકવરી મેથડ'નો ઉપયોગ કર્યો, જેમાં એઆઈ ટેક્નોલોજીનો સમાવેશ



થાય છે. આ ટેક્નોલોજી અઝૂસ્પર્મિયાથી પીડિત પુરુષોમાં છુપાયેલા સ્પર્મને શોધવાનું કાર્ય કરે છે. સ્પર્મ શોધી અને રિકવર કર્યા બાદ તેના સેમ્પલને એઆઈ સિસ્ટમ દ્વારા ફર્ટિલિટી સેન્ટર દ્વારા વિશ્લેષિત કરવામાં આવ્યા હતા. આ પ્રક્રિયામાં ત્રણ સ્પર્મ શોધી કાઢવામાં આવ્યા હતા. આ સ્પર્મનો ઉપયોગ આઈવીએફ દ્વારા પત્નીના ઈંડાને ફર્ટિલાઈઝ કરવા માટે થયો, જેના પરિણામે મહિલા ગર્ભવતી થઈ હતી.

'સ્પર્મ ટ્રૅકિંગ એન્ડ રિકવર સિસ્ટમ'ને હાઈ-સ્પીડ કેમેરાવાળા માઈક્રોસ્કોપ સાથે કનેક્ટ કરવામાં આવે છે. તેમાં એડવાન્સ ઈમેજિંગ સિસ્ટમ સીમેન સેમ્પલને સ્કેન કરે છે. આ માટે એક ખાસ ચીપ બનાવવામાં આવી છે, જેના પર સેમ્પલ મૂકીને માઈક્રોસ્કોપ દ્વારા સ્કેન કરવામાં આવે છે. એક કલાકની અંદર ૮૦ લાખ ફોટા ક્લિક કરવામાં આવે છે, જેની મદદથી 'સ્પર્મ સેલ'ને શોધવામાં આવે છે. એકવાર ઓળખાઈ ગયા બાદ તેને અલગ કરી 'રિકવર સેલ' કહેવામાં આવે છે.

### UNમાં રજૂ રિપોર્ટથી ખળભળાટ

# માઈક્રોસોફ્ટ, ગૂગલ જેવી ૪૮ કંપની ગાઝાના નરસંહારમાં ભાગીદાર બની

### UNના દૂતની કંપનીઓને બિઝનેસ બંધ કરવા અપીલ

ગાઝા, તા.૪

પેલેસ્ટાઈનમાં માનવાધિકારોની સ્થિતિ પર કામ કરતા યુનાઈટેડ નેશન્સના વિશેષ દૂત ફ્રાન્સેસ્કા અલ્બેનીઝ ડઝનથી વધુ કંપનીઓને ઈઝરાયલ સાથે બિઝનેસ બંધ કરવા આહ્વાન કર્યું છે. અલ્બાનીઝે યુએન માનવાધિકાર પરિષદનો એક રિપોર્ટ રજૂ કરતાં કહ્યું છે કે, જે મલ્ટીનેશનલ કંપનીઓ ઈઝરાયલ સાથે બિઝનેસ કરી રહી છે. જેનાથી ગાઝા અને ઈઝરાયલના કબજા હેઠળના વેસ્ટ બેંકમાં યુદ્ધ અપરાધોમાં સંડોવણીનું જોખમ વધ્યું છે. આ નરસંહારની અર્થવ્યવસ્થા છે. જેનાથી ગાઝા નવા હથિયારો અને ટેક્નોલોજી માટે ટેસ્ટિંગ ગ્રાઉન્ડ બની ગયું છે. રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે, હથિયાર બનાવતી અને ટેક્નોલોજી કંપનીઓને ઈઝરાયલે ટેસ્ટિંગ ગ્રાઉન્ડ બનાવ્યું છે. રોકાણકારો, ખાનગી અને જાહેર સંસ્થાઓ અઢળક કમાણી કરી રહી છે. ગાઝા પટ્ટી પર ઈઝરાયલના ચાલુ હુમલાનો હવાલો આપતાં જણાવ્યું હતું કે, કંપનીઓ હવે કેવળ કબજામાં જ યોગદાન નથી આપી રહી પરંતુ નરસંહાર અર્થવ્યવસ્થામાં સામેલ પણ થઈ શકે છે. અલ્બાનીઝ દ્વારા રજૂ રિપોર્ટમાં ૪૮ કંપનીઓનો ઉલ્લેખ છે. જે ગાઝામાં નરસંહારમાં મદદ કરી રહી છે. જેમાં અમેરિકાની દિગ્ગજ ટેક કંપની માઈક્રોસોફ્ટ, ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટ ઈંક અને એમેઝોન જેવી કંપનીઓ સામેલ છે.

### રૂ.૧૦,૦૦૦ કરોડના રોકાણ સાથે સ્પેસ સેન્ટર બનાવાશે

# ગુજરાતમાં દીવ અને વેરાવળ વચ્ચે ઈસરોનું સ્પેસ સેન્ટર આકાર લેશે

### કેન્દ્ર-રાજ્ય સરકારના સહયોગથી PPP મોડેલ પર વિકસાવાશે

નવી દિલ્હી, તા.૪

ગુજરાત અવકાશ મિશન નીતિ મોટા આર્થિક અને તકનીકી લાભો પ્રદાન કરશે. એક્વોટરની ગુજરાતની નિકટતા અવકાશ પ્રક્ષેપણમાં ક્રાંતિકારીને વેગ આપશે. ઈસરોનો ૭૦ ટકા કાર્યક્રમ હવે સંદેશાવ્યવહાર, નેવિગેશન અને રિમોટ સેન્સિંગ પર કેન્દ્રિત છે. ચંદ્રયાન-૫, મુખ્ય-પર-મુખ્ય ગગનયાન અને શુક્ર ઓર્બિટ મિશન ૨૦૨૯ સુધીમાં પૂર્ણ થશે.ઈસરો શ્રીહરિકોટા પછી ગુજરાતમાં દેશનું બીજું સૌથી મોટું અવકાશ મથક બનાવવા જઈ રહ્યું છે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટેની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. CNBC-Awaaz એ આ મુદ્દે ISRO ના ડિરેક્ટર સાથે વિશિષ્ટ વાતચીત કરી છે. આ વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે, દેશનું બીજું સૌથી મોટું સ્પેસ સેન્ટર ગુજરાતમાં રૂ.૧૦,૦૦૦ કરોડના રોકાણ સાથે બનાવવામાં આવશે.




ગુજરાત અવકાશ મથક કેન્દ્ર-રાજ્ય સહયોગી પહેલ હેઠળ PPP મોડેલ પર વિકસાવવામાં આવશે. આ હાઈ-ટેક સ્પેસ સ્ટેશન દીવ અને વેરાવળ વચ્ચે બનાવવામાં આવશે. SALV-PSLV અહીંથી લોન્ચ કરાશે.ભારતીય અવકાશ સંશોધન સંગઠનનું મુખ્ય રોકેટ લોન્ચ પેડ આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં સતીશ ધવન અવકાશ કેન્દ્રમાં છે. અહીંથી જ ભારતે અત્યાર સુધીમાં ઘણા ઐતિહાસિક મિશન લોન્ચ કર્યા છે. PSLV અને GSLV જેવા રોકેટની મદદથી, દેશ અને વિશ્વના ઘણા ઉપગ્રહોને આ કેન્દ્રથી અવકાશમાં મોકલવામાં આવ્યા છે.

ઓડિટમાં ક્વેરી નહીં કાઢવા લાંચ માટે આરોપીઓએ ગોઠવણ કરી હતી

# ચકચારી લાંચ પ્રકરણમાં ઝડપાયેલા પ્રા. શાળાના બે આચાર્યને સસ્પેન્ડ કરાયા

## ડભોઈ તાલુકાના તમામ ગ્રૂપ આચાર્યને શાળાદીઠ બે હજાર ચૂકવવા જાણ કરાઈ હતી

વડોદરા, તા. ૨

ડભોઈ તાલુકામાં આવેલી પ્રાથમિક શાળાઓમાં થયેલા ઓડિટમાં ક્વેરી નહી કાઢવા માટે સરકારી ઓડિટર દ્વારા કરાયેલી લાંચની રકમ પ્રરણમાં ઝડપાયેલા બે આચાર્યને સસ્પેન્ડ કરાયા હતા.

ડભોઈ તાલુકામાં કુલ ૨૦ ગૃપ પ્રાથમિક શાળાઓ આવેલી છે અને આ શાળાઓનું વર્ષ ૨૦૨૧-૨૨નું ઓડિટ સરકારી ઓડિટર જયશ્રીબેે સોલંકી દ્વારા મે-૨૦૨૫માં કરવામાં આવ્યું હતું. આ ઓડિટમાં કોઈ ક્વેરી નહી કાઢવા માટે વસઈ પ્રાથમિક શાળાના આચાર્ય ઘનશ્યામભાઈ પટેલે એક ગૃપ શાળાના રૂા.૨ હજાર પ્રમાણે ૨૦ ગૃપ શાળાઓ માટે ઓડિટરને ૪૦ હજાર આપવા માટે ડભોઇ તાલુકાના તમામ ગૃ ૫ આચાર્યોને શાળા દિઠ બે હજાર ચુકવવાની વોટ્સએપ ગ્રુપમાં જાણ કરી હતી. દરમિયાન એક આચાર્ય લાંચ પેટે બે હજાર આપવા માંગતા ન હોઈ તેમણે એસીબીમાં ફરીયાદ કરતાં એસીબી દ્વારા ડભોઈ તાલુકા પ્રાથમિક શિક્ષકોની સહકારી સરાફી મંડળીની કચેરીમાં છટકું ગોઠવ્યું હતું. ગૃપ આચાર્ય ઘનશ્યામ પટેલ,મહેન્દ્રસિંહ ગણપતસિંહ સોલંકી (રહે.ખૂંધિયાપુરા પ્રા. શાળા આચાર્ય) નિવૃત્ત શિક્ષક બુધ્ધિસાગર પટેલ તેમજ નિવૃત્ત શિક્ષક મુકુંદભાઈ ચૌહાણને એસીબીએ રંગે હાથ ઝડપી પાડયા હતાં.

જિ.પ્રા.શિક્ષણાધિકારી મુકેશ પાંડેએ કહ્યું હતુ કે, લાંચ લેતા ઝડપાયેલા બન્ને આચાર્યને તાત્કાલિક અસર થી સસ્પેન્ડ કરી દેવાયા છે.

### એસીબીના છટકા બાદ લાંચ પ્રકરણમાં મહિલા ઑડિટર હજુ પણ ફરાર

એસીબીના સ્ટાફે ડભોઈમાં આવેલી ડભોઇ તાલુકા પ્રાથમિક શિક્ષકોની સહકારી સરાફી મંડળીની કચેરીમાં છટકું ગોઠવ્યું હતું. ફરિયાદ કરનાર ગૃપ આચાર્યએ છટકા મુજબ ૨ હજાર લાંચની રકમ ઘનશ્યામભાઈ પટેલને આપી હતી અને ઘનશ્યામભાઈએ આ રકમ ઓફિસમાં બેસેલ નિવૃત્ત શિક્ષક બુધ્ધિસાગર સોમાભાઈ પટેલને આપી હતી. બાદમાં બુધ્ધિસાગરે લાંચના પૈસા મહેન્દ્રસિંહ ગણપતસિંહ સોલંકી (રહે.ખૂંધિયાપુરા પ્રાથમિક શાળા આચાર્ય)ને આપ્યા બાદ તેમણે નિવૃત્ત શિક્ષક મુકુંદભાઈ બાબુભાઈ ચૌહાણને આપ્યા હતાં. બાબુભાઈએ લાંચની આ રકમ અન્ય આચાર્યો દ્વારા આવેલા રૂા. ૧૪ હજારની સાથે એક ચિઠ્ઠીમાં લખી તેને ગડી વાળી પોતાની પાસે રાખ્યાં હતા. તેની સાથે જ એસીબીએ દરોડો પાડી ચારેયને રંગે હાથ ઝડપી પાડયા હતાં. દરમિયાન ઘનશ્યામભાઈએ ઓડિટર જયશ્રીબેન સોલંકીને ફોન કરી પૈસા આવી ગયા છે તેમ કહ્યું હતું. જોકે, મહિલા ઓડિટર હજુ ફરાર છે. એસીબીએ મહિલા ઓડિટરના ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.


### વડોદરા જિલ્લા-શહેરના બે પીએસઆઈને બે પીઆઈ બનાવાયા

વડોદરા, તા.૪

વડોદરા જિલ્લા અને શહેરના બે પીએસઆઈને બે પીઆઈ તરીકે પ્રમોશ મળતાં શહેર અને જિલ્લા પોલીસ આલમમાં ખુશીની લહેર વ્યાપી છે.

પ્રમોશન પામેલા અધિકારીઓમાં વિરમ ગોવિંદ ભાઈ લાંબરીયા ( હાલ ફરજ વડોદરા ગ્રામ્ય) અને ભાવેશ કુમાર મુકેશકુમાર પરમાર ( હાલ ફરજ,વડોદરા શહેર)નો સમાવેશ થાય છે. અગાઉ વરણામા પોલીસ વિસ્તારમાં બ્લેકમેઈલીંગમાં સંડોવાયેલી ટોળકીએ ડી-સ્ટાફ સામે ઉચ્ચ પોલીસ અધિકારી સમક્ષ ફરિયાદ કરી હતી.જેના આધારે વરણામા પીએસઆઈ સામે તપાસ થતાં વી.જી.લાંબરીયાનું પ્રમોશન અટવાઈ પડયું હતું.જો તે પછી જિલ્લા પોલીસ તંત્રમાં ફ્લો સ્કવોડમાં વી.જી.લાંબરીયાએ અસરકારક કામગીરી કરી હતી.વિવિધ ગુનામાં વરસોથી વોન્ટેડ અનેક ગુનેગારોને લાંબરીયાના નેજા હેઠળના ફ્લો સ્કવોડે જેલ ભેગા કર્યા હતા.

### મંગળવારથી જયા પાર્વતી - ગૌરી વ્રતનો પ્રારંભ



ધર્મ અને ઉત્સવ પ્રિય નગરી વડોદરામાં અષાઢ સુદ અગિયારસ એટલે કે તારીખ છઠ્ઠી ના રવિવારના રોજ દેવપોઢી અગિયારસ થી તહેવારોનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે અષાઢ સુદ અગિયારસના દિવસે વડોદરા શહેરમાં વર્ષોની પરંપરાગત મુજબ ૨૧૬ મો ભગવાન વિઠ્ઠલનાથજી નો વરઘોડો શહેરના રાજમાર્ગ ઉપર નીકળશે તે બાદ તારીખ ૮મી નાં મંગળવારથી જયા પાર્વતી તથા ગૌરી વ્રતનો પ્રારંભ પર થશે. ત્યારે ગૌરીવ્રતના પૂજાનાં સામાનની ખરીદી કરવા માટે બજારમાં મહિલાઓ અને યુવતીઓની પૂજા સામગ્રીની દુકાનોમાં ભીડ જોવા મળી રહી છે. જોકે હવે બજારોમાં તૈયાર પાંચ ધાન્ય ની ગોર ની છાબડીઓ મળતી હોવાથી તેની ખરીદી માટે પણ મહિલાઓની ભીડ જોવા મળી હતી.

બે વર્ષ પૂર્વે બનેલા કરોડોના ખર્ચે રસ્તો બનાવવામાં આવ્યો હતો

# નારેશ્વર-પાલેજ રોડ પર ઠેર-ઠેર ખાડા પડતાં વાહનચાલકોને મુશ્કેલી

## વરસાદમાં પાણી ભરાતાં ખાડા દેખાતા નથી, અકસ્માતનો ભય



વડોદરા, તા.૪

કરજણ તાલુકાના નારેશ્વર થી પાલેજ જતો રસ્તો ચોમાસાના પ્રારંભેજ મોટા ખાડા પડીને ખખડધજ થતાં ગ્રામજનોએ રોષની લાગણી સાથે તાત્કાલીક રીપેરીંગ કરવાની માગ કરી છે. બે વર્ષ પૂર્વેજ આ રસ્તો ૩૨ કરોડના ખર્ચે બનાવાયો છે. પરંતુ રસ્તા ઉપર મસમોટા ખાડા પડી જતાં ગ્રામજનોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર દ્વારા કરોડોના ખર્ચે સ્ટેટ તેમજ નેશનલ હાઈવે બનાવવામાં આવે છે. જોકે, જે પૈકીના કેટલાક રસ્તાઓ સામાન્ય વરસાદમાં ધોવાઈ જતાં કે ખાડાઓ પડી જતાં લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અને કેવી ગુણવત્તાવાળો રોડ બન્યો છે તેની સ્પષ્ટતા પણ થઈ જાય છે. ત્યારે નારેશ્વરથી પાલેજ સુધીનો ૧૯ કી.મી.નો રસ્તો બે વર્ષ પૂર્વે રૂા.૩૨ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો હતો. પરંતુ હજુ તો વરસાદની શરૂઆત થઈ છે. ત્યાં બે વર્ષ પૂર્વે બનેલા રોડ ઉપર ઠેર ઠેર બે થી ત્રણ ફૂટ લાંબા ખાડા પડી જતાં ગ્રામજનોને મુશ્કેલી પડી રહી છે.

ગ્રામજનોએ કહ્યું હતુ કે, અહીથી રેતી ભરેલા ડમ્પરો સહિત ભારદારી વાહનો પસાર થાય છે. પરંતુ રસ્તે ઉપર ઠેર ઠેર ખાડા પડી ગયા છે. ત્યારે કોન્ટ્રાક્ટર પાસે રીપેરીંગ કરાવવું જોઈએ તેવી માંગ કરી હતી.

૬ જુલાઈએ વિસર્જન પૂર્ણ થાય ત્યાં સુધી અમલ

# શહેરમાં મોહરમને લઈને ટ્રાફિક વ્યવસ્થા અંગે પોલીસનું જાહેરનામું

વડોદરા, તા. ૪

વડોદરામાં તા. ૫ જુલાઈના રોજ રાત્રે ૮ વાગ્યાથી શહાદત-કતલની રાત ઈશાની નમાજ બાદ, વિવિધ વિસ્તારોમાં તાજીયા ઝુલુસ નિયત રૂટ પર ફરી, પરત ઈમામવાડામાં આવશે. ત્યારબાદ, તા. ૬ જુલાઈના બપોરની નમાજ પછી, તાજીયાનું ઝુલુસ નિયત માર્ગો (સરસીયા તળાવ, બોરીયા તળાવ, બારે ઈમામ મસ્જિદ વગેરે) પર ધાર્મિક વિધિ સાથે વિસર્જન (ઠંડા) કરી મોહરમની સમાપ્તિ થશે.

પોલીસ મુજબ વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેમાં આગામી તા. ૬ જુલાઈના ૧૨ વાગ્યાથી ૨૪ કલાક સુધી અથવા ઝુલુસ અને તાજીયા વિસર્જન પૂર્ણ ન થાય ત્યાં સુધી ટ્રાફિક વ્યવસ્થા અંગે જાહેરનામું જારી કરવાની આવ્યું છે.

સંપૂર્ણપણે પ્રતિબંધિત રસ્તાઓ : ૧. પાણીગેટ દરવાજાથી માંડવી સુધી. ૨. નાની શાકમાર્કેટથી ચોખંડી ચાર રસ્તા, ગેંડીગેટ દરવાજા થઈ માંડવી સુધી. ૩. લહેરીપુરા દરવાજાથી માંડવી સુધી.

૪. કુંભારવાડા પોલીસ સ્ટેશન ત્રણ રસ્તાથી ફતેપુરા ચાર રસ્તા, અડાણીયાપુલ ચાર રસ્તા, ચાંપાનેર દરવાજા થઈ માંડવી સુધી. ૫. સલાટવાડા ત્રણ રસ્તાથી નાગરવાડા ચાર રસ્તા, કારેલીબાગ પોલીસ સ્ટેશન ચાર રસ્તા, ભુતડીઝાંપા, પાંજરીગર મહોલ્લા થઈ ફતેપુરા ચાર રસ્તા સુધી. ૬. અડાણીયાપુલ ચાર રસ્તાથી સરસીયા તળાવ થઈ ઠેકરનાથ સ્મશાન ત્રણ રસ્તા સુધી. એમ જાહેરનામામાં જણાવાયું છે.

દુબઈથી અમદાવાદ એરપોર્ટ પર પહોંચતાં તેને દબોચી લેવાયો

# વિદેશ મોકલવા ૨૭.૭૫ લાખ પડાવીને દુબઈ ફરાર આકાશ રાજપૂત ઝડપાયો

## આરોપી રાજપૂત વિરુદ્ધ સમા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી

વડોદરા, તા. ૪

દુબઈની વર્ક પરમીટ અપાવવાનું કહીને વિદેશવાંચ્છુંકો પાસેથી ૨૭.૭૫ લાખ રૂપિયા પડાવીને દુબઈ ફરાર થઈ ગયેલા વિઝા એજન્ટ અમદાવાદ એરપોર્ટ પર પરત ફરતા જ તેની સામે શહેર પોલીસે જાહેર કરેલી લુક આઉટ નોટિસના આધારે એરપોર્ટના ઈમીગ્રેશન વિભાગના અધિકારીએ તેની અટકાયત કરીને શહેર પોલીસને સોંપ્યો હતો.

શહેરના હરણીરોડ પર સ્વાદ ક્વાટર્સમાં રહેતા ૨૮ વર્ષીય આકાશ કમલેશ રાજપુતે ગત ૨૦૨૩માં સમા-સાવલીરોડ પર વિઝા કન્સલટન્સીની ઓફિસ શરૂ કરી હતી. તેણે દુબઈમાં વર્ક પરમીટ વિઝા અપાવવાની જાહેરાત કરી હતી જેને પગલે અનેક યુવકોએ તેનો સંપર્ક કર્યો હતો જેમાં તેની જાળમાં ફસાયેલા વિદેશવાંચ્છુંકો પાસેથી તેણે દુબઈમાં નોકરીની ખાત્રી આપીને ૨૭.૭૫ લાખ રૂપિયા ઉઘરાવી લીધા હતા અને ત્યારબાદ ઓફિસ બંધ કરીને તે ફરાર થયો હતો. આ બનાવની સમા પોલીસ મથકમાં ઠગાઈની ફરિયાદ નોંધાઈ હતી આકાશનો કોઈ પત્તો નહી લાગતાં તેની સામે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા લુક આઉટ નોટિસ ઈશ્યું કરી તે દેશના તમામ એરપોર્ટ પર મોકલાઈ હતી જેમાં તે દુબઈમાં ફરાર થયો હોવાની વિગતો સપાટી પર આવી હતી. બે વર્ષ સુધી ફરાર રહેલો આકાશ ગઈ કાલે દુબઈથી અમદાવાદ એરપોર્ટ પર આવ્યો હતો જેમાં તેની સામે એલઓસી ઈશ્યું કરાઈ હોવાની જાણ થતાં જ અમદાવાદના ઈમીગ્રેશન વિભાગના અધિકારીઓએ તેની અટકાયત કરી હતી અને તેની અત્રે ક્રાઈમ બ્રાન્ચને જાણ કરાઈ હતી.

આ જાણકારીના પગલે ક્રાઈમ બ્રાન્ચની ટીમે તુરંત અમદાવાદ એરપોર્ટ પર પહોંચીને આકાશ રાજપુતની ધરપકડ કરી હતી. અત્રે લવાયેલા આકાશને કોર્ટમાં રજુ કરી ક્રાઈમ બ્રાન્ચે તેના રિમાન્ડ મેળવી તેની પુછપરછ શરૂ કરી છે.

વિવિધ રાજ્યોમાં ચોરી કરી હાહાકાર મચાવતી

# કુખ્યાત કિહોરી ગેંગ શહેરમાં ધાપ મારે તે પહેલાં ઝડપી લેવાઈ

## બે આરોપીની ધરપકડથી ૨૩ ગુના ઉકેલાયા

વડોદરા, તા. ૪

રાજ્યભરમાં અનેક સ્થળોએ ઘરફોડ ચોરીઓ કરીને હાહાકાર મચાવનાર મધ્યપ્રદેશની કુખ્યાત કોહરી ગેંગ શહેરમાં કોઈ સ્થળે ધાપ મારે તે અગાઉ જ છાણી પોલીસે ગેંગના બે સભ્યોને ઝડપી પાડી તેઓની પાસેથી સુરત સહિત અન્ય શહેરના ચોરીના ૨૩ ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

ગુજરાત અને મધ્યપ્રદેશમાં અનેક સ્થળોએ ચોરીઓ કરીને હાહાકાર મચાવતી આંતરરાજ્ય કિહોરી ગેંગના સાગરીતો ૩૦ વર્ષીય કુશાલ રસન કિહોરી અને ૨૨ વર્ષીય પપ્પુ દૌલસીંગ કિહોરી (છાયણગામ, જાંબુઆ, મધ્યપ્રદેશ) શંકાસ્પદ ચોરીના સામાન સાથે શહેરના છાયાપુરી સ્ટેશનની બહાર આવવાના છે તેવી છાણી પોલીસને માહિતી મળી હતી.

ખુંખાર મનાતી કિહોરી ગેંગના સભ્યો શહેરમાં કોઈ સ્થળે ધાપ મારે તે પહેલા તેઓને ઝડપી પાડવા માટે છાણી પીઆઈ જે એન પરમાર સહિતના સ્ટાફે છાયાપુરી રેલવે સ્ટેશન પાસે વોચ ગોઠવી હતી અને ત્યાંથી પસાર થઈ રહેલા કુશાલ અને પપ્પુને ઝડપી પાડ્યા હતા. પોલીસે આ બંને આરોપીઓ પાસેથી ૧૫ હજારથી વધુની રોકડ તેમજ ચાંદીના દાગીના અને મોબાઈલ સહિત ૨૯ હજારથી વધુની મત્તા કબજે કરી હતી. આ બંને આરોપીઓ રીઢા તસ્કરો હોવાની અને તેઓ સુરત, નવસારી, દાહોદ, લીમડી અને ઝાલોદમાં ચોરીના ૨૩ ગુનાઓમાં વોન્ટેડ હોવાની વિગતો મળી હતી.

ઓનલાઈન ઠગાઈ કરતાં સાયબરમાફિયા ટોળકીએ

# શેરબજારમાં રોકાણના બહાને મહિલા કન્સલટન્ટ પાસેથી ૧.૪૯ કરોડ પડાવ્યા

## રોકાણની સામે ૧૨.૫૬ લાખનો પ્રોફિટ બતાવી વધુ ૨૦ લાખ માગ્યા

વડોદરા, તા. ૪

ગોત્રી રોડ પર નિલકંઠ એપાર્ટમેન્ટમાં રહેતા ૪૨ વર્ષીય તેજલબેન ગાંધીએ સાયબર ક્રાઈમ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે હું ભાગીદારીમાં ગોત્રી ખાતે શ્રીજી કન્સલન્ટન્ટ નામની ઓફિસ ધરાવું છું અને આઈટી રિર્ટન તેમજ એકાઉન્ટીંગ, ટીડીએસ અને જીએસટીનું કામ કરુ છું. ગત ૨૩-૦૫-૨૫ના રોજ મને અજાણ્યા નંબર પરથી વોટસએપ મેસેજ મળ્યો હતો જેમાં ૧૦૦થી વધુ મેમ્બર હતી અને એવી જાણ કરાઈ હતી કે ઝીરોધાના સ્પેશ્યલ ગેસ્ટ વિજયસિંહ સ્ટોક શેરીંગ ગ્રુપ શરૂ કરી શેર માર્કેટમાં કેવા પ્રકારના સ્ટોક લેવા જેથી સારો નફો મળે તેની રોજરોજ ટીપ્સ આપશે. આ વોટ્સએપ ગ્રુપમાં પ્રોફિસના સ્કીન શોર્ટ જોઈને મને પણ શેરમાર્કેટમાં ઈન્વેસ્ટ કરવાની ઈચ્છા થતાં મે વિજયસિંહને મેસેજ કરી તેની માટેના પ્રોસેસની માહિતી મેળવી હતી. તેઓના જણાવ્યા પ્રમાણે મે વેબસાઈટ પર આઈડી પાસવર્ડ બનાવીને એપમાં ૫૦ હજારનું રોકાણ કર્યું હતું જેની સામે મને ૧.૧૫ લાખનો પ્રોફિટ દર્શાવ્યો હતો.

મે ચેક કરવા તેમાંથી ૧ હજાર ઉપાડ્યા હતા અને ત્યારબાદ મને વિશ્વાસ આવતા મે અલગ અલગ વોટ્સગ્રુપમાં એડ કરી તેમાં આપેલા અલગ અલગ બેંક એકાઉન્ટમાં કુલ ૨૪ વખત ટ્રાન્જેકશન કરીને અત્યાર સુધી ૧,૪૯,૬૫,૦૦૦ રૂપિયા જમા કરાવ્યા હતા અને તેની સામે મને ૧૨.૫૬ કરોડથી વધુનો પ્રોફિટ દર્શાવ્યો હતો. મે આ પ્રોફીટમાંથી ૩૫ લાખ ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ નાણાં વીથ ડ્રો નહી થતાં મે કસ્ટમર સર્વિસમાં ફોન કર્યો હતો જેમાં ત્યાંથી મને એમ જણાવ્યું હતું કે તમારે આઈપીઓ ભરવાનો બાકી છે જેથી ૨૦ લાખ ભરવા પડશે અને મને તેની માટે નવો બેંક એકાઉન્ટ નંબર મોકલાયો હતો. જોકે ત્યારબાદ મને મારા નાણાં કે નફો પરત નહી આપી ટોળકીએ ઠગાઈ કરી છે.

મહિલાના પ્રેમી અને કોન્ટ્રાક્ટ કિલરે પતિને ઊંઘમાં ગળે છરી ફેરવી દીધી હતી

# પતિની હત્યાના ગુનામાં પત્નીને ૧૦ વર્ષ બાદ આજીવન સજામાંથી મુક્તિ

## આરોપી સામે પૂરતા કોઈ જ પુરાવા નહીં હોવાની હાઈકોર્ટની નોંધ

વડોદરા, તા.૪

૨૦૧૦માં વડોદરાની સેશન્સ કોર્ટમાં એક આરોપી પત્ની અને તેના નાસિકના પ્રેમી યોગેશ ગીતે સામે પતિ સુરેશની હત્યાનો કેસ દાખલ થયો હતો. કોર્ટે ૨૦૧૪માં ચુકાદો આપતા બંનેને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. કોર્ટે ચુકાદો આપતા ૨૦ સાહેદોની જુબાની અને ૨૪ પુરાવા ધ્યાને લીધા હતા. તેની સામે દોષી ઠરેલ પત્નીને ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરી હતી. હાઈકોર્ટે વડોદરા કોર્ટના અરજદાર સામેના હુકમને રદ કરતા આરોપી પત્નીને છોડવાનો હુકમ કર્યો હતો.

કેસને વિગતે જોતા, આરોપી પત્નીએ પોતાના નાસિક ખાતે રહેતા પ્રેમી યોગેશને મળીને પતિ સુરેશની હત્યા કરવાનો પ્લાન બનાવ્યો હતો. જેમાં એક કોન્ટ્રાક્ટ કિલરની ૩૦ હજાર રૂપિયામાં મદદ લેવાનું નક્કી કર્યું હતું. પ્લાન મુજબ મહિલા ઘરના રસોડાનો દરવાજો ખોલીને પોતાની દીકરી સાથે બેડરૂમમાં સૂઈ ગઈ હતી. મોડી રાત્રે આરોપી મહિલાનો પ્રેમી અને કોન્ટ્રાક્ટ કિલર ઘરમાં પ્રવેશ્યા હતા. તેઓએ રૂમમાં સૂતા મહિલાના પતિના ગળા ઉપર છરી ફેરવી દીધી હતી.

મોઢું ઓશિકાથી દાબી દીધું હતું. આખરે મહિલાના પતિનું મૃત્યુ નીપજ્યું હતું.આરોપી મહિલાનું કહેવું હતું કે, તેના પતિ રેલવેમાં નોકરી કરતા હતા. તેઓ પોતાની નોકરીથી માનસિક તણાવમાં રહેતા હતા. કોઈ બાબતે નોકરીમાં મૃતક ઉપર કેસ થયો હતો. તેઓ રાત્રે દારૂ પીને સૂઈ ગયા હતા. તેમણે લોહીની ઊલટીઓ થઈ અને તેઓ મૃત્યુ પામ્યા હતા. બની શકે તેમને ઝેરી દવા પીધી હોય. જો કે, મહિલાએ લોહી વાળું પોતાનું ગાઉન ધોયું હતું. પોલીસે મૃતકને મારવા ખરીદાયેલ હથિયારનું બિલ અને કોલ ડેટા રેકોર્ડ મેળવ્યા હતા.હાઈકોર્ટે આરોપી પત્ની સામે વડોદરાની કોર્ટના હુકમને રદ કર્યો હતો અને તેને જેલમાંથી છોડવા હુકમ કર્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે, મહિલા સામે પૂરતા પુરાવા નથી. કોલ ડેટા રેકર્ડમાં ૬૫Bનુ સર્ટિફિકેટ રજૂ કરાયું નથી.

પોલીસને ચકમો આપીને રાજસ્થાનથી આવેલી

# લકઝરી બસમાં દારૂનો જથ્થો ઘૂસાડવાના ષડ્યંત્રનો પર્દાફાશ

## રાજસ્થાની ત્રિપુટી પાસેથી બસ સહિત ૨૦.૧૯ લાખની મત્તા જપ્ત

વડોદરા, તા. ૪

શહેરના હાથીખાના ગેટ ત્રણ રસ્તાથી કારેલીબાગ તરફના રોડ પર તુલસીવાડી ચોકી પાસેના મેઈનરોડ પર ઉભેલી પવન ટ્રાવેલ્સની લકઝરી બસની ડીકીમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવીને અત્રે લવાયો હોવાની કુંભારવાડા પોલીસ મથકના હેકો ભગીરથસિંહ સુરુભા અને હેકો લાલજીભાઈને બાતમી મળી હતી. આ બાતમીના પગલે પોલીસે તુરંત ઉક્ત સ્થળે જઈ ત્યાં ઉભેલી લકઝરી બસના ડ્રાઈવર ઈશ્વર મોહનસિંહ રાવત (સભલ સાગર ગામ, ભીલવાડા, રાજસ્થાન), નારાયણ દેવીસીંગ રાવત (કહારી ઠીકરાવાસ, રામસમંદ, રાજસ્થાન) અને ક્લિનર શંકર લાદુસિંહ રાવત (સભલ સાગર ગામ, ભીલવાડા, રાજસ્થાન)ની અટકાયત કરી હતી.

પોલીસે તેઓના સાથે રાખી બસની ડિકીમાં તપાસ કરી હતી જેમાં બિયરના ૬૦૦ ટીન અને વિદેશી દારૂના ૪૨૨ ક્વાટરિયા મળી આવ્યા હતા. પોલીસને ચકમો આપીને વડોદરામાં લવાયેલા વિદેશી દારૂના જથ્થા અંગે ઉક્ત ત્રિપુટીએ જણાવ્યું હતું કે તેઓ કાસમઆલા વિસ્તારના રહીશોને છોડવા માટે અજમેરથી અત્રે આવ્યા હતા જયાં તેઓને લોકેશસીંગ નામની વ્યકિતએ આ દારૂનો જથ્થો ડિકીમાં ભરી આપ્યો હતો અને ગોલ્ડનચોકડી પાસે પહોંચ્યા બાદ બે નંબર આપ્યા હતા તેની પર ફોન કરવા જણાવ્યું હતું.

આ વિગતોના પગલે પોલીસે બંને ડ્રાઈવર અને ક્લિનરની ધરપકડ કરી તેઓની પાસેથી વિદેશી દારૂ બિયરનો જથ્થો તેમજ લકઝરી બસ, ત્રણ મોબાઈલ ફોન અને રોકડ સહિત કુલ૨૦,૧૯,૮૦૦ની મત્તા કબજે કરી હતી. પોલીસે ઉક્ત ત્રિપુટી તેમજ દારૂ મોકલનાર અને મંગાવનાર સામે ગુનો નોંધી ત્રિપુટીને આજે રિમાન્ડ માટે કોર્ટમાં રજુ કરી હતી. જોકે પોલીસની રિમાન્ડ અરજી નામંજુર થતાં ત્રિપુટીને જ્યુડીશ્યલ કસ્ટડી હેઠળ જેલભેગી કરવામાં આવી હતી.

તાંદલજા ખાતે ભાડાના મકાનમાં રહેતી

# બીજી પત્નીને તરછોડી પતિ પહેલી પત્ની સાથે રહેવા જતો રહ્યો

વડોદરા, તા. ૪

વડોદરા જીલ્લાના કરજણ ખાતે જલારામ નગરમાં રહેતા યાસ્મીની બેને પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે, મારા પહેલા લગ્ન આશરે ત્રીશેક વર્ષ અગાઉ સઈદ પટેલ સાથે ઈસ્લામિક શરિયતના રીતરિવાજ મુજબ થયા હતાં. પરંતુ અમારા પતિ પત્ની વચ્ચે મનમેળાપ ન હોય થોડા સમય પછી છુટાછેડા લઈ લીધા હતાં. હું મારા માતા પિતાના ઘરે જલારામ નગર ખાતે રહેતી હતી. તે દરમ્યાન ઈમ્તિયાજભાઈ અલ્લીભાઈ પરંતુ લગ્ન થયા બાદ મારા માતા તથા ભઆઈઓને ખબર પડતા તે મારા આ લગ્નથી ખુશ ન હતાં ઈમ્તિઝ મને સારી રીતે રાખતો હતો ત્યારબાદ મારા માતા સાથે અમારૂ સમાપાન થયુ હતું. હું મારા માતાની એક જ છોકરી હોવાથી મને સોનાના દર દાગીના આપેલા હા જે મારી માતાએ મારા માટે મારા નામથી ખરીદ કરેલ હતા. પરંતુ મારા પતિને પૈસાની જરૂરીયાત હોય જેથી મારો સોનાનો સેટ મારા પતિએ ફાઈનાન્સમાં ગીરો મુકી લોન લીધેલ હતી. ત્યારબાદ મારા પતિએ મારી સાથે અવાર નવાર ઝઘડો કરવાનું સરૂ કર્યુ હતું. મારા પિતાની ભરૂચ ખાતેની જમીન વેચી દહેજ પેટે પૈસા લાવવા માટે મારા પતિ માંગણી કરતા હતાં. જેથી આ જમીન મારા પિતાજીની હોય જેથી મે મારા પતિને તે બાબતે ના પાડતા મારા પતિ મને શારિરીક માનસિક ત્રાસ આપતા હતાં. ત્યારબાદ મારા પતિ તેમની પહેલી પત્ની ફરિદા પાસે જતા રહ્યા હતા અને મારા ઘરે આવતા બંધ કરી દેતા મારે ફરિયાદ કરવાની ફરજ પડી છે.

કપૂરાઈ બ્રિજના સર્વિસ રોડ પર બનેલી ઘટના

# ટેલરની પાછળ છોટા હાથી ટેમ્પો ઘૂસી જતાં ટેમ્પોચાલકનું મોત

## ચાલકના મૃતદેહને બહાર કાઢી પીએમ માટે મોકલાયો



વડોદરા, તા.૪

વડોદરા શહેર નજીક આવેલ કપુરાઈ બ્રિજ ના સર્વિસ રોડ ઉપર ઉભેલા ટેલર ની પાછળ છોટા હાથી ટેમ્પો ઘુસી જતા ટેમ્પા ચાલકને ગંભીર ઈજાઓ થવાથી તેનું ઘટના સ્થળે જ મોત નીપજયું હતું. અકસ્માત મોતના બનાવ સંદર્ભે કપુરાઈ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. અને અજાણ્યા ટેમ્પા ચાલક ના મૃત દેહને પોસ્ટમોટમ માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

. બનાવની પ્રાપ્ત વિગત એવી છે કે શહેરમાં કપૂરાઈ બ્રિજ ના સર્વિસ રોડ પરથી છોટાહાથી ટેમ્પો લઈને ત્રીસ વર્ષીય અજાણ્યો ચાલક પસાર થતો હતો. તે વખતે સર્વિસ રોડની બાજુમાં ટેલર ઊભું હતું. તેની પાછળ કોઈક કારણસર ટેમ્પો ચાલક ટેમ્પા સાથે ઘુસી ગયો હતો. જેથી અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ટેમ્પા ના આગળના ડ્રાઈવરના કેબીન નોખુરદો બોલી ગયો હતો. એટલું જ નહીં ટેમ્પા ચાલક ને ગંભીર ઈજાઓ થવાથી તેનું ઘટના સ્થળ પર જ મોત નિપજયું હતું. ટેમ્પાના ડ્રાઈવર કેબિનમાં ફસાયો હતો. જેથી લોકો દોડી આવ્યા હતા. અને અકસ્માતના બનાવની જાણ કપૂરાઈ પોલીસને કરવામાં આવી હતી. પોલીસ ઘટના સ્થળે આવી પહોંચ્યા બાદ કેબીનમાં ફસાયેલા અજાણ્યા ડ્રાઈવરને બહાર કાઢી તેને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો. તે બાદ ટેમ્પાના નંબરના આધારે અજાણ્યા મૃતક ડ્રાઈવર ની ઓળખ માટેના ચકો ગતિમાન કર્યા હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

Printed and Published by Sanjay Pravinkumar Shah on behalf of Inkpot Publication Private Limited, Printed at 530 & 533, Narsinh Estate, OPP. Lubi Gel LLP, Near Bus Stand, village Manjusar, Taluka Savli, Dist. Vadodara, Gujarat - 391775 and Published at: 3rd Floor, Satva Avenue, Beside Avsar Party Plot, Sama-Savli Main Road, Vadodara-390008. • Editor*: Sanjay Pravinkumar Shah • RNI NO: 1667/57

All rights reserved Reproduction in any manner, electronic or otherwise, in whole or in part, without prior written permission of the Editor is prohibited.

For News Contact : E-mail : pressnote@loksattajansatta.com | For Advertisement Contact : E-mail : advt@loksattajansatta.com

સવારના પીકઅવર્સમાં અડધો કલાક સુધી વાહનચાલકો અટવાયાં : ઘટનાનો વીડિયો વાયરલ

# ખિસકોલી સર્કલ પાસે વાહનચાલકો વચ્ચે મારામારી, ટ્રાફિક જામ

## ટ્રાફિકમાં ફસાયેલા લોકોએ તંત્ર સામે પણ રોષ ઠાલવ્યો : ટ્રાફિક પોલીસ સ્થળ પર હાજર ન હોવાના આક્ષેપ

વડોદરા, તા.૪

શહેરના વડસર રોડ ખિસકોલી સર્કલ પાસે જાહેર માર્ગ પર બે વાહનચાલક યુવાન વચ્ચે સામાન્ય બાબતમાં છુટ્ટા હાથની મારામારી થઈ હતી. આ મારીમારીના કારણે ચાર બાજુ અડધો કલાક સુધી ટ્રાફિકજામ થઈ ગયો હતો. ટ્રાફિકજામ થવાના કારણે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા.





સામાન્ય અકસ્માત બાદ મારામારી મળેલી માહિતી પ્રમાણે, ખિસકોલી સર્કલ પાસે જાહેર માર્ગ પર બે વાહનચાલક યુવાનના વાહનો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સામાન્ય અકસ્માતના પગલે બંને યુવાનો મારામારી પર ઉતરી ગયા હતા. જાહેર માર્ગ પર છુટ્ટા હાથની શરૂ થયેલી મારામારી જોવા લોકોનુ ટોળુ એકઠુ થઈ ગયું હતું. જોકે, કેટલાક વાહનચાલકો મારામારી કરી રહેલા યુવાનોને છોડાવવા માટે પ્રયાસ કર્યો હતો, પરંતુ બંને યુવાનોએ મારામારી કરવાનું બંધ કર્યું ન હતું. વડસર રોડ, કલાલી તેમજ વડસર ગામ તરફ જવાના ચાર રસ્તા પાસે મારામારી થવાના કારણે ચારે તરફના રસ્તા ઉપર ટ્રાફિકજામ થઈ ગયો હતો. લગભગ અડધો કલાક સુધી ટ્રાફિકજામ રહેતા વાહનચાલકો પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. આ ઘટના સમયે પોલીસ હાજર ન હોવાના કારણે ટ્રાફિકમાં ફસાયેલા લોકોએ તંત્ર સામે પણ રોષ ઠાલવ્યો હતો. સ્થાનિકે જણાવ્યું કે, ચાર રસ્તા પાસેના રોડ ઉપર મારામારી થવાના કારણે ટ્રાફિકજામ થઈ ગયો હતો. ઉપરાંત રોડ ઉપર એક કન્સ્ટ્રક્શન સાઈટનો સામાન પડેલો હોવાથી પણ ટ્રાફિક સમસ્યા સર્જાય છે. અડધો કલાક બાદ ટ્રાફિક ખૂલતા વાહનચાલકોએ રાહત અનુભવી હતી. ઉલ્લેખનીય છે કે, આ ઘટના અંગે કોઈ પોલીસ ફરિયાદ થઈ નથી. પરંતુ જાહેર માર્ગ પર બે યુવાનો વચ્ચે થયેલી મારામારીના કારણે લોકો મુશ્કેલી ખાઈ ગયા હતા. સ્થાનિક લોકોએ ટ્રાફિક પોલીસ મૂકવા પણ માંગ કરી હતી.


વિદ્યાર્થી સંગઠનના સભ્ય દ્વારા અનોખો વિરોધ

# ખાડામાં શાસકો અને અધિકારીના પોસ્ટર મૂકી વિરોધ પ્રદર્શન કરાયું

વડોદરા, તા. ૪

વડોદરા શહેરમાં વિવિધ વિસ્તારોમાં ખાડાઓના કારણે લોકો પરેશાન થઈ ગયા છે ત્યારે વિદ્યાર્થી સંગઠન દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. શહેરના ખાડામાં મેયર અને મ્યુનિસિપલ કમિશનરના પોસ્ટર લગાવી વિરોધ કરવામાં આવ્યો હતો જો કે ત્યાર બાદ પોલીસ દ્વારા નિવેદન લેવામાં આવ્યું હતું.

ફતેગંજમાં છેલ્લા છ મહિનાથી પાલિકા દ્વારા ચાલી રહેલી ડ્રેનેજની કામગીરી બાદ રસ્તાની મરામત કરવામાં આવી નથી. રોડ પર ખાડા પડી ગયા છે. લોકોને હાલાકી વેઠવી પડી રહી છે. ત્યારે વિદ્યાર્થી સંગઠનના વિદ્યાર્થીઓએ ખાડામાં પાલિકાના શાસકોના પોસ્ટર લગાવી અનોખો વિરોધ દર્શાવ્યો હતો. કહેવાતી સ્માર્ટ સિટી વડોદરામાં ઠેર ઠેર ખાડા રાજ જોવા મળી રહ્યું છે. પાલિકાની પ્રિમોન્સૂનની કામગીરીની પોલ પણ ઉઘાડી પડી રહી છે. બીજી તરફ પાલિકા દ્વારા ઉપાડેલા વિકાસના કામો આજે મંથર ગતિએ ચાલી રહ્યા છે. જેના કારણે લોકોને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. આવી જ એક કામગીરી શહેરના ફતેગંજ વિસ્તારમાં ચાલી રહી છે. ડ્રેનેજની કામગીરી પૂર્ણ થયે લગભગ છ મહિના થવા આવ્યા પણ અહીંના રસ્તાનું મરામતનું કામ નથી. રોડ પર ઠેર ઠેર ખાડા પડી ગયા છે. ખાડામાં વરસાદી પાણી ભરાઈ રહેવાને કારણે ડ્રેનેજની કામગીરી પૂર્ણ થયા બાદ લગભગ છ મહિના જવા છતાં ફતેગંજમાં રસ્તાના મરામતના કામ થતું નથી. ખાડા નજરે પડતા નથી. ત્યારે, લોકોમાં અકસ્માતનો ભય ફેલાયો છે. અતિ પોષ કહેવાતા ફતેગંજ વિસ્તારમાં આ પરિસ્થિતિને કારણે લોકો હેરાન પરેશાન થઈ ગયા છે. ત્યારે વિદ્યાર્થી સંગઠનના આગેવાન સુઝાન લાડમેન અને વિદ્યાર્થીઓએ ગુરુવારે મોડી રાત્રે ખાડામાં શાસકોના પોસ્ટર લગાવી અનોખો વિરોધ કરી તંત્રને ભર નિંદ્રામાંથી જગાડવાનો પ્રયાસ કર્યો હતો.



૭ ગામોનો સમાવેશ થતાં મશીનરીમાં વધારો કરાશે

# પાલિકા ૧૦ નવા એસ્કેવેટર લોડર મશીનની ખરીદી કરશે

વડોદરા, તા. ૪

વડોદરા મહાનગરપાલિકા દ્વારા સુવિધાઓમાં વધારો કરવા માટે નવી મશીનરી ખરીદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પાલિકામાં ૭ નવા ગામોનો સમાવેશ થતા હવે ૧૦ નવા એસ્કેવેટર લોડર મશીન ખરીદવાની દરખાસ્ત મુકવામાં આવી છે.વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિવિધ વિભાગોની કામગીરી માટે એસ્કેવેટર લોડર મશીનો ફાળવવામાં આવે છે. હાલની કામગીરી ઉપરાંત કોર્પોરેશનની હદમાં ૭ નવા ગામોનો સમાવેશ થવા ઉપરાંત નવા વોર્ડની રચના કરવાથી કામગીરી વધી હોવાથી નવા ૧૦ એસ્કેવેટર લોડર મશીન ખરીદવામાં આવશે.

**આ અગાઉ ૨૦ લોડર મશીન ખરીદવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી**

આ અગાઉ ૨૦ લોડર મશીન ખરીદવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એક મશીનની કિંમત ૨૪.૨૭ લાખ થાય છે. જોકે અગાઉ ૧૦ મશીન ખરીદવા મંજૂરી મેળવી હતી અને ૧૦ બાકી રાખ્યા હતા. જેની ખરીદી હવે કરવા માટે સ્થાયી સમિતિમાં દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. કોર્પોરેશનમાં અધિકારીઓની મિટિંગમાં પણ કામગીરીમાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને, વધુ એસ્કેવેટર લોડર મશીન ખરીદવા સુચન કરેલ હતું. ૧૫માં નાણાપંચની વર્ષ ૨૦૨૫-૨૬ ની ગ્રાન્ટમાં મશીન ખરીદવા ૮ કરોડની જોગવાઈ કરવામાં આવશે. ૧૦ મશીનની ખરીદીનો ખર્ચ ૨.૪૫ કરોડ થશે.

શહેરનાં સ્મશાનગૃહોના ખાનગીકરણ મામલે પ્રતિક્રિયા

# નાગરિકો પાસેથી અંતિમક્રિયા પેટે કોઈ ચાર્જ નહીં લેવાય : કોર્પોરેશન

વડોદરા, તા. ૪

વડોદરા મહાનગરપાલિકા અંતર્ગત આવતા સ્મશાન ગૃહોનું સ્મશાનગૃહોના ખાનગીકરણના મુદ્દે અનેક ચર્ચાઓ ચાલી હતી જો કે સ્મશાનગૃહમાં લોકો પાસેથી એકેય રૂપિયો નહીં લેવામાં આવે તેવો ખુલાસો કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યો છે. શહેરના સ્મશાનગૃહોનું સંચાલન ખાનગી ઈજારદારને સોંપાતા હવે તેમાં અંતિમ ક્રિયા માટે ચાર્જ વસુલવામાં આવશે તેવી વાતો વહેતી થઈ હતી જો કે આ મામલે કોર્પોરેશનના આરોગ્ય અધિકારી દેવેશ પટેલે વિસ્તૃત માહિતી આપી હતી. તેઓએ જણાવ્યું હતું કે, સ્મશાનગૃહોનું સંચાલન ભલે ખાનગી સંસ્થાઓને સોંપવામાં આવ્યું હોય, પરંતુ નાગરિકો પાસેથી અંતિમ ક્રિયા પેટે કોઈ પણ પ્રકારનો ચાર્જ લેવામાં આવશે નહીં. આ સેવા સંપૂર્ણપણે નિશુલ્ક જ રહેશે. દેવેશ પટેલે ખુલાસો કર્યો હતો કે, પાલિકા દ્વારા ઈજારદાર સંસ્થાઓને વાર્ષિક રૂ. ૮૦ લાખથી રૂ.૧૦ કરોડ સુધીની રકમ ચૂકવવામાં આવશે. આ રકમ સ્મશાનગૃહોના સંચાલન, જાળવણી, સુવિધાઓનો વિકાસ અને જરૂરી કર્મચારીઓના પગાર પાછળ ખર્ચ થશે. આ દર્શાવે છે કે પાલિકા નાગરિકો પર બોજ નાખ્યા વિના સ્મશાનગૃહોની સેવાઓ સુધારવા પ્રતિબદ્ધ છે. તાજેતરમાં એવી અફવાઓ વહેતી થઈ હતી કે જલારામ સેવા ટ્રસ્ટને સ્મશાનગૃહોનો ઈજારો આપવામાં આવ્યો છે. આ અંગે દેવેશ પટેલે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, જલારામ સેવા ટ્રસ્ટને પાલિકા દ્વારા કોઈ ઈજારો આપવામાં આવ્યો નથી. તેમણે આવી કોઈપણ અફવાઓને ખોટી ગણાવી હતી. અંતિમ સંસ્કાર માટે જરૂરી એવા આખરી સામાન, છાણા, અને લાકડા સહિતનો તમામ સામાન પણ નિશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવશે. મૃતદેહની અંતિમવિધિ માટે જરૂરી વસ્તુઓ માટે પરિજનોને ક્યાંય પણ પૈસા ખર્ચ કરવાની જરૂર રહેશે નહીં. આ વ્યવસ્થા ખાનગીકરણ પછી પણ યથાવત રહેશે. શહેરના સ્મશાનગૃહોનો ઈજારો ત્રણ અલગ અલગ સંસ્થાઓને આપવામાં આવ્યો છે. આ નિર્ણય સ્મશાનગૃહોના સંચાલનમાં કાર્યક્ષમતા લાવવા અને સેવાઓની ગુણવત્તા સુધારવાના ઉદ્દેશ્યથી લેવામાં આવ્યો છે. ૭ જુલાઈ, ૨૦૨૫ થી ઈજારદાર સંસ્થાઓ શહેરના સ્મશાનગૃહોનો કાર્યભાર વિધિવત રીતે સંભાળી લેશે.

વિદ્યાર્થીઓ માટે વિવિધ સેવાઓ હવે મોબાઈલ પર

# MSUએ એન્ડ્રોઈડ મોબાઈલ એપ્લિકેશન વિદ્યાર્થી લૉન્ચ કરી

## ફી પેમેન્ટથી લઈ પરિણામ સુધીની સેવાઓ ઉપલબ્ધ

વડોદરા, તા.૪

એમ. એસ. યુનિવર્સિટીએ તેના વિદ્યાર્થીઓ માટે ખાસ બનાવવામાં આવેલ "વિદ્યાર્થી" નામની એન્ડ્રોઈડ એપ્લિકેશનનું આજે ૪થી જુલાઈ ૨૦૨૫ના રોજ સાંજે ૪ વાગ્યે ગારગી સભા ગૃહ ખાતે ભવ્ય ઉદ્ઘાટન કર્યું. આ એપ્લિકેશન યુનિવર્સિટીની ડિજિટલ યાત્રામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

એમ. એસ. યુનિ. ના વાઈસ ચાન્સેલર પ્રો. ધનેશ પટેલની અધ્યક્ષતામાં એન્ડ્રોઈડ એપ્લિકેશન લોન્ચ કરવા માટે કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં તમામ ફેકલ્ટીના ડીન, વિવિધ ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર્સ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો અને વિદ્યાર્થી પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

"વિદ્યાર્થી" એપ્લિકેશન દ્વારા વિદ્યાર્થીઓને અનેક સુવિધા મળી રહેશે. જેમાં ડિજિટલ સ્ટુડન્ટ પ્રોફાઈલ, ફી પેમેન્ટ અને રિસીપ્ટ, હોલ ટિકિટ અને રિઝલ્ટ, ઈન્ટરનલ રિઝલ્ટ, ટાઈમટેબલ અને પેપર લિસ્ટ, સ્કોલરશીપ માટે અરજી અને ટ્રેકિંગ, કોનવોકેશન માટે ફોર્મ અને ફી પેમેન્ટ, શૈક્ષણિક પ્રગતિ અને સિદ્ધિઓ નોંધાવવી, પ્રવેશ રદ કરવાની પ્રક્રિયા, જાણકારીઓ અને રિયલ ટાઈમ અપડેટ્સનો સમાવેશ થાય છે. રીકટ નેટિવ સીએલઆઈ આધારિત એપ્લિકેશન ભવિષ્યમાં નવીન સુધારાઓ અને ફીચર્સ સાથે વધુ કાર્યક્ષમ બનશે, જે એમ. એસ. યુનિ.ના વિદ્યાર્થીઓને ડિજિટલ યુગમાં વધુ સશક્ત બનાવશે.

# રહેણાંક વિસ્તારમાંથી મગરના બચ્ચાંનું રેસ્ક્યૂ કરાયું

વડોદરા, તા.૪

વિશ્વામિત્રી નદીમાં વસવાટ કરતા મગર વિશ્વામિત્રી નદી કિનારે આવી પહોંચતા હોય છે તેની સાથે મકરના બચ્ચા પણ આવતા હોય છે. ત્યારે આ મગરો ફરતા ફરતા માનવ વસ્તીમાં આવી જતા તે અવારનવાર લોક નજરે પડે છે. ત્યારે આજે વડોદરા શહેર નજીક આવેલા બિલ ગામના કાસા લિબિ સ્કાય બંગ્લોઝ સોસાયટીમાં ટોળામાંથી વિખૂટું પડેલ અંદાજે એક ફૂટનો મગરનું બચ્ચું ફરતું ફરતું કાસા લિબિ સ્કાય બંગ્લોઝમાં આવી ગયું હતું અને પાર્ક કરવામાં આવેલી ગાડીની છે બેઠું હતું. જે બંગલોઝના રહીશોની નજરે પડતા સોસાયટીના રહીશોમાં કુતૂહલ વ્યાપી ગયું હતું. મગરના બચ્ચા અંગે બરોડા મગરના બચ્ચા અંગે સ્થાનિક વન વિભાગને જાણ કરવામાં આવતા વન વિભાગ નો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને જીગ્નેશ પરમાર સહિતના કાર્યકર્તાઓએ એકથી દોઢ કલાકની મહેનત બાદ બચ્ચાનો રેસ્ક્યુ કર્યું હતું.

બીસીએની પસંદગીમાં અસંગતતા હોવાનો આક્ષેપ

# અંડર-૨૩ ટીમના ૪૦ ખેલાડીમાં ચેમ્પિયન ટીમના માત્ર ત્રણનો સમાવેશ

વડોદરા, તા.૪

અંડર-૨૩ ટીમના ૪૦ પસંદગી પામેલા સંભવિતોમાં ચેમ્પિયન ટીમના માત્ર ત્રણ ખેલાડી અને રનર્સ અપ ટીમના સાત ખેલાડીઓ પસંદ કરતાં બીસીએની વિવિધ ટીમોમાં નારાજગી વ્યાપી છે,જો કે અંડર-૨૩ ટીમ સાથે બીસીએની રણજી ટીમ માટે પણ સંભવિતોની પસંદગી કરવામા આવી હતી જેમાં જીતેશ શર્માનો સમાવેશ કરાયો હતો.

બીસીએના અત્યંત આધારભુત સાધનોએ જણાવ્યું હતું કે. સામાન્ય રીતે ચેમ્પિયન ટીમ બનનાર સારા ખેલાડીઓ ધરાવતી હોવાનું અનુમાન હોય છે કારણ કે તે સતત સારા દેખાવના આધારે ચેમ્પિયન બનેલી હોય છે જયારે ઉપવિજેત એટલે કે રનર્સ અપ ટીમ બીજા નંબરની પાવરફુલ ટીમ ગણાય એટલે કે તેના ખેલાડીઓ પણ મહત્વના હોય છે.તેમ છતાં ચેમ્પિયન ટીમના ખેલાડીઓ કોઈ પણ સંબંધિત ટીમમાં વધુ પસંદ થતા હોય છે પણ તાજેતરમાં બીસીએ દ્વારા અંડર-૨૩ ટીમ માટે પસંદ કરાવેલા ખેલાડીઓની પસંદગી સામે આરોપ મુકાયો છે.

એક એપેક્ષ સભ્યએ જણાવ્યું હતું કે,ક્રિકેટરોના રેટીંગ માટે એક ખાસ સિસ્ટમ ડેવલોપ કરાયેલી પણ તે રેટીંગના રીપોર્ટ નબળા હોવા છતાં કેટલાક ખેલાડીઓની પસંદગી કરાઈ છે કારણ કે રેટીંગનો નિયમ બધા ખેલાડીઓને લાગું પડતો હોય તો માનીતા ખેલાડીને કેમ આ નિયમ લાગું થતો નથી.જો રેટીંગના આધારે પસંદગી ના થતી હોય તો આ સિસ્ટમનો પણ કોઈ અર્થ નથી.એક આ વખતે બધી ટુર્નામેન્ટો પૈકી એચ. ડી.ઝવેરી અધુરી રમાઈ હતી. છતાં પણ સીલેકશનમાં વહાલા-દવલાંની નીતિ અખ્ત્યાર કરાઈ હોવાનું પણ જાણવા મળે છે.

એક વ્યક્તિની ચીમકીના કારણે આટલો બધો પોલીસ બંદોબસ્ત?

# પાલિકાને તાળાંબંધી કરવાનો મેસેજ ફરતો થતાં પાલિકા પોલીસ છાવણીમાં ફેરવાઈ

## ડીસીપી, એસીપી સહિતનો કાફલો કચેરીના પટાંગણમાં ખડકી દેવાયો



### સામાજિક કાર્યકરને પાણીગેટ પોલીસ મથકમાં ડિટેન કરાયો

સામાજિક કાર્યકરે પાલિકા કચેરીને તાળાબંધી કરવાનો કાર્યક્રમ જાહેર કર્યો હતો અને આ અંગેના મેસેજ મુખ્ય હતા. આ અંગે ડીસીપી અભય સોનીએ જણાવ્યું હતું કે, સામાજિક કાર્યકરને સવારથી જ પાણીગેટ પોલીસ મથકે ડિટેન કરી દેવાયા હતા. જો કે તેઓએ ખુલ્લો મેસેજ મોકલ્યો હતો કે આ કાર્યક્રમમાં જેઓએ જોડાવું હોય તે જોડાઈ શકે છે ત્યારે અન્ય કોઈ સંગઠન કે નાગરિકો પણ આવી શકે તેવી વકી હોવાના કારણે આ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સામાજિક કાર્યકરને સાંજે મુક્ત કરવામાં આવ્યા હતા.

વડોદરા, તા. ૪

પાલિકાની કચેરીને તાળાબંધીની સામાજીક કાર્યકર દ્વારા આપેલી ચીમકીનો મેસેજ સોશિયલ મીડિયામાં મેસેજ વાઈરલ થતાં પાલિકાની મુખ્ય કચેરીનું સમગ્ર બિલ્ડીંગ આજે સવારથી પોલીસ છાવણીમાં ફેરવાઈ ગઈ હતી. વડોદરા મહાનગર પાલિકામાં લગભગ દરરોજ વિવિધ વિસ્તારમાં સમસ્યાને લઈ મોરચા આવતા હોય છે. રાજકીય પક્ષો, સામાજિક કાર્યકરો સહિત પણ મોરચા લઈને રજૂઆત કરવા આવે છે. તાજેતરમાં જ પાલિકાની કચેરીમાં આમ આદમી પાર્ટીના કાર્યકરોએ મેયરની કેબીન ઉપર શાહીથી કાળો કૂચડો ફેરવી દીધો હતો અને મેયરની ઓફીસ બહાર શાહી ફેંકવામાં આવી હતી. ત્યારે સામાજિક કાર્યકર દ્વારા પાલિકાને તાળાબંધીની આપેલી ચીમકીનો મેસેજ સોશિયલ મીડીયામાં વહેતો થતાં આજે સવારથી જ પાલિકાની સિક્યોરીટી સાથે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. પાલિકાના પ્રવેશ દ્વારથી લઈને સમગ્ર પરિસરમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. અને સમગ્ર પાલિકા પરિસર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગઈ હતી.ડીસીપી અને એસીપી સહિતના અધિકારી બંદોબસ્ત માં તેનાત થયાં છે. ઉપરાંત પાલિકાના દરેક દ્વાર બંધ કરી સિક્યુરિટી વિભાગે તાળા માર્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કબડ્ડી લીગ સ્પર્ધામાં વડોદરા ચેમ્પિયન

વડોદરા : વાંકાનેર ખાતે રાજ્ય સભાના સાંસદ કેશરીદેવસિંહ ઝાલા દ્વારા વાંકાનેર ખાતે ગુજરાત રાજ્ય પુરૂષ વિભાગની કબડ્ડી સ્પર્ધાનું આયોજન ગુજરાત રાજ્ય કબડ્ડી એસોસિએશનના સહયોગથી કરવામાં આવ્યું હતુ. આ લીગમાં રાજ્યની પુરૂષ વિભાગની પ્રથમ ૧૦ ક્રમાંકની ટીમોએ ભાગ લીધો હતો. જેમાં વડોદરા શહેરની ટીમ ચેમ્પિયન બનીને રાજ્યમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. વડોદરાના કિશન પંડ્યાને લીગના બેસ્ટ રેજર તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.



### સેમિનારમાં સન્માનિત કરાયા

તાજેતરમાં સેન્ટ્રલ ગુજરાત ઓફ ટેક્સ કન્સલટન્ટ તેમજ ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેક્ટીસનર્સ પશ્ચિમ ઝોન દ્વારા આયોજીત બે દિવસિય રાષ્ટ્રીય કર પરિષદ વડોદરામાં યોજાઈ હતી. આ કર પરિષદમાં વડોદરાના વેરા સલાહકાર તેમજ એડવોકેટ અને સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલટન્ટના પ્રમુખ દિપક અમીનને પરિષદમાં શ્રેષ્ઠ નેતૃત્વ અંગે સ્મૃતિચિન્હ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનિય છે કે, આ રાષ્ટ્રીય કર પરિષદમાં દેશભરમાંથી ૪૦૦ થી વધુ કર નિષ્ણાંતોએ ભાગ લીધો હતો.



### ટીટી ટુનમિન્ટમાં સિંગલ્સનો ખિતાબ જીત્યો

વડોદરા : તાજેતરમાં ગાંધીધામ ખાતે યોજાયેલી બીજી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં વડોદરા જિલ્લાના પેડલર તનુષ ખિંદરીએ અન્ડર-૯ બોયઝ સિંગલ્સનો ખિતાબ જીત્યો હતો. આ તેમનો પહેલો ખિતાબ છે. તેણે ૮ વર્ષના તનુષ છેલ્લા દોઢ વર્ષમાં પહેલા ટી- સ્કેવર ટેબલ ટેનિસ એકેડમી વડોદરા ખાતે રમવાનું શરૂ કર્યું હતુ. ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ બરોડાએ ટાઈટલ જીતવા બદલ શુભેચ્છા પાઠવી હતી.



### જૈનાચાર્યનો ચાતુર્માસિક પ્રવેશ, વરઘોડો યોજાયો

વડોદરા: રામસુરી સમુદાયના જૈનાચાર્યો નો આજે અલકાપુરી જૈન સંઘ ના ભવ્યાતિભવ્ય ચાતુર્માસિક પ્રવેશ કર્યો હતો. શહેર ના રાજમાર્ગો ઉપર સામૈયાં નો વરઘોડો નીકળ્યો હતો. જૈન સાધુ સાધ્વીજી ભગવંતો ને ચાતુર્માસ દરમિયાન એક જગ્યાએ સ્થિર થઈ સાધના કરવાની સમાચારી ભગવાન મહાવીર સ્વામીએ બતાવી છે. જૈન અગ્રણી દીપક શાહે જણાવ્યું હતું કે આજે વડોદરા ના સૌથી મોટા એવા અલકાપુરી જૈન સંઘ માં ટ્રસ્ટી પ્રશાંતભાઈ શાહના નિવાસસ્થાને થી ગુરુ વંદન તથા માંગલિક ફરમાવી બેન્ડ બાજા સાથે મહારાજ સાહેબ નું સામૈયું આજે વડોદરા ના રાજમાર્ગો ઉપર નીકળ્યો હતો.



ચોમાસાના ચાર માસના કુલ વરસાદનું ચોથા ભાગનું પાણી હવે જૂન માસમાં વરસી જાય છે

# ૪૭ વર્ષમાં બાંધકામ કુલ ક્ષેત્રફળના ૧૪%થી વધી ૬૮% થયું

## અર્બન હિટ આયલેન્ડ શહેરોમાં ભારે વરસાદનું કારણ બને છે અને પૂરની સ્થિતિનું નિર્માણ કરે છે

વડોદરા, તા.૪

પ્રકૃતિના અવિવેકી દોહન અને અર્બનાઈઝેશનના પરિણામે ઉદભવેલી સમસ્યા ક્લાયમેટ ચેન્જની સમગ્ર જીવસૃષ્ટિ ઉપર વિપરિત અસર પડી છે. મૌસમની પેટર્ન, એમાંય ખાસ કરીને ચોમાસાની ચાલ પરિવર્તન પામી હોવાની વાત એમ.એસ. યુ.ના ઈન્સ્ટિટ્યુટ ઓફ ક્લાઈમેટ ચેન્જ એન્ડ રિસર્ચ સેન્ટરમાં થઈ રહેલા સંશોધનમાં પણ ફલિત થવા પામી છે.



એ.એસ. યુનિ.ના ઈન્સ્ટિટ્યુટ ઓફ ક્લાઈમેટ ચેન્જ એન્ડ રિસર્ચ સેન્ટરમાં ડો. સંસ્કૃતિ મુજુમદારના માર્ગદર્શન હેઠળ પ્રો. ચિરાયુ પંડિતે ક્લાયમેટ ચેન્જ વિષયે સંશોધન કર્યું છે. કેન્દ્ર સરકારના મૌસમ વિભાગ સહિતની એજન્સી પાસેથી આંકડાઓ લઈ તેમણે આ સંશોધન કર્યું હતુ. વડોદરામાં જળવાયુ પરિવર્તનને કારણે આખા ચોમાસાના ચોથા ભાગનો વરસાદ હવે એક માત્ર જૂન માસમાં પડી જાય છે. એમાંય એક માસના સરેરાશ જેટલો તો એક જ દિવસમાં વરસાદ પડે છે. આવું થાય ત્યારે પૂરની સ્થિતિ આવે છે. વર્ષ ૨૦૦૫માં જૂન માસના સરેરાશ ૧૩૫ મિલિમિટર વરસાદની સામે તા. ૨૯-૦૬-૦૫ ના રોજ એક જ દિવસમાં ૨૩૮ મિલિમિટર વરસાદ વરસી ગયો હતો.

૨૦૧૯માં જુલાઈ માસના સરેરાશ ૩૨૭ મિલિમિટરની સાપેક્ષે ૩૧-૭-૧૯ના રોજ એક જ દિવસમાં ૩૫૧ મિલિમિટર વરસાદ પડ્યો હતો. એ જ રીતે ૧૯૭૮ના ઓગસ્ટમાં ૨૭૯ મહિનાની સરેરાશ સામે તા. ૧૭-૮-૭૮ના રોજ એક જ દિવસે ૨૨૪ મિલિમિટર વરસાદ નોંધાયો હતો. ૧૯૯૪ના સપ્ટેમ્બરની ૧૪૪ મિલિમિટર સરેરાશ સામે તા. ૧૧-૯-૯૪ના રોજ ૨૫૬ મિલિમિટર વરસાદ નોંધાયો હતો. વડોદરામાં ચોમાસામાં સરેરાશ ૩૭ દિવસ વરસાદ પડે છે.

શહેરીકરણ, ઔદ્યોગિકીકરણ સહિતના પરિબળો ક્લાયમેટ ચેન્જમાં મહત્વના પૂરવાર થાય છે. શહેરોમાં ઉંચી ઉમારતોના કારણે પવનની દિશા અને ગતિમાં ફેરફાર થાય છે. જેના કારણે શહેરના એક જ વિસ્તારમાં વરસાદ હોય તો બીજા ભાગ સાવ કોરો હોય છે. ક્લાયમેટ ચેન્જના કારણે શહેરી વિસ્તારની જમીનની ગરમી આકાશ તરફ જવાના અંતરમાં દિવસ અને રાતમાં કોઈ તફાવત રહ્યો નથી. ગામડાઓમાં આ અંતર હજુ વધુ છે. શહેરીકરણના કારણે વધતા જતા તાપમાનને અર્બન હિટ આયલેન્ડ કહે છે. આ અર્બન હિટ આયલેન્ડ શહેરમાં ભારે વરસાદનું કારણ બને છે અને પૂરની સ્થિતિનું નિર્માણ કરે છે.

વડોદરાની વાત કરીએ તો ૧૯૭૮માં વડોદરા શહેરના કુલ ક્ષેત્રફળ ૧૫૦ ચોરસ કિલોમિટર પૈકી ૮ ટકા વિસ્તાર એટલે કે ૧૪.૦૮ ટકા વિસ્તારમાં બાંધકામ હતું. તે વધીને ૨૦૧૮માં ૯૭ ચોરસ કિલોમિટર, ૬૮ ટકા થઈ ગયું છે. તેવું પ્રો. પંડિતના સંશોધનમાં સામે આવ્યું છે.

# વડોદરામાં CA સ્ટુડન્ટ્સ માટે નેશનલ કોન્ફરન્સનું આયોજન

વડોદરા, તા.૪

વડોદરાના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે બે દિવસીય સીએ સ્ટુડન્ટ્સ નેશનલ કોન્ફરન્સ ૨૦૨૫નું આયોજન કરાયું હતું. જેનો આજરોજ પ્રારંભ કરાયો હતો. નેશનલ કોન્ફરન્સનું ઉદ્ઘાટન મુખ્ય મહેમાન ઓપીએએલના સીએફઓ સીએ સંજય ભારતી દ્વારા કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં આઈસીએઆઈના સેન્ટ્રલ કાઉન્સિલ મેમ્બર સીએ વિશાલ દોશી, સીએ (ડૉ.) રોહિત રુવાટિયા (ચેરમેન ઓફ બીઓએસ ઓપરેશન્સ, આઈસીએઆઈ), સીએ રિકિન પટેલ (આરસીએમ ઓફ ડબલ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈ) સહિતનો સમાવેશ થાય છે. દેશના વિવિધ રાજ્યોમાંથી ૧૦૦૦થી વધુ ચાર્ટર્ડ એકાઉન્ટન્સીના વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

### કેવી રીતે ભણશે બાળકો?: શાળાના ઓરડાઓ જર્જરિત : બાળકોને માથે તોળાતું જોખમ

# કાડકોચમાં ઓટલા પર ચાલતી પ્રા. શાળા

### ધોરણ ૧ થી ૫ના ૫૦ જેટલા બાળકો એકસાથે બેસે છે : પંખા સહિતની પ્રાથમિક સુવિધા પણ નથી

નસવાડી, તા.૪

નસવાડી તાલુકાના કાડકોચ ગામે છેલ્લા એક વર્ષ થી ધોરણ ૧ થી ૫ ની પ્રાથમિક શાળા આશા વર્કર ના મકાન ના ઓટલા ઉપર ચાલે છે પીવાના પાણી તેમજ શૌચાલય ની સુવિધા નથી વિકસિત ગુજરાત ની વાતો કરતો સરકાર એક વર્ષ થી પ્રાથમિક શાળા ના ઓરડા નવા બનાવવાની કામગીરી શરૂ કરતી નથી.



નસવાડી તાલુકાના કાડકોચ ગામે ધોરણ ૧ થી ૫ ની પ્રાથમિક શાળા ચાલે છે જેમાં ૫૦ જેટલા બાળકો અભ્યાસ કરે છે જ્યારે કાડકોચ ગામની પ્રાથમિક શાળાના ઓરડા જર્જરિત બનતા ઈજનેરી દ્વારા ઓરડા જાહેર કરાતા બાળકો ને આ ઓરડા માં બેસવાનું જોખમ હોવાથી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી એ આ પ્રાથમિક શાળા ચલાવવા માટે ગામની આશા વર્કર બેન ના મકાન ના ઓટલા ના ભાગે વૈકલ્પિક વ્યવસ્થા શિક્ષણ વિભાગ દ્વારા ઊભી કરવામાં આવી હતી જેને આજે એક વર્ષ નો સમય થઈ ગયો છે હાલ ધોરણ ૧ થી ૫ ના ૫૦ જેટલા બાળકો એક સાથે બેસે છે પંખા ની સુવિધા નથી જેના કારણે નાના ભૂલકાઓ ગરમી માં શેકાય જાય છે અને એક નાની અમથી જગ્યા માં ૫૦ બાળકો બેસતા હોવાથી બેસવાની પણ પૂરતી જગ્યા મળતી નથી જ્યારે બાળકો ને શૌચ ક્રિયા માટે બહાર ખુલ્લા માં જવું પડે છે પીવાના પાણી ની સુવિધા નથી જ્યારે સરકાર એક વર્ષ થી જર્જરીત ઓરડા તોડવા માટે અને નવા બનાવવા માટે કોઈ કાર્યવાહી કરતી નથી આદિવાસી બાળકો ને નાની અમથી જગ્યા માં ધોરણ ૧ થી ૫ ની પ્રાથમિક શાળા ચાલતી હોવાથી બાળકોને પૂરતું શિક્ષણ પણ મળતું નથી ગરીબ આદિવાસી સમાજ ના બાળકો શિક્ષણ મેળવવા માટે હરરોજ શાળા માં આવે છે પરંતુ સારું શિક્ષણ ના મળતું હોવાથી બાળકો અભણ રહી જવાનો ડર વાલીઓને લાગે છે.

**ઓરડા બને તો શિક્ષણમાં મુશ્કેલી ન પડે**

ભાવનાબેન કુંભી આચાર્યના જણાવ્યા મુજબ એક વર્ષ થી આશા વર્કર ના મકાન માં ૫૦ બાળકોને એક સાથે બેસાડવામાં આવે છે પંખો બળી જતા રિપેરિંગ માં આપ્યો છે ભણાવવામાં મુશ્કેલી પડે છે શાળા ના ઓરડા બનાવવા માટે રજૂઆત કરી છે વહેલી તકે ઓરડા બને તો બાળકોને શિક્ષણ આપવામાં મુશ્કેલી ના પડે હાલ તો બે શિક્ષકો ની જગ્યા છે હું એકલી શાળા માં ફરજ બજાવું છું એક શિક્ષક ની ઘટ છે અભ્યાસ કરાવવામાં થોડી મુશ્કેલી પડે છે નંદુબેન ઠાકોર આશા વર્કર બેન ના જણાવ્યા મુજબ અમારા મકાન માં એક વર્ષ થી પ્રાથમિક શાળા ચાલે છે.

### બાતમીના આધારે ખાણ-ખનીજ વિભાગની ટીમ ત્રાટકી

# બોરુ પાસે ગોમા નદીમાં ગેરકાયદેસર રેતીખનન કરતાં ચાર ટ્રેક્ટર ઝડપાયાં

### ટ્રેક્ટર સહિત ૨૪ લાખનો મુદ્દામાલ કબજે કરી ૪ ઈસમની અટકાયત

કાલોલ, તા.૪

પંચમહાલ જિલ્લાના ખાણ ખનીજ વિભાગના માઈન્સ સુપરવાઈઝર ભાગ્યેશભાઈ ભોજવાણી સહિત કેયુરભાઈ સજેલીયા અને રાજવસિંહ રાઠોડ કાલોલ તાલુકામાં રૂટિન ચેકિંગમાં નીકળ્યા હતા ત્યારે ખાનગી બાતમીદારો પાસેથી બાતમી મળી હતી કે કેટલાક ખનીજ માફિયાઓ બોરુ ગામ પાસે પસાર થતી ગોમા નદીમાં ગેરકાયદેસર અને બીન અધિકૃત રીતે રેતીનું ખનન કરી રહ્યા છે ચોક્કસ બાતમીના આધારે પંચમહાલ જિલ્લાની ખાણ ખનીજ વિભાગની ટીમ બોરુ ગામે પસાર થતી ગોમા નદી પાસે પહોંચી હતી જ્યાં ગેરકાયદેસર રીતે રેતી નો ખનન કરી રહેલા ચાર ટ્રેક્ટર સહિત ૨૪ લાખનો



મુદ્દામાલ સાથે ચાર ઈસમોની અટકાયત કરી હતી જ્યારે ટ્રેક્ટર માલિક અમીર બેલીમ, મુસ્તાકભાઈ કાદરભાઈ બેલીમ, ઈસ્તાકભાઈ મુસ્તાકભાઈ બેલીમ અને મહેશભાઈ દેવાભાઈ મકવાણા સામે કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે જ્યારે પકડાયેલ મુદ્દામાલ ને ગોધરા કલેક્ટર કચેરી ખાતે સૌંપ કરીને મૂકવામાં આવ્યો છે જેના કારણે ગેરકાયદેસર અને બિનઅધિકૃત રીતે ખનીજ નું વહન કરનાર ખનીજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કાલોલ તાલુકાના સણસોલી ગામે ચિત્ર અને પોસ્ટર્સ મેકિંગનું વિશેષ આયોજન કરાયું



વડોદરા. સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર એવા વડોદરાના તરાપો ફાઉન્ડેશન દ્વારા કાલોલ તાલુકાના સણસોલી ગામે આવેલ આરજેએસ વિધ્યા મંદીર ખાતે આર્મી થીમ ઉપર ચિત્ર , પોસ્ટર્સ મેકિંગ તેમજ સરહદના સીમાડા સાચવતા વીર જવાનો માટે રાખડીઓ બનાવીને મોકલવાનું સુંદર કાર્ય હાથ ધરાયું હતું . અત્રે નોંધનીય છે કે છેલ્લા ત્રણ વર્ષોથી તરાપો ફાઉન્ડેશનના સ્વયંસેવકો દ્વારા આદિવાસી પંથકના બાળકો અક્ષરજ્ઞાનથી વંચિત ના રહે તે માટે દુર્ગમ વિસ્તારોનું ખેડાણ કરીને શૈક્ષણિક કીટની સહાય આપવામાં આવે છે . ત્યારે રક્ષા બંધન પર્વને અનુલક્ષીને રાખડી મેકિંગ , ચિત્ર અને પોસ્ટર્સ મેકિંગનું વિશેષ આયોજન કરાયું હતું . ૧૬૦૦ થી વધુ રાખડીઓ બનાવીને દેશના સીમાડા સાચવતા બહાદુર જવાનોના કાંડે બંધાય એની દરકાર લેવામાં આવશે . આ પ્રસંગે સશસ્ત્ર દળોની થીમ ઉપર પોસ્ટર તેમજ ચિત્ર સ્પર્ધા પણ યોજાઇ હતી જેમાં ક્ષમા પરબે નિર્ણાયક તરીકેની સેવા આપી હતી . આ સ્પર્ધામાં ભાગ લેનાર વિધ્યાર્થીઓને તરાપો ફાઉન્ડેશન દ્વારા પ્રમાણપત્ર આપીને બિરદાવવામાં આવ્યા હતા . ફાઉન્ડેશનના સ્થાપક ટ્રસ્ટી પરિતા શુક્લ . સુધા ગોસ્વામી , ભાવના ધોળકિયા, પ્રજ્ઞા પીપળીયા સહિત અન્ય સ્વયંસેવકોના સહકારથી આયોજીત આ કાર્યક્રમને સુંદર પ્રતિસાદ સાંપડ્યો હતો .

### ગોધરાની ગદુકપુર ચોકડી નજીક બેંક સ્ટાફ પરિવાર દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું



ગોધરા. ધી ગોધરા સીટી કો.ઓ.બેંક લી. દ્વારા દેશ ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ કેન્દ્ર ગૃહ પ્રધાન અને કેન્દ્રીય સહકાર મંત્રી અમિતભાઈ શાહની રાહબરી હેઠળ સહકારી પ્રવૃત્તિઓ ને વેગ આપવા તેમજ સમાજ દેશ માં સહકાર ની ભાવના ને જાગૃત કરવા માટે ચાલુ વર્ષ આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ-૨૦૨૫ જાહેર કરી જુલાઈ માસ માં વિવિધ પ્રકાર ની સામાજીક દેશ ઉપયોગી સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ કરવામાં આવી જેના ભાગરુપે વન એજ જીવન સૃષ્ટિ નું પણ જતન કરવાના શુભ આશય થી ગદુકપુર ચોકડી પાસે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ.ફકત વૃક્ષારોપણ કરી ને નહિ પણ તેની સાચવણી જતન બેંક ધ્વારા કરવામાં આવશે તેવી ખાત્રી બેંક ના ચેરમેન કે.ટી.પરીખે આપી.આ સમગ્ર વૃક્ષારોપણ ના કાર્યક્રમ અંતર્ગત સમસ્ત બેંક ઓફ ડિરેક્ટર,શાખ કમિટિ સભ્યો,મેનેજર,ઓફિસરતેમજ બેંક સ્ટાફ પરિવારએ ઉપસ્થિત રહી વન્ય સૃષ્ટિ પર વન એ જ જીવન ના સૂત્રને યથાર્થ કરી પોતાની માનવીય જવાબદારી સહકારની ભાવનાથી પરિપૂર્ણ કરેલ છે.

### ઝાલોદ સાંઈ મંદિરમાં આઠમા પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી



ઝાલોદ. ઝાલોદ નગરમાં ગામડી રસ્તા પાસે આવેલા સાંઈ મંદિરમાં ગુરુવારે આઠમાં પાટોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત, મંદિર પરિસરમાં બિરાજમાન શ્રીકૃષ્ણજી, શીતળા માતા અને બળિયા બાબજીના ત્રીજા પાટોત્સવનું પણ ભવ્ય આયોજન કરાયું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. પાટોત્સવ નિમિત્તે સવારથી જ મંદિરમાં ભક્તિમય માહોલ છવાઈ ગયો હતો. શહેરના મુખ્ય માર્ગો પર ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. ભક્તોના જયઘોષ અને ભજન-કીર્તનથી સમગ્ર ઝાલોદ નગર ગુંજી ઉઠ્યું હતું, જેના કારણે વાતાવરણમાં અનેરો ઉત્સાહ છવાયો હતો. આ ધાર્મિક પ્રસંગને સફળ બનાવવા માટે સાંઈ સમિતિ મિત્ર મંડળ દ્વારા તમામ તૈયારીઓ કરવામાં આવી હતી. સમિતિના સભ્યો અને સ્વયંસેવકોએ વ્યવસ્થા સંભાળી હતી. સાંજે મહાઆરતી બાદ ભંડારાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉપસ્થિત તમામ ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ પ્રસંગે ભાજપના પૂર્વ સાંસદ બાબુ કટારાએ આરતી કરી હતી. પૂર્વ ધારાસભ્ય ભાવેશ કટારા અને પાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ અન્ય સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### દાહોદ જિલ્લાના રાબડાળ ગામે

# પૂરપાટ દોડી આવતા કન્ટેનરની ટક્કરે રાહદારી વ્યક્તિનું ઘટનાસ્થળ પર મોત

### ગમખ્વાર અકસ્માતોનો સિલસિલો યથાવત્

દાહોદ, તા.૪

દાહોદના રાબડાળ ગામે કાલાભાઈ પેટ્રોલ પંપની સામે રોડ પર પૂરપાટ જઈ રહેલ અશોક લેલન કંપનીના કન્ટેનરની જોશભેર ટક્કર વાગતા રોડ પર પટકાયેલા પગપાળા જઈ રહેલા રાબડાળ ગામના ભરવાડ ફળિયાના ઈસમને માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ થતા તેનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યાનું પોલીસ સૂત્રો દ્વારા સત્તાવાર જાણવા મળ્યું છે. દાહોદ શહેર નજીક રાબડાળ ગામ કાલાભાઈ પેટ્રોલ પંપની સામે રોડ પર એક એક કન્ટેનર ચાલક તેના કબજાનું સીજી ૦૪એલ. એલ-૩૯૦૧ નંબરનું અશોક લેલન કંપનીનું કન્ટેનર ગફલત ભરી રીતે હંકારી લઈ આવી રોડની સાઈડમાં પગપાળા જઈ રહેલા રાબડાળ ગામના ભરવાડ ફળિયામાં રહેતા ભુરાભાઈ માનજીભાઈ નીનામાને પાછળથી જોશભેર ટક્કર મારી રોડ પર પાડી દઈ પોતાના કબજાનું અશોક લેલન કંપનીનું કન્ટેનર સ્થળ પર મૂકી નાસી જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં રોડ પર પટકાયેલા ભુરાભાઈ માનજીભાઈ નીનામાને માથામાં તેમજ શરીરના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ દાહોદ તાલુકા પોલીસ તેમજ આજુબાજુમાં રહેતા લોકો ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા. અને તાલુકા પોલીસે મરણ જનાર ભુરાભાઈ નીનામાની લાશનું પંચો રૂબરૂ પંચનામું કરી પોસ્ટ મોર્ટમ માટે લાશને દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં મોકલી આપી હતી. પુત્ર મનોજભાઈ ભુરાભાઈ નીનામાએ નોંધાવેલ ફરિયાદને આધારે અશોક લેલન કંપનીના ઉપરોક્ત કન્ટેનરના ચાલક વિરુદ્ધ ફેટલનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### નીચાણવાળા વિસ્તારમાં ભરાતાં રહીશોના જીવ તાળવે ચોંટયા

# બોડેલી પંથકમાં ત્રણ કલાકમાં બે ઈંચ વરસાદ થતાં રસ્તા પર પાણી ભરાયાં

### વરસાદે વિરામ લેતાં બોડેલીના રહીશોએ રાહતનો શ્વાસ લીધો

બોડેલી, તા.૪

બોડેલી પંથક માં આજે બપોર થીજ વરસાદી માહોલ જામ્યો હતો અને સાડા બાર વાગ્યાથી બપોરે ત્રણથી ચાર વાગ્યા સુધી દરમ્યાન ધોધમાર વરસાદ ખાબક્યો હતો બોડેલી પંથક માં બપોર થીજ વરસાદી માહોલ જોવા મળ્યો હતો.

અને ૧૨:૩૦ અગીયાર વાગ્યા થી ગણતરીના કલાકોમાં બે ઈંચથી વધુ ઉપરાંત વરસાદ ખાબક્યો હતો જેણે પગલે નીચાણ વાળા વિસ્તારો માં પાણી પાણી થઈ ગયા હતા અને નીચાણ વાળા વિસ્તાર માં રહેતા રહીશો ના જીવ તાળવે ચોંટયા હતા.



બોડેલી અલીપુરા bank of baroda પાસે પાણી ભરાઈ ગયા હતા બોડેલી એસટી ડેપો પાસે પણ રોડ પર પાણી જોવા મળ્યા હતા બોડેલી છોટાઉદેપુર રોડ પાસે ચાઈનીઝ ની દુકાન પાસે પણ પાણી જ પાણી જોવા મળ્યા હતા અને લોકોને અને ૧૦ મી ૧૧ જુલાઈ ની યાદ તાજી થઈ હતી. જો કે ૫:૦૦ વાગ્યા પછી વરસાદે વિરામ લેતાં બોડેલી નગર ના રહીશો એ રાહત નો શ્વાસ લીધો હતો બોડેલી પંથક માં આજે બપોર થીજ વરસાદી માહોલ જામ્યો હતો સવાર થી બાર વાગ્યા દરમ્યાન ધોધમાર વરસાદ ખાબક્યો હતો

### મોરવા રેણા ગામના ડેપ્યુટી સરપંચ સામે એટ્રોસિટીની ફરિયાદ

શહેરા, તા.૪

શહેરા તાલુકાના મોરવા રેણા ગામના ડેપ્યુટી સરપંચ સામે એટ્રોસિટી ની ફરિયાદ પોલીસ સ્ટેશન ખાતે નોંધાઈ હતી. પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલી ફરિયાદ મુજબ ફરિયાદી હિતેન્દ્ર કુમાર ને કિરીટભાઈ ઉર્ફે ભુરાભાઈ બારીઆ એ ફોન કરી કહેલ કે મારી ગાય મરી ગઈ છે તો તું આવીને લઈ જા તેમ કહેતા ફરિયાદીએ જણાવેલ કે હું આ ધંધો કરતો નથી તેમ કહી ફોન બંધ કરી દીધેલ હતો. ગામના બસ સ્ટેશન થી પાનમ કોલોની તરફ જતા રસ્તા ઉપર પંચાયત ઓફિસ આગળ ફરિયાદી હિતેન્દ્ર કુમારને કિરીટ બારીઆ એ ઉભો રાખી તારા બાપદાદા ધંધો કરતા હતા તું આ ધંધો કેમ ના કરે તું કેમ ના પાડે છે તેમ કહી કહેલ કે તું દાદા થઈ ગયો છે, મારી પહોંચ ઉપર લગી છે હું તને કોઈ પણ ગુનામાં ફસાવી દઈશ તે સહિત જાતિ વિષયક અપમાનિત શબ્દ બોલી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

### બોડેલીના બાંગાપુરા ગામે અનાજનો જથ્થો સગેવગે કરવાનો મામલો

# સંચાલક અને પુત્રની ગ્રામજનો સાથે બબાલ થતાં ગ્રામજનો સેવાસદને પહોંચતાં મામલો ગરમાયો

### દુકાનદાર સામે ગરીબોનું અનાજ સગેવગે કરવાનો ગ્રામજનોએ આરોપ લગાવ્યા હતા

બોડેલી, તા.૪

બોડેલીના બાંગાપુરા ગામમાં સસ્તા અનાજ ની દુકાન માં ભ્રષ્ટાચાર ના પર્દા ફાસ થયાં બાદ અનાજ વિતરણ કરતા સમયે ટોળાએ ગામના બે ત્રણ વ્યક્તિને માર માર્યો હોવાનું પણ કહેવાય છે. બોડેલીના બાંગાપુરા ગામમાં સસ્તા અનાજ દુકાનદારનો આતંક,અનાજની હેરાફેરી પકડાવનાર યુવક પર હુમલો કર્યો હોવાનો આક્ષેપ પણ થઈ રહ્યો છે. બોડેલીના બાંગાપુરા ગામમાં સસ્તા અનાજની દુકાનમાં ગેરકાયદેસર પ્રવૃત્તિનો પર્દાફાશ થયો છે. બુધવારે રાત્રિના સમયે ગ્રામજનોએ જનતા રેડ કરી હતી તે દરમિયાન દુકાનના સંચાલકને ઘઉં, ચોખા અને ખાંડની



હેરાફેરી કરતા પકડ્યો હતો. આ મામલો ખૂબ જ ગરમાયો હતો

જ્યારે ગુરૂવારના દિવસે બોડેલી તાલુકાના પુરવઠા વિભાગના અધિકારીઓ દ્વારા આખો દિવસ તપાસ હાથ ધરવામાં આવી હતી ત્યારબાદ શુક્રવારના રોજ ગરીબ લોકોને પોતાનો અનાજ મળી રહે એ હેતુથી ફરી અનાજ વિતરણ કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું જ્યારે જે લોકો આ અનાજ ના ભ્રષ્ટાચારનો પર્દાફાશ કર્યો હતો તે લોકો નું એવું કહેવું છે કે મામલતદાર દ્વારા એવું જણાવવામાં આવ્યું હતું કે આવતીકાલે અમારા જ કોઈ અધિકારીની હાજરીમાં અનાજ વિતરણ કરવામાં આવશે તો જાગૃત નાગરિકો એ તપાસ અર્થે ગયા કે કોઈ અધિકારી હાજર છે કે નહીં તે દરમિયાન દુકાનદાર તથા તેમના માણસો દ્વારા ભ્રષ્ટાચારનો પર્દા ફાસ કરનારાઓ બહારને માર મારવામાં આવ્યો હતો અને એવું કહેતા હતા કે તમે લોકો અહીં શા માટે આવ્યા તમારું કંઈ કામ નથી અહીં એવું જણાવ્યું હતું જેમાં ત્રણથી ચાર લોકોને માર મારતા ગંભીર ઈજા થઈ છે એવું જાણવા મળ્યું હતું અને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે પોલીસની આ બાબતે કાર્યવહી કરશે કે નહી એ બાબત પણ મહત્વની છે.

### દાહોદ ગરબાડા ચોકડી ખાતેની

# મહાત્મા ગાંધી શાકમાર્કેટની બંધ દુકાનમાંથી ૭૨ હજારની ચોરી

### ઘરફોડ ચોરીનો ગુનો નોંધી કાર્યવાહી

દાહોદ, તા.૪

દાહોદની ગરબાડા ચોકડી પાસે આવેલ મહાત્મા ગાંધી શાકમાર્કેટ ખાતેની એક બંધ દુકાનને તસ્કરોએ નિશાન બનાવી દુકાનની પાછળના ભાગે આવેલ બારી તોડી દુકાનમાં પ્રવેશી દુકાનમાં મુકેલ તિજોરી તોડી તિજોરીમાં મુકેલ રોકડ તથા ટાટા સ્કાય કંપનીનું સેટઅપ બોક્સ મળી રૂપિયા ૭૨,૦૦૦/-ની મત્તા ચોરીને લઈ ગયાનું પોલીસ સૂત્રો દ્વારા સત્તાવાર રીતે જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ સીટી ગ્રાઉન્ડ સામે આવેલી સિંધી સોસાયટીમાં રહેતા નીતિનભાઈ મહેશકુમાર ધર્માણીની ગરબાડા ચોકડી પાસે આવેલી મહાત્મા ગાંધી શાકમાર્કેટ ખાતેની બંધ દુકાનને તસ્કરોએ નિશાન બનાવી હતી. અને દુકાનના પાછળના ભાગે આવેલ બારી તોડી તસ્કરો દુકાનમાં પ્રવેશ્યા હતા. અને દુકાનમાં મુકેલ તિજોરી તોડી તિજોરીમાં મુકેલ રૂપિયા ૭૦,૦૦૦/-ની રોકડ તથા રૂપિયા ૨૦૦૦/-ની કિંમતનું ટાટા સ્કાય કંપનીનું સેટઅપ બોક્સ મળી કુલ રૂપિયા ૭૨,૦૦૦/-ની મત્તા ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે દાહોદ સીટી ગ્રાઉન્ડ સામે, સિંધી સોસાયટીમાં રહેતા નીતિનભાઈ મહેશકુમાર ધર્માણીએ દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ડોગ સ્ક્વોડ તથા એફએસએલની મદદની માગણી કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.ટાટા સ્કાય કંપનીનું સેટઅપ બોક્સ મળી કુલ રૂપિયા ૭૨,૦૦૦/-ની મત્તા ચોરીને લઈ ગયા હતા.

### ભુરખલ ગામમાં ૩ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ કરાયું



શહેરા. શહેરા તાલુકાના ભુરખલ ગામમાં આવેલી ત્રણ જેટલી પ્રાથમિક શાળામાં સહયોગ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. શહેરા તાલુકાના ભુરખલ ગામમાં આવેલી ભરવાડ ફળિયા પ્રાથમિક શાળા, નવી વસાહત પ્રાથમિક શાળા અને ભૂરખલ પ્રાથમિક શાળામાં અંદાજિત ૩૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય છે. આ ગામની ત્રણ શાળાઓમાં સહયોગ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરવામાં આવ્યું હતું,જ્યારે શાળાના ખુલ્લા મેદાનમાં સહયોગ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ના ઉપસ્થિત સભ્યો દ્વારા વૃક્ષારોપણ કરીને શાળાના વિદ્યાર્થીઓને પર્યાવરણનું મહત્વ સમજાવ્યું હતું. આ ત્રણ શાળામાં સ્થાનિક ગામ સહિત આજુબાજુના ગામના વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે આવતા હોય ત્યારે સહયોગ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને નોટબુકો આપવામાં આવતા વિદ્યાર્થીઓના ચહેરા પર રોનક જોવા મળી રહી હતી.

### કામમાં હલકી ગુણવત્તાનું મટિરિયલ વપરાતું હોવાના આક્ષેપો

# કોયડમમાં નાની સિંચાઈ ડેમના ગેટ અને પાળના સમારકામની વિજિલન્સ તપાસની માગણી કરાઈ

### અગાઉ નાગરિકો દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું

વીરપુર, તા.૪

વિરપુરના તાલુકાના કોયડમ ગામ ખાતે આવેલ નાની સિંચાઈ ડેમ ૪૮૫ હેક્ટર ક્ષેત્રફળમાં આવેલ છે જે ડેમમાં માંથી આજુબાજુના વિસ્તારના ખેડૂતોને સિંચાય માટે પાણી આપવામાં આવે છે. ત્યારે હાલ મેઈન ગેટ તથા ડેમ ની પાળ નું સમારકામ જેમાં કામમાં હલકી ગુણવત્તાનું મટિરિયલ વપરાતું હોવાના આક્ષેપો ગ્રામલોકો દ્વારા કરવામાં આવ્યા છે જેને લઈ અગાઉ સ્થાનિક નાગરિકો દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું છે આવેદનમાં આક્ષેપ કરાયા હતા કે કોયડમ ગામ ખાતે આવેલ ડેમમાં ગેટ જર્જરિત અવસ્થામાં આવતા આજુબાજુ ના વિસ્તારના લોકો ચિંતામાં મુકાયા છે જેની રજૂઆત ઉચ્ચકક્ષાએ થતા સિંચાઈ વિભાગ દ્વારા



ડેમના કુવા સિંચાઈ માટેનો ગેટ ના નવીનીકરણ માટેનો વહીવટી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે પરંતુ વરસાદ ચાલુ થઈ ગયો તેમ છતાં આ કાર્ય ગોકળ ગતિએ ચાલતું હોવાની તેમજ કામમાં વ્યાપક પ્રમાણમાં ગેરરીતિ થતી હોવાનો આક્ષેપ કર્યો છે. આ કામ માટે સિમેન્ટ વાપરવાનો હોય પરંતુ મીની પ્લાન્ટનો સિમેન્ટ વાપરી ખૂબ હલકી ગુણવત્તાનું કામ કરવામાં આવતા સ્થાનિક લોકોમાં રોષ જોવા મળ્યો છે ત્યારે ગામ લોકોના જણાવ્યા પ્રમાણે આવનાર સમયમાં આ ડેમમાં સંગ્રહ થયેલ પાણીથી કોઈ હોનારતનું સર્જન થાય તેવી ભીતિ સ્થાનિકો સેવી રહ્યા છે.

### લીમડી ગામે ટાંડી રોડ પ્રગતિનગર સોસાયટીમાંથી કાર ચોરાઈ

દાહોદ, તા.૪

લીમડી ગામે ટાંડી રોડ પર આવેલ પ્રગતિનગર સોસાયટીના મૂળ રહેવાસી અને હાલ દાહોદ લક્ષ્મીનગરમાં રહેતા અને શિક્ષકની નોકરી કરતા નંદનભાઈ પરથિંગભાઈ મુનિયાના લીમડી ગામે પ્રગતિનગર સોસાયટી ખાતેના બંધ મકાનને તસ્કરોએ ગત રાતે નિશાન બનાવ્યું હતું. અને મકાનના કમ્પાઉન્ડમાં મુકેલ રૂપિયા ચાર લાખની કિંમતની જીજે૨૦ એ એચ-૪૮૪૭ નંબરની સ્વીફ્ટ ડિઝાયર ફોરવીલ ગાડીની ચાવી મકાનની અંદરની બારીમાં મુકેલ હતી. તે ચાવી મકાનની બારીમાંથી કાઢી લઈ તે ચાવી વડે સ્વીફ્ટ ડિઝાયર ફોરવીલ ગાડી ચાલુ કરી ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે હાલ દાહોદ લક્ષ્મી નગરમાં રહેતા નંદનભાઈ પરથિંગભાઈ મુનિયાએ લીમડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા લીમડી પોલીસે આ મામલે વાહન ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સિવિલ હોસ્પિટલની IKDRC માં ૧૯૯૯થી ૨૦૧૭ દરમિયાન સ્ટેમ સેલ થેરાપીના ૭૪૧ દર્દીઓએ જીવ ગુમાવ્યો

# કિડની હોસ્પિ.માં ૯૧ ટકા સ્ટેમ સેલ થેરાપી નિષ્ફળ

## કેગના રિપોર્ટ મુજબ કુલ ૨૩૫૨ દર્દીઓમાંથી ૨૧૩૨ દર્દીઓમાં સ્ટેમ સેલ થેરાપી કારગત નીવડી નહોતી

અમદાવાદ તા.૪

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આવેલી ઈન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર વિવાદને કારણે ફરીથી ચર્ચામાં આવી ગઈ છે. કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયાના અહેવાલ પ્રમાણે આઈકેડીઆરસીમાં ૧૯૯૯થી ૨૦૧૭ દરનિયાન સ્ટેમ સેલ થેરાપી હેઠળના ૭૪૧ દર્દીઓએ જીવ ગુમાવ્યો છે. કુલ ૨૩૫૨ દર્દીઓમાંથી ૨૧૩૨ દર્દીઓમાં સ્ટેમ સેલ થેરાપી કારગત નીવડી નહોતી.આમ ૯૧ ટકા કિસ્સામાં સ્ટેમ સેલ થેરાપી નિષ્ફળ ગઈ છે તેવો આ રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૫૯૯ દર્દીમાં કિડની ટ્રાન્સપ્લાટ નિષ્ફળ રહ્યા હતા, જ્યારે ૧૧૦ દર્દીમાં એવા કોમ્પલિકેશન ઊભા થયા કે જેથી તેઓ કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવી શક્યા નહીં. નેશનલ એપેક્સ કમિટી ફોર સ્ટેમ્પ સેલ રિસર્ચ એન્ડ થેરાપીનમા આદેશથી ૨૦૧૭માં સ્ટેમ સેલ થેરાપી બંધ કરવામાં આવી હતી.સિવિલની કિડની હોસ્પિટલમાં સ્ટેમ સેલ થેરાપી કુલ નિષ્ફળ કેસ-૨૧૩૨,કુલ દર્દી મૃત્યુ-૭૪૧,કિડની ટ્રાન્સપ્લાન્ચ નિષ્ફળ ગયેલા દર્દીઓ ૫૯૯,કોમ્પલિકેશનથી કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં નિષ્ફળ દર્દી-૧૧૦,સ્ટેમ સેલ હેઠળ ક્લિનિકલ રિસર્ચના દર્દી- ૨૩૫૨ છે. આ ઉપરાંત સિવિલ કિડની હોસ્પિટલ દ્વારા ઈન્સિટટ્યશ્નલ કમિટી ફોર સ્ટેમ સેલ રિસર્ચ એન્ડ થેરાપીની પૂર્વ મંજૂરી વગર ક્લિનિકલ ટ્રાયલ કરાયા તેવું કેગનું અવલોકન છે, કોંગ્રેસના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ આ અંગે કરેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, ર્ષ ૨૦૧૩ પૂર્વે કિડની હોસ્પિટલમાં પોતાની ઈન્સિટટ્યુશ્નલ એથિકલ કમિટી હયાત નહોતી એટલે નિર્ણયો ઈન્સિટટ્યુનલ ઈન્ટર્નલ રિવ્યુ બોર્ડ દ્વારા લેવામાં આવતા હતા.નેશનલ ઓર્ગન એન્ડ ટિસ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશનના ડિરેક્ટર દ્વારા કિડની વિદેશી નાગરિકોને બારોબાર આપવા તેમજ મંજૂર વગર સ્ટેમ સેલ થેરાપીના ક્લિનિકલ ટ્રાયલ કરવાને મુદ્દે ૧૫ દિવસમાં એક્શન ટેકન રિપોર્ટ જમા કરવા આદેશ કરાયો છે.



નવ પરિવારે અંતિમ સંસ્કાર માટે હોસ્પિટલને પરવાનગી આપી

# અમદાવાદમાં પ્લેન ક્રેશની જગ્યાએથી અનેક મૃતદેહોના અવશેષો મળી આવ્યા

## DNA પરીક્ષણ બાદ છ પરિવારોને સોંપાયા, એક પરિવારે હજુ નિર્ણય લીધો નથી

અમદાવાદ,તા.૪

૧૨ જૂનના રોજ અમદાવાદમાં થયેલા એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનાથી દેશભરના લોકોને આઘાત લાગ્યો હતો. આ અકસ્માત એટલો ભયાનક હતો કે તેમાં લગભગ ૨૬૦ લોકો મૃત્યુ પામ્યા હતા અને મૃતકોની ઓળખ માટે ડીએનએ પ્રોફાઈલિંગની મદદ લેવી પડી હતી. આ સંદર્ભમાં, અકસ્માત સ્થળેથી મળી આવેલા શરીરના કેટલાક વધુ ભાગો ડીએનએ પરીક્ષણ પછી છ પરિવારોને સોંપવામાં આવ્યા છે. શુક્રવારે અમદાવાદ સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ આ માહિતી આપી હતી. આ કિસ્સામાં, ડૉ. જોશીએ જણાવ્યું હતું કે અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોની સંખ્યા હજુ પણ સત્તાવાર રીતે ૨૬૦ છે. તેમણે કહ્યું કે ગુરુવારે સોંપવામાં આવેલા શરીરના ભાગો એ જ મૃતકના છે જેમની ઓળખ પહેલાથી જ થઈ ગઈ હતી. ૨૭ જૂને અધિકારીઓએ જાહેરાત કરી હતી કે છેલ્લા મૃતકનો મૃતદેહ તેના પરિવારને સોંપવામાં આવ્યો છે. જોકે, તે સમયે જ હોસ્પિટલ પ્રશાસને સ્પષ્ટ કરી દીધું હતું કે આ ઘટના વિસ્ફોટ જેવી હતી, જેના કારણે શરીરના ઘણા ભાગો અહીં-ત્યાં વિખરાયેલા હતા અને કેટલાક વધુ ભાગો મળવાની શક્યતા છે. આ સાથે, ડૉ. જોશીએ એમ પણ કહ્યું કે આ કેસમાં મોટાભાગના પરિવારોએ પહેલાથી જ પરવાનગી આપી દીધી હતી કે જો વધુ અવશેષો મળે, તો હોસ્પિટલે જ તેમના અંતિમ સંસ્કાર કરવા જોઈએ. પરંતુ ૧૬ પરિવારોએ કહ્યું હતું કે જો બીજું કંઈ મળે તો પહેલા તેમને જાણ કરવી જોઈએ. આ અંતર્ગત, હોસ્પિટલે આ ૧૬ પરિવારોને તાજેતરમાં મળી આવેલા અવશેષો વિશે માહિતી આપી. આમાંથી છ પરિવારો ગુરુવારે આવ્યા અને મૃતદેહના અવશેષો લીધા, નવ પરિવારે અંતિમ સંસ્કાર માટે હોસ્પિટલને પરવાનગી આપી, જ્યારે એક પરિવારે હજુ સુધી કોઈ નિર્ણય લીધો નથી. ઉલ્લેખનીય છે કે ૧૨ જૂનના રોજ ગુજરાતના અમદાવાદથી લંડનના ગેટવિક જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ ટેકઓફ કર્યા પછી તરત જ અકસ્માતનો ભોગ બની હતી. વિમાનમાં કુલ ૨૪૨ મુસાફરો અને ક્રૂ સભ્યો હતા. આ અકસ્માતમાં એક મુસાફર સિવાય બાકીના બધાના મોત થયા હતા. અમદાવાદ એરપોર્ટથી ઉડાન ભર્યા પછી તરત જ એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ-૧૭૧ એક હોસ્ટેલ બિલ્ડિંગ સાથે અથડાઈ ગઈ. જેના કારણે હોસ્ટેલમાં હાજર અન્ય ૨૯ લોકો માર્યા ગયા. આ રીતે, એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં લગભગ ૨૬૦ લોકોએ જીવ ગુમાવ્યા.

યુનિટે ૯૫૦૦ ગ્રામ શુદ્ધ કેસર અને ૧૫ આઇફોન ૧૬ પ્રો તથા ૪આઇવોચ જપ્ત કરી

# બેંગકોકથી આવતી ફ્લાઈટમાંથી ડીઆરઆઈએ ૬.૫ કરોડની કિંમતનો ૬.૫ કિલો ગાંજો ઝડપી પાડ્યો

અમદાવાદ તા.૪

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ હવે ડ્રગ્સ અને ગાંજાનું પ્રવેશ દ્વાર બની ગયું છે. ત્યારે જ વધુ એક વખત બેંકોકથી આવતી ફ્લાઈટમાંથી રૂપિયા સાડા છ કરોડનો ૬.૫ કીલો ગાંજો ડીઆરાઈએ ઝડપી લીધો હતો. જ્યારે એર ઈન્ટેલિજન્સ યુનિટે એરપોર્ટ પરથી ૯૫૦૦ ગ્રામશુદ્ધ કેરસ અને ૧૫ આઈફોન ૧૬ પ્રો તથા ચાર આઈવોચ કબજે લીધી હતી. આ દાણચોરીનો માલ કોના માટે લાવવામાં આવતો હતો. તેની તપાસ ચાલી રહી છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે છેલ્લા બે મહિનામાં લગભગ કરોડો રૂપિયાનો ગાંજો અને ડ્રગ્સ એરપોર્ટ પરથી પકડાયું છે.

ફ્લાઈટ અમદાવાદ પહોંચ્યા બાદ મુસાફરો ઈમીગ્રેસની ક્લીયરન્સમાં હતા ત્યારે જ ડીઆરઆઈની ટીમે એક મહિલાની પૂછપરછ કરી હતી. જેની પાસેથી ૬.૫ કિલો હાઈબ્રીડ ગાંજો મળી આવ્યો હતો ડીઆરઆઈની ટીમે આ સાડ છ કરોડનો ગાંજો કબજે લઈને મહિલની અટક કરી તેની પૂછપરછ શરૂ કરી છે. તે કોના માટે ગાંજો લઈને આવી હતી તેની તપાસ ચાલી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા બેમહિનામાં જ અમદાવાદ એરપોર્ટ પરથી લગભગ બસ્સો કિલો ગાંજો ઝડપાયો છે. જ્યારે અન્ય એક કેસમાં અબુધાબીથી આવી રહેલી ફ્લાઈટમાં એક મુસાફર ૯૫૦૦ ગ્રામ કેસર લઈને આવી રહ્યો હોવાની બાતમી કસ્ટમ્સની ટીમને મળી હતી. જેને પગલે કસ્ટમ્સની ટીમ જેતે મુસાફરને અટકાવી તેની તપાસ કતરાં તેની પાસેથી ૯૫૦૦ ગ્રામ શુદ્ધ કેસર મળી આવ્યું હતું. જ્યારે ૧૫ આઈફોન પ્રો તથા ૪ આઈ વોચ પણ મળી આવી હતી. દાણચોરીની આ તમામ વસ્તુઓ કસ્ટમ્સની ટીમે કબજે લઈને વધુ તપાસ આદરી છે. થોડા સમય પહેલાજ અમદાવાદ એરપોર્ટ પરથી દાણચોરીની કરોડો રૂપિયાની ગડીયાળો પણ કસ્ટમ્સની ટીમે કબજે લઈને તપાસ શરૂ કરી હતી.

છત્તીસગઢના મંત્રી મીડિયાને બાઈટ આપી રહ્યા હતા ત્યાં જ પાણી લીક થવા માંડતા દોડધામ મચી

# એકા ક્લબમાં આયુષ એક્સપો દરમિયાન સ્વિમિંગ પૂલની દીવાલ તૂટી ગઈ

## દીવાલ તૂટવાની ઘટના બની ત્યારે છત્તીસગઢના મંત્રી આયુષ એક્સ્પોની માહિતી આપી રહ્યા હતા

અમદાવાદ તા.૪

અમદાવાદના કાંકરિયા વિસ્તારમાં આવેલા એકા ક્લબ ખાતે આયોજિત પાંચમા આયુષ ઈન્ડિયા એક્ઝિબિશનમાં એક અણધારી ઘટના બની હતી. ક્લબની છત પર આવેલા સ્વિમિંગ પૂલની દીવાલ અચાનક તૂટી પડતાં પાણી મોટા પ્રમાણમાં લીક થવા માંડ્યું હતું, જેના પગલે કાર્યક્રમમાં ભાગ લેનારા લોકોમાં થોડા સમય માટે ભારે ભાગદોડ મચી ગઈ હતી.

ઘટના બની ત્યારે છત્તીસગઢના મંત્રી બાઈટ આપી રહ્યા હતા, ત્યાં અચાનક દીવાલ તૂટવાનો અવાજ આવ્યો અને તરત જ પાણીનો પ્રવાહ નીચે આવવા લાગ્યો. આ દૃશ્ય જોઈને એક્ઝિબિશનમાં હાજર લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો અને સલામતી માટે ભાગદોડ શરૂ થઈ ગઈ. ક્લબની આસપાસ આવેલી દુકાનો અને શો રૂમના લોકોમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો હતો અને સાવચેતીના ભાગરૂપે તાત્કાલિક ધોરણે દુકાનો અને શો રૂમ બંધ કરી દેવામાં આવ્યા હતા. ઘટના બનતાંની સાથે જ તાત્કાલિક ધોરણે સ્વિમિંગ પૂલનું પાણી ખાલી કરી દેવામાં આવ્યું હતું અને પરિસ્થિતિને કાબૂમાં લેવામાં આવી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ મોટી જાનહાનિ થઈ નથી, પરંતુ અમુક લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

ઓલ ગુજરાત આયુર્વેદ મેડિકલ એસોસિયેશન અને સ્પાર્ક મીડિયા દ્વારા ૪ જુલાઈથી ૬ જુલાઈ દરમિયાન આયુષ ઈન્ડિયા એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ એક્સ્પોમાં ત્રણ દિવસમાં લગભગ ૪૦૦૦ કરતાં વધારે આયુર્વેદ તબીબો જોડાવાના છે અને વિઝિટ કરવાના છે. ઉપરાંત ૧૫,૦૦૦થી વધારે વિઝિટર્સ આ એક્સ્પોની મુલાકાત લેવાના છે. આયુષ ઈન્ડિયા એક્સ્પોમાં છત્તીસગઢ રાજ્ય સ્ટેટ પાર્ટનર તરીકે જોડાયેલા છે તેમજ માલાવી અને લીસોથા કન્ટ્રીના હાઈ કમિશનરો એક્સપોમાં અતિથિ આવવાના છે. ત્યારે એક્ઝિબિશનના પહેલા જ દિવસે દુર્ઘટના બનતાં લોકોમાં ફફડાટ ફેલાયો.



### દુર્ઘટનાને પગલે આયુષ એક્સ્પો રદ કરવો પડ્યો

ક્લબની છત પર આવેલા સ્વિમિંગ પૂલની દીવાલ અચાનક તૂટી પડતાં પાણી મોટા પ્રમાણમાં લીક થવા માંડ્યું હતું, જેના પગલે કાર્યક્રમમાં ભાગ લેનારા લોકોમાં થોડા સમય માટે ભારે ભાગદોડ મચી હતી.ત્યાર બાદ દિવાલ પડવાને કારણે ૪થી ૬ જુલાઈ દરમિયાન યોજાનારો આ આયુર્વેદિક એક્સ્પો કેન્સલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

મંદીગ્રસ્ત હીરા ઉદ્યોગ તેમજ ઝવેરાત ઉદ્યોગનાં વિકાસ માટે હવે ચેમ્બરનાં નેજા હેઠળ કામગીરી હાથ ધરાશે

# હીરા-ઝવેરાત ઉદ્યોગનાં વિકાસ માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ડાયમંડ ટાસ્ક ફોર્સની રચના

## હીરા ઝવેરાત ઉદ્યોગ સાથે સંકળાયેલા ૭થી વધુ સત્તામંડળો અને સંગઠનોનાં પ્રમુખોને મેમ્બર બનાવાયાં : દિનેશ નાવડિયાની ચેરમેન તરીકે નિમણૂક

સુરત, તા.૪

સર્દન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝનાં ૮૬ વર્ષનાં ઈતિહાસમાં પહેલીવાર સુરત જેના માટે વિશ્વવિખ્યાત છે એ હીરા અને ઝવેરાત ઉદ્યોગનાં વિકાસ માટે ડાયમંડ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. અત્યાર સુધી ચેમ્બર ઓફ કોમર્સની કામગીરીમાં હીરાઉદ્યોગને જાણ્યે અજાણ્યે નજરઅંદાજે થતો હતો પરંતુ, હવે હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા ૭થી વધુ સત્તામંડળો, સંગઠનોનાં આગેવાનોને ભેગા કરીને ચેમ્બર ઓફ કોમર્સે હીરા ઝવેરાત ઉદ્યોગનાં વિકાસ માટે ખાસ ટાસ્ક ફોર્સની રચના કરી છે જેની પહેલી મીટિંગ આજે યોજાઈ હતી. ડાયમંડ ટાસ્ક ફોર્સનાં ચેરમેન તરીકે દિનેશ નાવડિયાની નિમણૂંક કરવા ઉપરાંત ડાયમંડ ટાસ્ક ફોર્સ થકી કયા પ્રકારની પ્રવૃત્તિઓ કરી શકાય તેના વિષે મીટિંગમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.ચેમ્બર ઓફ કોમર્સનાં ડાયમંડ ટાસ્ક ફોર્સની પ્રથમ મીટિંગમાં ચેમ્બરનાં ઓફિસ બેરર્સ ઉપરાંત ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટયુટ, સુરત ડાયમંડ એસોસીએશન, લેબગ્રોન ડાયમંડ એસોસીએશન, જેમ એન્ડ જ્વેલરી એક્ષ્પોર્ટ પ્રમોશન કાઉન્સિલ, સુરત જ્વેલરી મેન્યુફેક્ચરર્સ એસોસીએશન, સુરત ડાયમંડ બુર્સ, સુરત ડાયમંડ બ્રોકર એસોસીએશન, સુરત ડાયમંડ ટ્રેડર એસોસીએશન, ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસીએશન, વરાછા-કતારગામ જ્વેલર્સ એસોસીએશન (સુરત જ્વેલર્સ એસોસીએશન) અને સુરત જ્વેલરી એસોસીએશનના પ્રમુખો, ચેરમેનો અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયાં હતાં. આ મીટિંગમાં સુરતના ડાયમંડ એન્ડ જ્વેલરી ઉદ્યોગને વિશ્વમાં કેવી રીતે વધુ મજબૂત બનાવી શકાય અને એના માટે ચેમ્બર ખાતે ડાયમંડ ટાસ્ક ફોર્સ કયા પ્રકારની પ્રવૃત્તિઓ કરી શકે તેના વિષે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.



### ચેમ્બરે માઇનિંગ લોકેશન પર ડાયમંડ ડેલિગેશન લઇ જવું જોઇએ

હીરા ઉદ્યોગપતિ પિન્ટુ ધોળકીયાએ જણાવ્યું હતું કે, ડાયમંડ ટાસ્ક ફોર્સનાં માધ્યમથી વિશ્વમાં મહત્વનાં માઈનિંગ લોકેશન પર ડાયમંડ ઉદ્યોગકારોના ડેલીગેશનને લઈ જઈ શકાય છે. તેમણે સ્કીલ ડેવલપમેન્ટ વિષે જણાવતા કહયું હતું કે, નવી ટેકનિકલ પ્રોસેસિંગ પદ્ધતિઓને ધ્યાનમાં લેતાં ડાયમંડ કટિંગ-પોલીશિંગ, ડિઝાઈનિંગ, જેમોલોજી અને ફિનિશિંગ જેવા વિવિધ સ્તરે યુવાઓને તાલીમ આપી શકાય છે. શોર્ટ ટર્મ કોર્સિસ અને વર્કશોપનાં આયોજન દ્વારા ડાયમંડ તથા જ્વેલરી ઉદ્યોગને વધુ સશક્ત બનાવવાની દિશામાં પ્રયાસ કરવા જરૂરી છે. સુરત ડાયમંડ એસોસીએશનનાં પ્રમુખ જગદીશ ખૂંટે જણાવ્યું હતું કે, ચેમ્બરનાં ડાયમંડ ટાસ્ક ફોર્સ થકી ડાયમંડની માંગ વૈશ્વિક સ્તરે વધે તે દિશામાં પ્રયાસ કરી શકાય છે.

કેનેડાનાં વર્ક પરમિટ વિઝા મેળવવા જતાં ભાવનગરનાં પ્રોફેસરે ૧૭ લાખ ગુમાવ્યાં

# કેનેડા અને યુકેનાં વર્ક પરમીટ વિઝા મેળવવામાં પ્રોફેસર અને સુપરવાઈઝર સાથે રૂપિયા ૨૫ લાખની છેતરપિંડી

સુરત, તા.૪

ઉધના મગદલ્લા રોડ, સેન્ટ્રલ બજારમાં કાર્યરત સ્કાય મેકોન ઈમિગ્રેશનનાં સંચાલકો સામે કેનેડાનાં વર્ક પરમિટ વિઝા આપવાના બહાને ૧૭ લાખ પડાવી લેવા અંગે ભાવનગરનાં પ્રોફેસરે ફરિયાદ નોંધાવી છે. જ્યારે અન્ય બનાવમાં દિકરાનાં યુકેનાં વર્ક પરમીટ વિઝા કરાવવા જતા કારખાના સુપરવાઈઝર સાથે ૮ લાખનું ચીટિંગ થયું છે.

ભાવનગરનાં ઘોઘા, તગડી ગામ ખાતે રહેતાં સંજય લાઠીયા વ્યવસાયે પ્રોફેસર છે. તેમણે ઉધના મગદલ્લા રોડ, સેન્ટ્રલ બજાર, વેનેઝીયનોમાં આવેલ સ્કાય મેકોન ઈમિગ્રેશનનાં સંચાલક અંકિતા વિકાસ મિસ્રી, જેનિલ શૈલેષભાઈ પ્રજાપતિ અને રાજેશ શાહ સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે આરોપીઓએ તેમને કેનેડામાં વર્ક પરમિટ બનાવી આપવવાના બહાને ગત તા ૧૮ ઓગસ્ટ ૨૦૨૪ થી ૨૭ મે૨૦૨૫ સુધીમાં ટુકડે ટુકડે કરી કુલ રૂપિયા ૧૭ લાખ તેમજ ઓરિજિનલ પાસપોર્ટ લીધા બાદ કેનેડાનાં વિઝા નહીં અપાવી કે પૈસા પરત નહીં કરી તેમની સાથે છેતરપિંડી કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સ્કાય મેકોન ઈમિગ્રેશનના સંચાલકોએ કેનેડા સહિતના દેશના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને અનેક લોકો પાસેથી પૈસા પડાવ્યા બાદ ઉઠામણું કર્યું છે. વિઝા ચીટિંગનો બીજો બનાવ ખટોદરા પોલીસ મથકમાં નોંધાયો છે. બમરોલી રોડ, કોમલ સર્કલ પાસે ન્યુ આશીર્વાદ ફ્લેટ્સમાં રહેતા ૬૦ વર્ષીય ડાહ્યાભાઈ પટેલ પાવર લુમ્સના ખાતામાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. ડાહ્યાભાઈનો દિકરો લંડનમાં અભ્યાસ કરે છે.

ગોડાદરાની માનસરોવર સોસાયટીમાં એસએમસીનું ઓપરેશન

# નશેડીઓને વેચવા માટે ગેરકાયદે સંગ્રહ કરાયેલી સીરપની ૧૯૧૨ બોટલ ઝડપાઈ

## રાજસ્થાની ચૌધરી યુવકો પાટણનાં હારીજથી આનંદ જોષી પાસે કોડીન સીરપ મગાવતા હતાં

સુરત, તા.૪

નશેડીઓ દેશી વિદેશી દારૂ, જુદા જુદા પ્રકારના માદક પદાર્થ ઉપરાંત કફ સીરપ અને પેઈનકિલર દવાનો પણ નશા માટે ઉપયોગ કરી રહ્યા છે. મેડિકલ સ્ટોર સંચાલક તબીબી સલાહ વિના આવી દવાઓ વેચતા હોય ત્યાં પોલીસ અને ખાસ કરીને એસઓજી દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. જો કે, એસઓજીનાં છૂટક કેસો વચ્ચે એસએમસીએ ગોડાદરામાં સપાટો બોલાવ્યો છે. માનસરોવર સોસાયટીમાં દરોડો પાડી ગેરકાયદે સંગ્રહ કરી રખાયેલી ૩.૪૪ લાખ કિંમતની સિરપની ૧૯૧૨ બોટલ કબજે લીધી હતી.

સુરત શહેરમાં પોલીસ દ્વારા નો ડ્રગ્સ ઈન સુરત સિટી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ ડ્રાઈવમાં એવું ધ્યાને આવ્યું હતું કે કેટલાક મેડિકલ સ્ટોર ઉપર ડોક્ટરનાં પ્રીસ્ક્રિપ્શન વગર નશાકારક સીરપ તથા ટેબલેટનું વેચાણ કરવામાં આવે છે. દવાનો નશેડીઓ દ્વારા ડ્રગ્સ તરીકે ઉપયોગ થાય છે. તબીબી સલાહ વિના કે વધારે માત્રામાં લેવાથી સ્વાસ્થ્ય પર ગંભીર અસર પાડનારી આ દવાઓના દુરુપયોગ રોકવા પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને એસઓજી દ્વારા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને સાથે રાખી આ કામગીરી કરાય છે. જો કે, આ કેસ કહો કે કાર્યવાહી ચોપડે બતાવવા પુરતી સીમિત રહ્યાની પ્રતીતિ કરાવતો કેસ સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા કરવામાં આવ્યો છે.

એસએમસીનાં ઈન્સ્પેક્ટર બી. એચ. રાઠોડ અને પીએસઆઈ કે. એચ. ઝંકાટની ટીમે બાતમીના આધારે ગોડાદરાની માન સરોવર સોસાયટીમાં દરોડો પાડ્યો હતો. અહીં બી-૧૦૬ નંબરના મકાનમાંથી મહેન્દ્ર પોખરાજ ચૌધરી (રહે, માનસરોવર સોસાયટી, ગોડાદરા) તથા તેના ભાગીદાર નારાયણલાલ દિપરામજી ચૌધરી (રહે, ધ્રુવ પાર્ક સોસાયટી, ગોડાદરા)ને અટકાયતમાં લીધા હતાં. ઘરમાં તપાસ કરાતાં આવતાં ભુરા રંગનાં પ્લાસ્ટિકનાં ડ્રમમાં સંતાડી રખાયેલો કોડીન ફોસ્ફેટ એન્ડ ટ્રીપ્રોલાઈડાઈન હાઈડ્રોક્લોરાઈડ સીરપનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

ત્રણ ડ્રમ ખાલી કરાતાં તેમાંથી કફ સીરપની ૧૯૧૨ બોટલ મળી આવી હતી. જેની કિંમત ૩,૪૪,૧૬૦ રૂપિયા જેટલી નોંધવામાં આવી હતી. એસએમસીએ ગેરકાયદે વેચાણનાં ઈરાદે સંગ્રહ કરાયેલી સીરપની બોટલો ઉપરાંત ત્રણ મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ ૩,૯૦,૬૮૦ કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

બિલ્ડર ફરિદખાન પઠાણ નોટિસોને ઘોળીને પી જતાં કડક કાર્યવાહી

# ફાયર સેફ્ટી મુદ્દે ઓલપાડનાં પાંચ મજલી અલહુસેન એપાર્ટમેન્ટનો વપરાશ બંધ કરાવવાનો પ્રથમ કિસ્સો

સુરત, તા.૪

ફાયર સેફ્ટી મુદ્દે હાઈકોર્ટે કડક વલણ અપનાવ્યું હોવાથી રાજ્યનાં તમામ શહેર અને જિલ્લાનાં વહિવટી અધિકારીઓએ પણ ફાયર સેફ્ટીનાં નિયમોનું પાલન નહીં કરનારા લોકો વિરૂદ્ધ કડક કાર્યવાહી હાથ ધરી છે. ઓલપાડમાં અલહુસેન નામનાં પાંચ મજલી એપાર્ટમેન્ટમાં ફાયર સેફ્ટીની પુરતી સુવિધા નહીં હોવાના કારણોસર એપાર્ટમેન્ટનો વપરાશ બંધ કરાવવાનો હુકમ કરવામાં આવ્યો છે. રિજનલ ફાયર ઓફિસર દ્વારા હુકમની જાણ પ્રાન્ત અધિકારી, તલાટી તેમજ ઓલપાડ પોલીસ મથકનાં ઈન્સ્પેક્ટરને પણ કરવામાં આવી છે.ઓલપાડનાં ઘોરખુદાવાડ, પરામસ્જિદની ગલીમાં બિલ્ડર ફરિદખાન પઠાણ દ્વારા અલહુસેન નામનું પાંચ મજલી એપાર્ટમેન્ટ બાંધવામાં આવ્યું છે. રાજ્યનાં બાંધકામનાં નિયમ વિરૂદ્ધ વધારે માળનું બાંધકામ કરીને વિવાદાસ્પદ બનેલાં ફરિદખાન પઠાણે ફાયર સેફ્ટીનાં કાયદાનું પણ છડેચોક ઉલ્લંઘન કર્યું હતું જે બાબતે ફરિયાદ થતાં રિજનલ ફાયર ઓફિસર અભિજિત ગઢવીએ તા. ૦૭-૦૪-૨૦૨૫નાં રોજ નોટિસ ફટકારી હતી. નોટિસ પછી પણ ફાયર સેફ્ટી બાબતે કોઈ જ કાર્યવાહી નહીં કરતાં અભિજિત ગઢવીએ તા. ૦૯-૦૫-૨૦૨૫નાં રોજ બીજી નોટિસ પણ ફટકારી છતાં પોતાને કાયદાથી ઉપર ગણતાં ફરિદખાન પઠાણ નોટિસને ઘોળીને પી જતાં આખરે રિજનલ ફાયર ઓફિસર અભિજિત ગઢવીએ તા. ૨૪-૦૬-૨૦૨૫નાં રોજ ગુજરાત ફાયર પ્રીવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ-૨૦૧૩ની કલમ(૨૬) મુજબ એપાર્ટમેન્ટનો વપરાશ બંધ કરવાનો હુકમ કર્યો છે. આ હુકમનું પાલન કરાવવા માટે તેમણે ઓલપાડ પ્રાન્ત ઓફિસર, ઓલપાડનાં તલાટી તેમજ ઓલપાડ પોલીસ મથકનાં ઈન્સ્પેક્ટરને પણ જાણ કરી છે.



## નાટોનું નવું ૫% સંરક્ષણ ખર્ચ બજેટ કેવું છે અને કોના માટે ફાયદાકારક?

બુધવારે જ્યારે આ દેશોના નેતાઓ નાટોની બેઠકમાં હાજરી આપશે, ત્યારે તેઓ નવા બજેટને મંજૂરી આપે તેવી પ્રબળ શક્યતા છે. આ બજેટ મુજબ, સભ્યો તેમના જીડીપીના ૫ ટકા સંરક્ષણ અને અન્ય સંબંધિત બાબતોમાં રોકાણ કરશે. નાટોના બજેટમાં આ મોટો વધારો હશે કારણ કે વર્તમાન લક્ષ્ય માત્ર ૨ ટકા છે. ૨૦૧૪ માં વેલ્સમાં યોજાયેલી પરિષદમાં તેને મંજૂરી આપવામાં આવી હતી. જોકે, આ વખતે લક્ષ્ય માપવાની પદ્ધતિ પહેલા કરતા થોડી અલગ હશે. નાટો સભ્ય દેશો સંરક્ષણના મુખ્ય ભાગ એટલે કે શસ્ત્રો અને સૈન્ય પર જીડીપી ના ૩.૫ ટકા ખર્ચ કરે તેવી અપેક્ષા છે. હાલમાં, આ ખર્ચ ૨ ટકાના વર્તમાન લક્ષ્ય દ્વારા પૂર્ણ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, સભ્ય દેશો વ્યાપક સંરક્ષણ અને સંરક્ષણ સંબંધિત રોકાણો પર જીડીપી ના ૧.૫ ટકા ખર્ચ કરશે. આમાં રસ્તાઓ, પુલો અને બંદરોને સુધારવાનો સમાવેશ થાય છે જેથી તેનો ઉપયોગ લશ્કરી વાહનો માટે થઈ શકે, તેમજ સાયબર સુરક્ષા અને ઊર્જા પાઈપલાઈન્સની સુરક્ષાનો સમાવેશ થાય છે.

ઘણા દેશો માટે, ખર્ચમાં આ વધારો ખૂબ મોટો છે. ૩૨ દેશોના આ સંગઠનમાં ગયા વર્ષે ફક્ત ૨૨ દેશો જ તેમના જીડીપીના ૨ ટકા કે તેથી વધુ સંરક્ષણ પર ખર્ચ કરી શક્યા હતા. એકંદરે, આ લશ્કરી સંગઠનના સભ્યોએ નાટો દેશોના જીડીપી ના ૨.૬૧ ટકા સંરક્ષણ જરૂરિયાતો પર ખર્ચ કર્યા. જો કે, આ આંકડો સભ્ય દેશોના ખર્ચમાં મોટો તફાવત છુપાવે છે. ઉદાહરણ તરીકે, પોલેન્ડે તેના જીડીપી ના ૪ ટકા સંરક્ષણ પર ખર્ચ કર્યો અને તે સૌથી વધુ ખર્ચ કરતો દેશ છે. બીજી બાજુ, સ્પેન છે, જેણે ફક્ત ૧.૩ ટકા ખર્ચ કર્યો. કેટલાક દેશો આટલા મોટા ખર્ચ માટે તૈયાર નથી. નાટો દેશો ૨૦૩૫ સુધીમાં તેમના લક્ષ્યો સુધી પહોંચવાની અપેક્ષા રાખે છે. આ લક્ષ્યોની ૨૦૨૯ માં સમીક્ષા કરવામાં આવશે અને પછી તેમાં કેટલાક ફેરફારો કરી શકાય છે.

આ લક્ષ્ય સુધી પહોંચવા માટે નાટોના સભ્ય દેશોએ કેટલા વધારાના પૈસા ખર્ચવા પડશે તે કહેવું મુશ્કેલ છે. આ આગામી વર્ષોમાં દેશોની અર્થવ્યવસ્થા પર નિર્ભર રહેશે. આ સાથે, એ પણ મહત્વપૂર્ણ છે કે નાટો હાલમાં સુરક્ષા અને સુરક્ષા સંબંધિત રોકાણો વચ્ચે ખર્ચને અલગ પાડતો નથી. હાલમાં આ માટે કોઈ સ્કેલ પણ નથી. જોકે, ૨૦૨૪માં, નાટો દેશોએ સંરક્ષણ પાછળ ૧.૩ ટ્રિલિયન યુએસ ડોલર ખર્ચ્યા. ૨૦૨૧ ના ભાવોના આધારે, આ એક દાયકા પહેલાના ખર્ચ કરતા લગભગ ૧ ટ્રિલિયન વધુ છે. જો બધા નાટો દેશોએ ગયા વર્ષે જીડીપી ના ૩.૫ ટકા ખર્ચ કર્યો હોત, તો તે લગભગ ૧.૭૫ ટ્રિલિયન હોત. આનો અર્થ એ થયો કે નવા લક્ષ્યો સુધી પહોંચવા માટે, આ દેશોએ હાલમાં ખર્ચ કરતા દર વર્ષે સેંકડો અબજો ડોલર વધુ ખર્ચ કરવા પડશે.

નાટોએ તેના સભ્ય દેશો માટે નવી ક્ષમતાઓ પર સંમતિ દર્શાવી છે. આમાં પોતાનો અને જોડાણનો બચાવ કરવા માટે તેમની પાસે કયા સૈનિકો, સૈનિકો, શસ્ત્રો અને સાધનો હોવા જોઈએ તે અંગે વ્યાપક કરારનો સમાવેશ થાય છે. આ લક્ષ્યો ગુપ્ત છે, પરંતુ રૂટે કહે છે કે ગઠબંધને 'હવાઈ સંરક્ષણ, ફાઈટર જેટ, ટેન્ક, ડ્રોન, સૈનિકો અને લોજિસ્ટિક્સ સહિત' અનેક ક્ષેત્રોમાં રોકાણોને મંજૂરી આપી છે. કેટલાક દેશો સંરક્ષણ ખર્ચ અંગે સંપૂર્ણપણે સહમત નથી. સ્પેન જેવા કેટલાક દેશો આટલો ખર્ચ કરવા તૈયાર નથી. સ્પેનના વડા પ્રધાન કહે છે કે તેઓ ઓછો ખર્ચ કરીને પણ લશ્કરી ક્ષમતાના લક્ષ્યો સુધી પહોંચી શકે છે. નાટો સભ્ય દેશો દ્વારા સંરક્ષણ ખર્ચ તેમના રાષ્ટ્રીય બજેટનો ખૂબ જ નાનો ભાગ છે. ૨૦૨૩ માં ઈટાલીએ તેના કુલ બજેટના ૩.૨ ટકા, ફ્રાન્સે ૩.૯ ટકા અને પોલેન્ડે ૮.૫ ટકા સંરક્ષણ પર ખર્ચ કર્યો. બીજી તરફ, રશિયાએ તે વર્ષે તેના સરકારી ખર્ચના લગભગ ૧૯ ટકા સંરક્ષણ પર ખર્ચ કર્યા.

- તંત્રી

# તમને વરસાદના સમ



એક દિવસ અમારી ઓફિસમાં રિસેસ દરમિયાન સાવ અચાનક જ ભજીયાની સોડમ આવતા અમે સૌ એકબીજા સામે નેણ ઉંચા-નીચા કરી પ્રશ્નાર્થ નજરે જોવા લાગ્યા, ત્યાં અમારા એક વડીલ શિક્ષક મિત્રે હરખ સાથે ફોડ પાડ્યો, 'બાબલાની વાત પાક્કી થઈ ગઈ.' એમની આંખોમાં સંતોષ અને ગૌરવ છલકતા હતા. સંતોષ જવાબદારી પૂરી થયાનો અને ગૌરવ સંબંધી પરિવાર જ્ઞાતિમાં આગળ પડતું સ્થાન ધરાવતો હોવાનો હતો. બહાર ઝરમર વરસાદ વરસતો હતો અને એમણે કેવી રીતે ગોઠવાયું એનું ટૂંકું વર્ણન કર્યું, 'હજુ બે રવિવાર પહેલા એક પરિચિત જ્ઞાતિ બંધુ બાબલાનો બાયોડેટા લઈ ગયા હતા. એમના ધ્યાનમાં દીકરી હતી. એના બે દિવસ પછી દીકરીની બાયોડેટા એ અમને આપી ગયા. પછીના રવિવારે અમે દીકરી જોવા ગયા. પરિવાર તો બંને પરિચિત જ હતા.

દીકરી સી.એ. થયેલી છે અને આપણો બાબલો એમ.બી.એ. એટલે વાંધો આવે એમ નહોતો. જોડી પણ મિથુન અને પદ્મિની કોલ્હાપુરી જેવી જામતી હતી. અમે તો બીજા જ દિવસે પેલા મધ્યસ્થ વડીલને અમારા તરફથી હા કહેવડાવી દીધી. એ પછી દીકરી વાળાનો પરિવાર અમારું ઘર જોવા અમારે ત્યાં આવ્યા. ગઈ કાલે એમની હા આવી ગઈ. આ રવિવારે જલની અને સગાઈની વિધિ છે. મેં તો મિષ્ટાનની પાર્ટી નક્કી કરી હતી પણ સાહેબે વરસાદની સીઝનમાં ભજીયા રાખવાનું કહ્યું એટલે પહેલા થોડું ખારું-તીખું મોં કરો પછી આઈસ્કીમથી મોં ગળ્યું કરીશું.' અમે સૌએ તાળીઓના ગડગડાટથી એમના હરખને વધાવી લીધો.



**શબ્દકમળ**
**કમલેશ જોષી**

ઘરે જતી વખતે અમે જોયું કે નવો મુરતિયો એના પપ્પાને તેડવા હોન્ડા લઈને આવ્યો હતો. એના ચહેરા પરની સાચુકલી ખુશી અને કોન્ફિડન્સ જોઈને લાગ્યું કે ખરેખર 'સબ રસમો સે બડી હૈ જગમેં દિલસે દિલકી સગાઈ'. મારી સાથે ઉભેલા શિક્ષક મિત્રે કહ્યું, 'અમારા મેરેજને અઢાર વર્ષ થયા, અમારી સગાઈ થઈ ત્યારથી આજ સુધી મેં મારી વાઈફને અને એણે મને રોજ એક વાર તો 'આઈ લવ યુ' કહ્યું જ છે.' હું એની સામે આશ્ચર્ય અને સ્મિત સાથે જોઈ રહ્યો. એના ચહેરા પર પણ પેલા નવા-સવા મુરતિયાના ચહેરા પર હતું એવું જ તેજ મને જોવા મળ્યું.

હવે ડીયર મેરીડ મિત્રો, તમે કહો તમે તમારા જીવન સાથીને છેલ્લે ક્યારે આઈ લવ યુ કે હું તને ચાહું છું કે આમી તુમાકે ભાલો બાસી કહ્યું હતું? જો તમારે બહુ યાદ કરવું પડે તો તમારા ચહેરા પર પેલા નવા-સવા કે પેલા અઢાર વર્ષ લગ્નના વટાવી ચૂકેલા મિત્ર જેવું તેજ તો નહિ જ હોય એની મારી ગેરેંટી.

એક મિત્રે કહ્યું, 'વરસાદની મોસમ એટલે પ્રેમની મોસમ. દાંપત્યને, જીવન સાથી પ્રત્યેના આકર્ષણને રીન્યુ-રીચાર્જ અને રીસ્ટાર્ટ કરવાની ઋતુ.' ચાલીસ-પચાસની ઉંમર વટાવી ગયેલા ખાસ વાંચે. પ્રોસીઝર સિમ્પલ છે. તમે યાદ કરો એ દિવસ કે જે દિવસે તમારા લગ્નની તારીખ નક્કી થઈ હતી. એ ડીસેમ્બર મહિનો હતો કે મે કે પછી કાયમનું શુભ મનાતું મુહૂર્ત અખાત્રીજ કે કોઈ જુદી જ તારીખ હતી? સગાઈ અને લગ્નના ગાળા દરમિયાનના ઈન્તેજારના એ દિવસોમાં કયું ગીત તમે મનમાં ગણગણતા કે એકબીજાને ફોન પર કે લેટરમાં લખી મોકલતા? 'ઈન્તેહા હો ગઈ ઈન્તેજાર કી' કે પછી 'કાટે નહિ કટતે યે દિન યે રાત' કે પછી 'મેરે રંગમે રંગને વાલી, પરી હો યા હો પરીયો કી રાની' કે પછી 'તુમ જો મિલ ગયે હો, તો યે લગતા હે કે જહાં મિલ ગયા' કે પછી બીજું જ કોઈ? તમારી જોડી કેવી લાગતી? મિથુન પદ્મિની જેવી, અમિતાભ રેખા જેવી, અનીલ માધુરી જેવી કે ગોવિંદા કરિશ્મા જેવી? એ દિવસોમાં એનો ફોન, એનો અવાજ, એની નજર અને એનો ચહેરો તમારી ભીતરે કેવો વિશ્વાસ, ઉત્સાહ અને ઉત્તેજના ફેલાવી દેતા હતા? મિત્રો, મારું તો તમને નમ્ર સજેશન છે કે તમારા જીવનસાથી સાથે, હાથમાં હાથ પરોવી વરસતા વરસાદની સાક્ષીએ એકલા બેસીને આ એકાદ કલાક એ દિવસોને ફરી તાજાં કરશો તો ઋતુઓના રાજા વરસાદે કેવળ તમારા માટે સજાવેલી વરસાદી મોસમની એની મહેનત સફળ થશે.

એક વડીલે કહ્યું, 'દરેક વ્યક્તિ પોતાના જીવનસાથીને ખૂબ પ્રેમ કરતી જ હોય છે પણ મોટી ઉંમરે એ જતાવવાની રીત થોડી બદલાઈ જતી હોય છે. નવા-સવા પરણેલાઓ એક બીજાનો હાથ પકડી બગીચામાં હિમ્મતભેર લાગણી જતાવતાં હોય છે તો સીનિયર કપલ્સ એ બાબતમાં જરા મર્યાદા જાળવીને એકબીજાની તકેદારી રાખીને, માન જાળવીને પ્રેમનો ઈઝહાર કરી લેતા હોય છે.' એક વડીલે આખો ઉનાળો કેરી એટલે ન ખાધી કેમ કે એમના વાઈફને ડોકટરે કેરી ખાવાની મનાઈ ફરમાવી હતી, આ પણ એક પ્રકારનું આઈ લવ યુ જ નથી? એક વડીલે વધુ પડતા મહેમાનો ઘરે આવવાના હોવાથી ઓફિસેથી અર્ધી રજા લઈ વહેલા ઘરે પહોંચી શાક સુધારવામાં વાઈફને મદદ કરી એ પણ આઈ લવ યુ નો એક પ્રકાર જ છે ને? એક વાઈફે વહેલા ઉઠી ત્રણ-ચાર કલાકની એક્સ્ટ્રા મહેનત કરી થાળી ભરીને મસ્ત મજાના ચુરમાના લાડુ એટલા માટે બનાવ્યા કે એના હસબંડને છેલ્લા બેક અઠવાડિયાથી ચુરમાના લાડુ ખાવાની તીવ્ર ઈચ્છા થઈ હતી તો શું એ આઈ લવ યુ ન કહેવાય? લગ્ન જીવનના ચાર દાયકા વટાવી ચૂકેલું એક કપલ દર ત્રણ મહીને ટોકીઝમાં ફિલ્મ જોવા જાય છે અને જમવાનું પણ એ દિવસે એ કપલ એકલું જ બહાર પતાવે છે તો શું એ આઈ લવ યુ નથી?

**કામના બોજ કે બીજા-ત્રીજા ટેન્શનનો ઉનાળો ગમે એટલી કોશિશ કરે, ધગધગતો તાપ વરસાવે પણ જ્યાં સુધી તમે ચોમાસું બની પરસ્પર પ્રેમનો ધોધ વરસાવતાં રહેશો, ભાવથી ભીંજાતાં રહેશો ત્યાં સુધી પરિવાર હર્યોભર્યો, લીલોછમ્મ, ખુશનૂમા, ઉમંગ, ઉત્સાહ અને ઊર્જાથી છલકતો રહેશે**

મિત્રો આવા આઈ લવ યુ આખા ફેમિલીને ખૂબ ઉર્જા, ઉમંગ અને ઉત્સાહ આપતા હોય છે. કામના બોજ કે બીજા-ત્રીજા ટેન્શનનો ઉનાળો ગમે એટલી કોશિશ કરે, ધગધગતો તાપ વરસાવે પણ જ્યાં સુધી તમે ચોમાસું બની પરસ્પર પ્રેમનો ધોધ વરસાવતા રહેશો, ભાવથી ભીંજાતા રહેશો ત્યાં સુધી પરિવાર હર્યોભર્યો, લીલોછમ્મ, ખુશનુમા, ઉમંગ, ઉત્સાહ અને ઉર્જાથી છલકતો રહેશે એવું મારું માનવું છે. તમે શું માનો છો? આજનો દિવસ, જો શક્ય હોય તો, તમારા જીવનસાથી સાથે વરસાદમાં ભીંજાઈને, એને આઈ લવ યુ કહીને, એનો કોન્ફિડેન્સ વધારીને એક વખત ફરીથી નવયુગલની જેમ જીવવાની હિમ્મત કરીએ તો કેવું? જો વરસાદ આખું ગામ ગાજે એવા વીજળીના કડાકા ભડાકા કરી પોતાની પ્રિય લાઈફ પાર્ટનર ધરતી પર બેફામ પ્રેમવૃષ્ટિ કરતો હોય તો આપણે આપણા લાઈફ પાર્ટનરનો હાથ પકડી એ પ્રેમ દ્રશ્ય, એ ધરતી અને ગગનના રોમાંસના સાક્ષી બનીએ તો કેવું? બસ ઝાઝું કંઈ નથી કહેવું, તમને વરસાદના સમ.

kamlesh_joshi_sir@yahoo.co.in

# પાણી તળે ઉલટી દુનિયા



તસવીર : કેયૂર ભાટીયા

આ ચોમાસે એક મજાની વાત બની છે. વગર માંગ્યે વરસાદ વરસી રહ્યો છે. શિવ લિંગને પાણીમાં ડૂબાડયા વગર,પર્જન્ય યજ્ઞ કર્યા વગર,પ્રાર્થના કે ભજન કર્યા વગર ચોમાસું બેસી જાય, આખું ગુજરાત તરબતર થઈ જાય એ ગુજરાત માટે આનંદની તો ખરી, તેની સાથે આશ્ચર્યનો આઘાત આપનારી ઘટના છે. જો કે વડોદરામાં કેટલાક લોકો એવું પણ કહેશે કે આ વર્ષે સર્કસ આવ્યું નથી એટલે ચોમાસું બેસી ગયું. બાકી સર્કસ વાળા વરસાદ બાંધી દે એટલે વરસાદ પડતો નથી!



**હરતાં ફરતાં**
**સુરેશ મિશ્રા**

જોકે છેલ્લા થોડાક ચોમાસાઓ વરસાદ સુધરી ગયો છે. રાહ જોવડાવતો નથી. બાકી ગુજરાતના નસીબમાં વરસાદની રાહ જોવાનું જાણે કે લખાઈ ગયું હતું. ચોમાસું મોડું શરૂ થાય, એકવાર શરૂ થાય પછી ચિંતાજનક રીતે વરસાદ વિરામ લે, ઉગતો મોલ સુકાય આ બધી ઘટનાઓ સામાન્ય ગણાતી હતી. દર બે ત્રણ વર્ષે એકાદ વર્ષ નબળું,પાણીની અછત કે ઓછાયા વાળું ગુજરાતના કપાળે લખાયેલું હતું.

કોનું પુણ્ય પાકયું એની તો ખબર નથી. લાગે છે કે નરસૈયાની નિસ્વાર્થ ભક્તિ, જલા બાપા સરીખા અનેક સંતોની જન જનાવરોની મુક સેવાથી સંચિત પુણ્યનો હવે ઉદય થયો છે, ભાગ્યોદય થયો છે.



બાકી એક કાળ એવો હતો કે માત્ર દક્ષિણ ગુજરાતમાં સંતોષજનક કહેવાય એવો વરસાદ થતો. કચ્છ અને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ઘણાં વિસ્તારોમાં ધરતી રીઝે અને તરસ છીપે એવો વરસાદ ભાગ્યે જ થતો. આ વિસ્તારોમાં મા નર્મદા પહોંચ્યા એની સાથે જાણે કે એ વિસ્તારોના ગ્રહો બદલાયા છે. આજે વરસાદની બાબતમાં ગુજરાત સુખી છે એવું કહી શકાય એટલો વરસાદ પડે છે. જુવોને! હજુ તો મોસમની શરૂઆત છે અને લગભગ બધે જ જળ બંબાકારની સ્થિતિ છે.

વરસાદ માપનો પડે તો પણ અને બેફામ વરસે તો પણ ચિત્ર બદલી નાખે છે. માપનો પડે તો બધું રળિયામણું લાગે છે. ઘરના આંગણે નદી કે ઝરણું વહેતુ હોય એવો રોમાંચક આહલાદ માણી શકાય. વરસાદ પડતો અટકે પછી ધીમે ધીમે મેઘ જળના ઝરણાં વહેતા અટકી જાય કે તરત જ ઘર આંગણે નાના તળાવો રચાય છે. શેરીના ઘરો, વીજળીના તાર, આકાશી વાદળીઓ, બધું એમાં ઊલટું તરતું હોય એવું લાગે છે. ક્યારેક ધ્યાનથી જોજો, પાણી તળેની આ ઉલટી દુનિયા કેવી રમ્ય લાગે છે!!

દુનિયાની હાલત અત્યારે ઠીક નથી. ગ્રીન લેન્ડ અને અલાસ્કાનો બરફ પીગળી રહ્યો છે. આ એવી જગ્યાઓ છે જ્યાં બરફના થર હેઠળની જમીન દેખાતી જ નથી. હવે થોડા વર્ષોમાં કદાચ ત્યાં બરફ નહીં જમીન દેખાશે. પહેલી નજરે આ સારું લાગે. પણ ખરેખર સારું નથી. બરફ પીગળશે તો દરિયાની સપાટી વધશે અને કેટલાક નાના દેશો અને ઘણાં બધા મોટા નગરો દરિયાના પાણીમાં ગરકાવ થઈ જશે. હમણાં કેનેડામાં સ્થાયી શીત લહરને બદલે ત્રણ દિવસથી હિટ વેવ એટલે કે ગરમીનું મોજું ફરી વળ્યું છે. તાપમાને ૪૫ ડિગ્રીનો આંક અડકીને વિક્રમ રચ્યો છે. ભારતમાં હિમાલયનો બરફ પીગળવાનું શરૂ થઈ ગયું છે. એના લીધે ગંગા, જમુના, બ્રહ્મપુત્રનું અસ્તિત્વ જોખમમાં છે કારણ કે આ નદીઓના વિપુલ જળ ભંડારનો સ્રોત જ હિમાલયના ગ્લેશિયર એટલે કે બરફની નદીઓ છે.


દુનિયાના અસ્તિત્વ સામે જોખમ તોળાઈ રહ્યું છે, એની મુશ્કેલીઓનો કોઈ ઉકેલ જડતો નથી અને માણસ બ્રહ્માંડના અન્ય ગ્રહો અને સૂર્ય સહિતના તારાઓનો તાગ મેળવી રહ્યો છે! કદાચ એને ધરતી થી દુર ભાગવું છે પણ રસ્તો જડતો નથી. દુનિયા આખી ઉથલ પાથલ થઈ રહી છે. તેલના કુંવા પર બેઠેલું મધ્ય પૂર્વ સળગી રહ્યું છે, ભડકે બળવાના અણસાર છે. તેની આંચથી દેશમાં મોંઘવારી વધશે. માત્ર ખનીજ તેલનાં નહીં એની સાથે ખાદ્યતેલના ભાવ વધી શકે છે કારણ કે આયાત મુશ્કેલ અને મોંઘી થશે.

ચોમાસાએ ઠંડક પ્રસરાવી છે, મગ જાંબુનો પ્રસાદ લૂંટવાની મોસમ આવી છે. તો રસોડામાં પેણી ચડાવો કે કોઈ સરસ મજાની લારીએ પહોંચી જાવ. ગરમાગરમ ભજીયા ખાવ, દાળ વડા ખાવ અને દુનિયાની ચિંતા ભૂલી જાવ. ચિંતા કરીને પણ તમે કે હું કે આપણે, શેકયો પાપડ ભાંગી શકવાના નથી. તો મોજ કરો અને મોજ કરાવો. શુભ ચોમાસું... હેપી વાલા મોન્સૂન..અરે! ચોમાસાની વાતથી યાદ આવ્યું કે કેનેડા જેવા ઠંડા દેશોમાં બાળકોને ચાર જ ઋતુઓના નામ ભણાવવામાં આવે છે. સ્પ્રિંગ, સમર, ફોલ અને વીંટર...ચોમાસું તો સાવ ગાયબ જ છે. પછી સાલું ભજીયા ક્યારે ઝાપટવાના!!

suresh.mishra2017@gmail.com

**વરસાદ પડતો અટકે પછી મેઘજળનાં ઝરણાં વહેતાં અટકી જાય કે તરત જ ઘરઆંગણે નાનાં તળાવો રચાય છે**

# પુત્રમોહ અને પુત્રપ્રેમ વચ્ચે ફરક શું?



પુત્રમોહ અને પુત્રપ્રેમ બન્ને શબ્દની વિવિધતા ક્યાંથી સમજુ ? આ વાતે મન વિચારે ચડ્યું. કેટલાક સવાલો ઊઠે પછી વિચારતંતુ રફતાર પકડે છે. અહીં તહીં તેનો તાગ મેળવવાના પ્રયાસ સહજ શરૂ થાય છે. અને મુસાફરને માર્ગ મળી રહે, નદી રસ્તો ખોળી લે એમજ જવાબો પણ મળી રહે છે. મહાભારત સમષ્ટિના હરેક સમાધાનનો ગ્રંથ છે. 'યન્ન ભારતે તન્ન ભારતે' સંસ્કૃતની આ ઉક્તિનો અર્થ એમ છે કે 'જે મહાભારતમાં નથી એ બીજે ક્યાંય નથી. અને જે અહીં છે એ બધું મહાભારતમાં છે.' મહાભારત જ્ઞાન- પરંપરા અને માનવજીવન સંસ્કૃતિનો વિશાળ ગ્રંથ છે. બીજા શબ્દોમાં કહીએ તો મહાભારત પ્રત્યેક માનવ માટેનો 'જીવનકોષ' છે. એમાં સમસ્યાનું સમાધાન પણ છે અને જીવનના ઉત્કર્ષનું જ્ઞાન પણ છે. સમ્યક જીવન જીવવાની રીત મહાભારતમાં છે. અલ્પ નહિં અને અતિ પણ નહિં. સપ્રમાણ રીતે વિકસવાનું 'જ્ઞાનભાથુ' અને 'જીવનભાથુ' આપણું મહાભારત છે.

આજના આર્ટિકલના મુખ્ય વિષય ઉપર આવું. પુત્રપ્રેમ અને પુત્રમોહ બન્નેમાં અંતર છે કે કેમ ? કે આ બન્ને શબ્દોનો અર્થ એક જ થાય ? થોડી મથામણ પછી હસ્તિનાપુર નરેશ ધૃતરાષ્ટ્રનું સ્મરણ થયું. આટલું જ વાંચ્યા પછી આપને પણ વિષય સમજાવા લાગ્યો હશે. કદાચ હું આગળ ન લખું તો પણ ચાલશે..! પરંતુ મારા નિશ્ચિત કર્મને આધીન છું એટલે વાત આગળ વધારું..!



**મનની મોજ**
**બ્રિજેશકુમાર**

મહાભારતનાં બધાં ચરિત્રોમાં ધૃતરાષ્ટ્રનું ચરિત્ર કંઈક વિચિત્ર પ્રકારનું છે. તેમને હંમેશાં પાંડુની ઈર્ષા આવતી. તેમનું સમગ્ર ચિત્ત હસ્તિનાપુરની ગાદીને ઝંખતું હતું. નસીબના બળિયા ધૃતરાષ્ટ્રને પાંડુની રોગ ગ્રસ્તતાને લીધે ગાદી મળી. અકાળે પાંડુ રાજાનું મૃત્યુ પણ થયું. હવે ધૃતરાષ્ટ્રને કોઈ ફિકર ન હોય એ સ્વાભાવિક લાગે છે. પરંતુ જીવનમાં આવેલી ઈર્ષાની બળતરા તેને સુખ પણ ભોગવવા દેતી નથી. બીજાની સફળતાની અદેખાઈ આવે તેને પોતાની પ્રાપ્તિ ક્યારે પણ આનંદ ન આપે. આ વૃત્તિને ધૃતરાષ્ટ્રવૃત્તિ કહેવાય. પોતે વિરાટ રાજ્યનો રાજા છે. ભલે અંધ હોવા છતાં પ્રજા તેમને સ્વીકારે છે. બીજું કે પિતામહ ભીષ્મનું સતત માર્ગદર્શન હતું એટલે કદાચ પ્રજામાં ધૃતરાષ્ટ્રના અંધત્વ બાબતે કોઈ ઉપદ્રવ ન હતો. આવું સુંદર સદ્ભાગ્ય પોતાને મળ્યું છતાં ધૃતરાષ્ટ્રને રાજીપો નથી. ઘૃણા- ઈર્ષા, અદેખાઈ અને સ્વયંની નિર્બળતાની આગમાં એ સતત બળ્યા કરે છે.

સમય વહેતો ચાલ્યો. પાંડુ અને ધૃતરાષ્ટ્રના રાજકુમારો મોટા થવા લાગ્યા. ધૃતરાષ્ટ્રના પુત્રો કૌરવો કહેવાતા. એમાં દુર્યોધન સૌથી મોટો હતો. એ જરા શકુનિની વિચિત્રતાનો શિકાર વધારે હતો. એટલે બાળપણથી ઉદ્દંડ હતો. પિતામહ ભિષ્મને પણ તેની કેળવણી પસંદ ન હતી. દુર્યોધન તેના પિતા ધૃતરાષ્ટ્રને ખૂબ વહાલો હતો. અતિશય વહાલો હતો. તેમના આ અતિશયને પુત્રમોહ સમજો. તેને લીધે તેઓ દુર્યોધનની ઉદ્ધતતાને નજર અંદાજ કરતા રહ્યા. તેની માંગણીઓ અને બીજાને પીડા આપનારી વૃત્તિને તેઓ પોષતા રહ્યા છે. તેને અટકાવવા માટે તેમની પાસે શબ્દો ન હતા. આને 'પુત્રમોહ' કહેવાય. આમનો મોહ જ એક પ્રકારનું અંધત્વ છે. એટલે મને લાગે છે શારીરીક રીતે આંખોથી ધૃતરાષ્ટ અંધ હતા એના કરતાં મોહનાં આવરણોથી વધારે અંધ હતા એમ કહેવું વધારે હિતાવહ છે.

'પુત્રપ્રેમ' ક્યારે પણ અંધત્વમાં ધરકાવ કરનારો ન હોય. અને એ પિતા કે પુત્ર માટે ક્યારે જોખમી પણ ન હોય. એ હંમેશાં ફાયદાકારક હોય. વૈયક્તિક રીતે અને સમષ્ટિગત પણ એ ફળાઉ જ હોય. પિતાના પ્રેમને લીધે તો પુત્રની ઉન્નતિ થતી હોય છે. તેનામાં પેઢીઓનું તેજ ઉપસી આવતું હોય છે. પૂર્વજોના અનંત આશિષ તેના ઉપર ઉતરી આવે છે. એ કુટુંબ અને સમાજ માટે ઉપકારક હોય છે. ત્યાં સફળતાનાં મીઠડાં ફળ ઊગેતાં હોય છે. એ પુત્રથી બાપ સતત પોષાતો હોય અને એ બાપથી પુત્રનું ગૌરવ વધતું હોય. પારસ્પરિક રીતે એક મનુષ્યે શું ઉત્તમ કરવાનું છે તેનું અનુસરણ ત્યાં બેધડક રીતે થતું હોય છે. ત્યાં પુત્રની કાબેલિયત બાપનું નામ ઊંચું કરનારી બને છે. આ પુત્રપ્રેમની બીજરૂપ થોડી વાત છે. હવે બીજી બાજુ પણ જોઈએ.

'પુત્રમોહ' એ નર્યું અંધત્વ છે. ત્યાં કેવળ અંધારાની અપેક્ષા રાખી શકાય. ત્યાં ન સૂકુન છે ન શાંતિ. ત્યાં માત્ર અજંપો અને 'વિનાશવૃત્તિ' ટાંપીને બેઠી હોય છે. પોતાના પુત્રની કાબેલિયત સાબિત કરવા ત્યાં બાપે મોરચા માંડવા પડે છે. કાવાદાવા કરવા પડે છે. પરંતુ એમાં રકાસ બન્નેનો થવાનો છે. આ એક પ્રકારનું અંધત્વ છે. અથવા તો મોહનું કામણ છે. તેમાં બે પેઢી તબાહ થતી દેખાય છે. ન પુત્રને સમજ અને પિતા તો પુત્રમોહમાં પાગલ થઈ તેને કાબેલ બનાવવામાં કાતિલ બનાવી બેસે છે. પિતાની આવી આંધળી ચાહતમાં પુત્ર ક્યારે પણ વિકસી શકે નહીં. તેની બુદ્ધિમાં ક્યારે વિશાળતા પ્રગટે નહિં. તેનામાં સંકુચિતતા પોતાનો મુકામ કાયમ કરી લે.! એ પુત્ર વૈયક્તિક રીતે તેનું પણ ભલું ન કરી શકે સાથે સમાજનું તો ક્યારે પણ નહિ. ત્યાં સ્વાર્થવૃત્તિનો આંચળો ઓઢીને જીવનારી બે પેઢી એક સામટી વિલય પામે છે. તેમને સ્વાર્થના ધુમ્મસમાં અટવાવું જ પડે છે. ત્યાં દિશા વિહિન દોડ સમાપ્ત થતાં બે જિંદગીઓ પોતાના શ્વાસ છોડી દે છે. કદાચ અંતમાં તેમને સમજાતું હોય તો ખબર નહીં. એટલે પુત્રમોહ એ નર્યા અંધકારની ખાઈથી વિશેષ બીજું કંઈજ નથી. આપણે સૌ આ બન્ને સ્થિતિ સમાજમાં જોઈએ છીએ. મહાભારતનાં અમર ચરિત્રો તો આપણા માટેનું વ્યવહારિક જ્ઞાન છે. એમાંથી ધૃતરાષ્ટ અને દુર્યોધન તો નિમિત્ત માત્ર છે. કૌરવોના સમૂળગા વિનાશનું એક કારણ 'પુત્રમોહ' પણ છે. વિનાશનાં બીજાં પણ અનેક કારણો હોય છે. મહાભારત તો ઘટનાઓનો સાગર છે. તેમાં ઉત્તમતા અને વિચિત્રતા બન્ને સમાન રીતે ચાલે છે. એમાંથી કઈ સ્થિતિનું ચયન કરવું છે એ આપણે નક્કી કરવાનું છે.

મુખ્યતઃ સારા-નરસાનું ભાન આપણી વૈયક્તિક ઉન્નતિનું કારણ બને છે. નિઃસ્વાર્થવૃત્તિ કેળવવી અને એમ જીવતાં શીખવું એ પણ પૂર્વજ કૃપાથી સહેજ પણ ઓછું નથી. દરેક બાપ અને માતાએ પોતાના સંતાન માટે કેવી દક્ષતા રાખવી એના વિશે ચિંતન કરવું જોઈએ. પોતાના પુત્ર માટે ઉપકારક હોય એ કામ કરવાની છૂટ આપે એ ખરેખરો બાપ છે. અને એ ખરો 'પુત્રપ્રેમ' છે. હવે પુત્ર માટે કેવા પ્રેમની રીતિનું અનુસરણ કરવું એ વૈયક્તિક બાબત છે. સલાહ કરતાં અંતરના અવાજનું અનુસરણ કરવું એ વધારે હિતાવહ છે.

dr.brij59@gmail.com

**'પુત્રમોહ' એ નર્યું અંધત્વ છે, ત્યાં કેવળ અંધારાની અપેક્ષા રાખી શકાય**



# વિશ્વ ચુંબન દિવસ નિમિત્તે ચુંબન વિશે બે વાત

## પ્રેમ એ સમજીને અનુભવવાની ચીજ છે અને ચુંબન એ પ્રેમનો સૌથી પ્રાચીન અને સૌથી શાશ્વત સ્વર છે

આપણે એવા લોકો છીએ કે જેમને સ્ત્રી-પુરુષના અંતરંગ વ્યવહારો વિશે જાણવું તો છે પણ એ છુપાવવું છે કે જાણવાની તાલાવેલી છે- તેમાંનો એક વ્યવહાર એટલે ચુંબન! જ્યાં હોઠો બોલે છે, ત્યાં હૃદય સાંભળે છે!

વિશ્વ ચુંબન દિવસ નિમિત્તે આજે એ ચુંબનની ધગધગતી નદીમાં જરા ખંખોળિયું લઈએ.ચુંબન - એક એવી ક્ષણ, જ્યાં વિજ્ઞાન પણ લાગણીઓની ભાષા સમજી જાય છે. વૈજ્ઞાનિક ભાષામાં જેને 'ફિલેમેટોલોજી' કહે છે, તેનો હૃદયથી અભ્યાસ કરો તો સમજાય કે ચુંબન માત્ર હોઠોથી થતો સંપર્ક નથી - તે મન અને શરીર વચ્ચેનું એક એવું પ્રાગટ્ય સ્થાન છે જે સમગ્ર અસ્તિત્વને ઝણઝણાવી શકે છે!

**સમય વીતવાની સાથે પણ જે દંપતી પ્રેમભર્યા ચુંબનો જીવંત રાખે છે, તેમના સંબંધમાં કદી કડવી વાતોની ધૂળ નથી જામતી**

૧. તણાવનું સ્પર્શથી વિસર્જન: જ્યારે પ્રેમભર્યા ચુંબનથી હૃદય ધબકવાનું શરૂ કરે છે, ત્યારે શરીરમાં ઓક્સિટોસિન કે જે - 'પ્રેમ હોર્મોન' તરીકે ઓળખાય છે, તેને વહેતું કરી દે છે એટલે પ્રેમીના સ્પર્શથી તણાવ વિસર્જિત થવા લાગે છે.

૨. શરીરની રક્ષણશક્તિમાં વધારો:વિજ્ઞાન કહે છે - આ અવ્યક્ત વિનિમયથી બે વ્યક્તિ અનાયાસે નાના-મોટા જીવાણુઓના સંપર્કમાં આવે છે, એ જ સંપર્કથી માણસનું શરીર નવી રક્ષણશક્તિઓ ઊભી કરે છે. પ્રેમ એ ભીતરથી પણ બચાવ આપે છે!



એ-ટુ-ઝેડ
કલ્પના ગાંધી

૩. મનના મિજાજ સુધારવું: જ્યારે ડોપામિન શરીરમાં ઉતરી જાય, ત્યારે જીવંતતા ઊભી થાય છે. એ નાનકડું ચુંબન, જે બે આંખોના તળાવમાં ક્યારેક ઊંડે ડૂબે છે, તે જાણે મનમાં ગુલાબ લહેરાવતું હોય એવું લાગે છે.

૪. વાચાવિહોણો સંવાદ: જ્યાં શબ્દો ઓછા પડે છે, ત્યાં ચુંબન એક આખું વાક્ય બની જાય છે. એ કહે છે 'હું છું, તારા માટેપ'એ સબળ સંકેત છે, કે જ્યાં પ્રેમ ખાલી બોલથી નહિ, સ્પર્શથી પણ વ્યકત થાય છે.

૫. લાગણીઓનો સેતુ: જેમ વરસાદમાં પાણી ધરતીમાંથી હવામાં એક ખુશ્બુ પ્રસરાવે છે, તેમ પ્રેમીજનો વચ્ચેનું એક ચુંબન, લાગણીઓનું જળ તેમના ભીતરથી એક સુંગંધ ઉછાળે છે! આ સુગંધ મન અને શરીર વચ્ચે એક સેતુ બની જાય છે!

૬. સંબંધની શરૂઆત: એક સાચું ચુંબન એ ક્યારેક આખા જીવનના સંબંધની ધબકતી શરૂઆત બની શકે છે. એ દર્શાવે છે કે શારીરિક નજીકપણું એ માત્ર એક જરુરિયાત નથી, એક સબળ સંબંધની વ્યાખ્યા છે!

૭. તાળમેળનો સૂર: ચુંબન પણ એક કળા છે! પોતાના સાથીના હૃદયસૂર સાથે તાલ મેળવી, ચુંબનના રસને માણવાથી એ રાગ બની જાય છે - કોઈપણ સંગીત કરતાં સૂરમય અને પ્રગાઢ!

૮. એક આત્મીય જોડાણ: ઘણી વાર, બે જોડી હોઠો એકબીજાને સ્પર્શે છે ત્યારે બે આત્માઓ એકબીજામાં પ્રવેશી જાય છે. આ સ્પર્શ માત્ર જાતીયતા નથી રહેતી, એ તો આત્મીયતાની અવધારણા છે.

૯. સમયસર પ્રેમની સંભાળ: સમય વીતવા છતાં પણ જે દંપતિ પ્રેમભર્યા ચુંબનો જીવંત રાખે છે, તેમના સંબંધમાં કદી કડવી વાતોની ધૂળ નથી જામતી! એ પ્રેમ હમેશાં નવી મિઠાશ આપે છે.

૧૦. હોવું- એટલું જ પૂરતું છે: જ્યારે તમે એ ક્ષણે સંપૂર્ણપણે હાજર રહો છો - ન તો ભવિષ્યમાં, ન તો ભૂતકાળમાં – ત્યારે ચુંબન સાચે જ જીવંત લાગતું હોય છે.

૧૧.ભિન્નતાનો રસ: ચુંબન હંમેશાં એકસરખું કેમ રહે? ક્યારેક હળવું, ક્યારેક ઉગ્ર, ક્યારેક રમૂજી, ક્યારેક પ્રેરક, ક્યારેક આશ્વાસન, ક્યારેક આશા એ દરેક રંગ સંબંધને નવો ઉજાસ આપે છે.

૧૨.સાંભળવું જે બોલાતું નથી: તમારા સાથીના સંકેત સમજો - ક્યારેક એક નમ્ર ઊંઘેરેટી આંખો પણ કહે છે, 'હજુ થોડી વાર ત્યાં જ રહોપ'

૧૩.આત્મવિશ્વાસ, આત્મિયતા લાવે: જ્યારે તમે તમારી લાગણીઓમાં સત્ય અને શાંતિ લાવો છો, ત્યારે એ શાંતિ તમારા સાથી સુધી પણ પહોંચે છે જે તમારા સાથીને હાશકારો આપે છે! આરામ આપે છે! થાક ઉતારે છે! આત્મીયતા વધારે છે!

પ્રેમ એ સમજીને અનુભવવાની ચીજ છે અને ચુંબન, એ પ્રેમનો સૌથી પ્રાચીન અને સૌથી શાશ્વત સ્વર છે. વિજ્ઞાન ભલે એને હોર્મોનનું જગત માને પણ પ્રેમ એની અંદર જીવનની ઊર્જા જૂએ છે. જો સંબંધ સાચો હોય, તો ચુંબન માત્ર કામુકતા નથીપએ તો એવી ક્ષણ છે, જ્યાં બે આત્માઓ એકબીજાના હોવાના સાક્ષી બની રહે છે.

kalpnagandhi1234@gmail.com

### -: X ફેક્ટર :-

અભય દેઓલની એક મુવી કદાચ તો 'સોચા ન થા'ના એક સંવાદ મુજબ- ચુંબનની શ્રેષ્ઠ પળો એ છે જ્યારે ચુંબન પહેલાં બે વ્યક્તિ એટલી નજીક આવે છે કે એકમેકના શ્વાસ અનુભવી શકે- એ પળોની અવઢવ, વિસામણ, ઉતેજારી, આશા વિગેરે છે!

# ભારતમાં રમત પરના સટ્ટાને કાયદેસર બનાવવો જોઈએ?





સ્પોર્ટસ કોર્નર
જે.ડી.ચૌહાણ

રમતોને પવિત્ર રાખવા માટે વર્ષોથી ભારત સરકાર ચુસ્તપણે સક્રિય છે. ભારતમાં કોઈ પણ રમત પરના સટ્ટાને ગેરકાયદેસર ગણવામાં આવે છે અને તેને રોકવા માટે સરકાર દ્વારા અત્યંત કડક કાર્યવાહી કરવામાં આવે છે. ભારતમાં મોટાભાગે ગેરકાયદે સટ્ટો ક્રિકેટમાં રમાય છે,અનેક રીતે રમાય છે. તે ગેરકાયદે હોવાથી છૂપી રીતે રમાડવામાં આવે છે પરંતુ સટ્ટોરમાય છે તો ખરો જ. સટ્ટાને એક દુષણ ગણીને આઈસીસી દ્વારા બધા દેશોમાં કડક પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે અને સટ્ટો રોકવા માટે એક અલગ સેલ પણ કાર્યરત છે. પરંતુ હવે જો આપને વાસ્તવિકતા તપાસી જોઈએ તો વિશ્વમાં સ્પોર્ટ્સમાં ઓનલાઈન પ્રવૃત્તિમાં જબરજસ્ત વેગ આવી ગયો છે.

**વિશ્વમાં કાયદેસર રીતે રમાતા સટ્ટાનો વેપલો બાવન લાખ કરોડ રૂપિયાને પાર પહોંચી ગયો છે**

સત્તાવાર અહેવાલ અનુસાર વિશ્વમાં કુલ સટ્ટો રૂપિયા ૫૨ લાખ કરોડની રકમે પહોંચી ગયો છે. જેમાં રમતમાં સટ્ટો ૨૦% કે તેથી વધુનો હિસ્સો ધરાવે છે. જેને ધ્યાનમાં લઈને મોટાભાગના દેશોમાં રમતોમાં પણ સટ્ટો રમાડો તેને કાયદાકીય સ્વરૂપ આપી દેવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સમગ્ર દુનિયામાં રમત ગમતમાં જંગી રકમનો સત્તો રમાડવામાં આવી રહ્યો છે એટલું જ નહીં પરંતુ તેની લોકપ્રિય પણ ખૂબ જ વધવા લાગી છે કારણ કે જે દેશોમાં સટ્ટો કાયદેસર રીતે રમાય છે ત્યાં વિવિધ પ્રચાર અને પ્રસારના માધ્યમોમાં પણ તેની જાહેરાત આપવામાં આવે છે અથવા તેને ઓનલાઈન દર્શાવવામાં આવે છે. જેના કારણે પ્રચાર પ્રસારના માધ્યમોમાં ઓનલાઈન સટ્ટો રમાંતો હોય ત્યારે સંખ્યાબંધ જાહેરાતો પણ આવતી હોય છે જે એક વધારાની આવક અને વધારાનું આકર્ષણ બની રહે છે. જે રીતે ક્રિકેટમાં મેચો દરમિયાન સતત અસંખ્ય જાહેરાતો આવતી હોય છે એવી જ રીતે ઓનલાઈન સ્પોર્ટ્સ બેટિંગમાં પણ સંખ્યાબંધ જાહેરાતો આવે છે જેની ખૂબ મોટી આવક છે. ખાસ કરીને યુરોપ અને એશિયાના દેશોમાં કાયદેસરનો સટ્ટો ખૂબ મોટા પ્રમાણમાં રમાય છે. જેના કારણે ફરી એકવાર એવી ચર્ચા જોર પકડ્યું છે કે ભારતમાં રમતોમાં સટ્ટો કાયદેસર બનાવવો જોઈએ કે નહીં?

યુરોપ અને એશિયામાં ટેનિસ, ફૂટબોલ, બેડમિન્ટન માટે સટ્ટામાં મોટી રકમ લગાવવામાં આવે છે. જેમાં ઘોડેસવારીમાં સટ્ટો રમાડવામાં આવે છે જે કુલ સટ્ટાનો ૮% ફાળો છે. એક મહત્વની વાત કરીએ તો ઓસ્ટ્રેલિયામાં ટેનિસ, ફૂટબોલ સહિતની કેટલીક રમતોમાં એટલા મોટા પાયે સટ્ટો રમાડવામાં આવે છે કે તેનો દેશની જીડીપીમાં હિસ્સો ૧.૨ ટકા છે, સ્પેનમાં પણ તે ખૂબ લોકપ્રિય થવા માંડ્યો છે. જોકે આ દેશોએ કેટલીક વાંધાજનક જાહેરાતો મુકવા માટે ખાસ કાયદા બનાવ્યો છે.

વર્ષ ૨૦૧૭માં વિવિધ રીતે રમાતો સટ્ટો રૂપિયા ૪૭ લાખ કરોડ હતો જે વર્ષ ૨૦૨૪માં વધીને રૂપિયા ૫૨ લાખ કરોડને પહોંચી ગયો છે. વર્ષ ૨૦૧૭માં રમતોમાં સટ્ટોમાં ૩.૮ લાખ કરોડ રૂપિયાનો ઉછાળો આવ્યો છે જે વર્ષ ૨૦૨૪ માંવધીને ૮.૫ લાખ કરોડ રૂપિયા એ પહોંચી ગયો છે. યુરોપમાં ઓનલાઈન સત્તોમાં ખૂબ ઝડપથી વધારો થઈ રહ્યો છે. અહીં તેનું બજાર વર્ષ ૨૦૧૯ માં સાત લાખ કરોડથી વધીને ૨૦૨૪ સુધીમાં ૧૪ લાખ કરોડ થયો છે. એટલે કે તેમાં સો ટકાનો ઉછાળો આવ્યો છે.

ફૂટબોલ ટેનિસ અને બાસ્કેટબોલ જેવી રમતો યુરોપમાં સૌથી વધુ લોકપ્રિય છે અને સૌથી વધુ સટ્ટો પણ આ રમતોમાં રમાય છે. ૨૦૧૦માં ઈટલી અને ફ્રાન્સમાં, ૨૦૧૧ માં સ્પેન અને વર્ષ ૨૦૨૧માં જર્મનીએ રમતોમાં સટ્ટો કાયદેસર બનાવ્યો હતો. ત્યારે હવે આપણે ભારત તરફ પાછા ફરી એ તો ફરી એ સવાલ આવે છે કે શું ભારતમાં વિદેશોમાં જે રીતે બધી રમતો પર સટ્ટો રમાય છે, કાયદેસર રીતે રમાય છે તેવો ભારતમાં રમાડવો જોઈએ કે નહીં? આમાં લાખો અને કરોડો રૂપિયાનું ટર્ન ઓવર થાય છે. જેમાંથી ટેક્સ અને વિવિધ સ્વરૂપે સરકારને મોટી આવક થાય છે. જો ભારત સરકાર પણ નીતિ નિયમોમાં, કાયદામાં સુધારો કરે અને વિદેશ જેટલો કે જેવો નહીં પરંતુ મર્યાદિત પ્રમાણમાં પણ વિવિધ રમતોમાં સટ્ટો રમાડવાની પ્રવૃત્તિને કાયદેસરની બનાવવામાં આવે તો સરકારને કરોડો રૂપિયાનો ફાયદો થઈ શકે છે. એટલે હવે સરકારે સટ્ટો કાયદેસર રાખો કે નહીં તે વહેલી તકે નિર્ણય લેવાનો સમય પાકી ગયો છે.

ભારતમાં પણ વિવિધ રમતો માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો થઈ રહ્યો છે. દરેક રમતમાં રમતવીરોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. ભારત આગામી વર્ષોમાં ઓલિમ્પિક ભારતમાં રમાડવાની યોજના બનાવી રહ્યું છે. અને તે માટે તૈયારીઓ પણ કરી રહ્યું છે તો જો ભારતમાં કેટલાક નિયંત્રણો મૂકીને વિવિધ રમતોમાં સટ્ટો કાયદેસર બનાવવામાં આવે તો તે દેશના આર્થિક માળખામાં ખૂબ મહત્વનું યોગદાન આપી શકે છે એમ અમારું વ્યક્તિગત માનવું છે આ બાબતે દરેક નો અભિપ્રાય અલગ અલગ હોઈ શકે છે. પરંતુ વિશ્વભરના આંકડા જોતા અમારી દ્રષ્ટિએ ભારતમાં મર્યાદિત રીતે પણ સટ્ટો કાયદેસર બનાવીને વિશ્વ પ્રવાહમાં સામેલ થઈ જવું જોઈએ.

jdchauhan555@gmail.com

## ભક્તિ અને આસ્થાના પ્રતીક તરીકે પ્રસિદ્ધ થયેલું પર્યટન સ્થળ

# કષ્ટભંજનધામ સાળંગપુર



લોકડાઉન જાહેર થયાના થોડા જ દિવસો અગાઉ. અમે એક દિવસમાં એક સાથે ત્રણ યાત્રાધામ - સાળંગપુર હનુમાન, કોઠ ગણેશજી, અરણેજ બુટભવાનીના દર્શને ગયેલાં. દરેક સ્થાન અમદાવાદથી ઘણું નજીક છે. પહેલાં ગયાં ગણેશપુરા. એ અમદાવાદની સરહદ કહેવાય અને સરખેજથી માંડ ૧૯ કિમી છે. આમ તો ગામનું નામ કોઠ ગાંગડ છે જ્યાં આ મંદિર આવેલું છે. ગણેશપુરા જવા માટે બગોદરાથી હવે સીધો અને પાકો રોડ છે, જે અગાઉ કાચો હતો અને ફરીને જવું પડતું.

એક નવું જોયું. આ મંદિરમાં આવતા અમુક શ્રદ્ધાળુ લોકો ઘઉંનો અવળો સાથિયો કરી અમુક માનતા માને છે અને પૂર્ણ થતાં સીધો સાથિયો ત્યાં આવી કરવાનો રહે છે.

મંદિર નજીક નજર સામે કેળાની ગરમ વેફર ઉતરતી લઈ ખાવાનો લ્હાવો જરૂર લો. લાઈનબંધ ટૂકો અહીં કાચાં કેળાં ઠાલવે છે અને સ્ટોલ્સ એ કેળાં છોલી સતત ગરમાગરમ વેફરો ઉતારે જાય છે.



પ્રવાસ વર્ણન
સુનીલ અંજારિયા

ત્યાંથી નજીકમાં જ આવેલ અરણેજ બુટ ભવાની મંદિર પણ સુંદર છે. ત્યાં ચાંદી મઢેલી માતાજીની મૂર્તિ છે. બુટભવાની એ બહુચરાજી માતાનાં માત્ર ત્રણ મંદિરોમાંનું એક છે. એક શંખલપુર, બેચરાજી મહેસાણા પાસે. એક બકુલકુ નામની કદાચ ગુજરાત બહારની જગ્યાએ, કદાચ અમદાવાદમાં સાયન્સ સિટી રોડ પર. ત્રીજું આ મંદિર. કહે છે કે આ પણ ૫૧ શક્તિપીઠોમાંની એક છે. મંદિર આસપાસ ગામડાં સિવાય કશું જ નથી. લાલ રેતીના બનેલ સ્તંભો પર સુંદર આકૃતિઓ કોતરી છે. એ સિવાય ત્યાં મંદિરમાં કે બહાર કશું નથી. હા. લોકોની શ્રદ્ધા આ જગ્યા માટે ઘણી છે. પછી પહોંચ્યા સાળંગપુર. એ બગોદરાથી આગળ છે જ્યાં સૌરાષ્ટ્ર, વડોદરા અને અમદાવાદ તરફના રસ્તાઓ મળે છે. ત્યાંનું હનુમાન મંદિર ઘણું જૂનું છે.

### હનુમાનજી અહીં પિશાચી શક્તિઓને ડરાવવા વિકરાળ સ્વરૂપે બિરાજમાન છે

સ્વામિનારાયણ ધર્મની સંસ્થાની વડતાલ પાંખ દ્વારા નવનિર્માણ વીસેક વર્ષ અગાઉ કરવામાં આવ્યું છે. જે દાવો થાય છે કે આ પંથના ગોપાલસ્વામીએ એક લાકડીથી સ્પર્શ કરતાં મૂર્તિ હાલવા ચાલવા માંડી અને મંદિર થયું એ વિશે લેખકને શંકા છે. લેખક ૧૯૭૯-૮૦માં અમરેલી કે સાવરકુંડલા જતા ત્યારે બોટાદ પહેલાં આ જગ્યા આવતી અને ત્યારે પ્રાચીન મંદિર હતું જ. કદાચ મૂળ મંદિરની જગ્યા ૮૦ થી ૧૦૦ વર્ષ જૂની છે. આખું મંદિર પુનરોદ્ધાર કરી વીસેક વર્ષ અગાઉ જાણીતું થયું છે.

મંદિર લાલ પથ્થરોથી બનાવેલું છે. ચોક્કસ પ્રકારનું નકશીકામ દરેક સ્તંભ પર કરેલું છે એ ધ્યાનથી જોવા જેવું. ભવ્ય અને સ્વચ્છ મંદિર છે. દર્શન સવારે ૬ થી ખુલે છે. બપોરે ૧૨ થી ૩.૧૫ દર્શન બંધ રહે છે. સાંજે શયન આરતી બાદ ૯ વાગે મંદિર બંધ થાય છે. એક મુખ્ય સ્તંભ પર ગદાધારી હનુમાનજી નીચે રામાયણના અનેક પ્રસંગોની ટાઈલ્સ મૂકી છે જેમાં એક પર ખૂબ વિવાદ ઉભો થયેલો. એ હટાવી લેવાઈ. ત્યાં આવતા યાત્રીઓ માટે પ્રસાદ તરીકે જમવાનું નિશુલ્ક છે. ભોજનશાળામાં લાઈન લાંબી દેખાય પણ અત્યંત ઝડપી વારો આવી જાય છે. ઓટોમેટિક ડીશ વોશરથી થાળીઓ સાફ થયે રાખે છે અને તરત નવા બેચ માટે મુકાતી રહે છે.

ઓટોમેટિક મશીનથી બનેલી ગરમ પાતળી રોટલીઓ પીરસાયા કરી. એ સાથે થાળીમાં સ્વાદિષ્ટ શિરો, મગ, દાળ ભાત સાથે હતાં. આમેય, બહાર ગામઠી શૈલીનું જમાડતા બે ચાર ઢાબા છે પણ એની રસોઈ કહે છે કે ખાવા લાયક હોતી નથી. જેને માટે આ જગ્યા જાણીતી છે તે ભૂત કે વળગાડ ઉતારવા સવારે ૭.૩૦ પહેલાં અને બપોરે ૨ થી ૨.૩૦ સુધીમાં નોંધાવી કોઈ અજ્ઞાત જગ્યાએ લઈ જઈ એ વિધિ થાય છે. હવે જાહેરમાં આ વિધિ જોઈ શકાતી નથી. જાણ્યું કે આવી વિધિ હવે શનિવારે જ થાય છે.




મંદિર પરિસરમાં ત્યાંના સ્ટોલ પર મંતરેલું પાણી ૧૦ રૂ. અને કાળા દોરાનું તાવીજ ૨૦ રૂ.માં મળે છે.

હનુમાનજી અહીં પિશાચી શક્તિઓને ડરાવવા વિકરાળ સ્વરૂપે બિરાજમાન છે. દાંત કાઢી ડરાવતી, ક્રોધિત મુખભવો વાળી અને લાંબી મૂછોવાળી મૂર્તિ છે. આસપાસ ફળ ખાતા વાનરો એના અનુચર કે રક્ષકો રૂપે છે. પનોતી પર તેમના પગ છે. કહે છે પનોતી એ શનીદેવનું સ્ત્રી રૂપ છે. દર્શનની લાઈન વ્યવસ્થિત ચાલે છે અને લાંબી હોય તો પણ જલ્દી દર્શન થઈ જાય છે. સીસી ટીવીથી બહારથી પણ દર્શન થાય છે.

પરિસરમાં કેન્ટીનમાં બેસીને ચા નાસ્તો ઢોસા ખમણ મળે છે. કેન્ટીન છેક મેઈન ગેઈટ નજીક ટાવર પાસે છે. સ્ટોલમાં અનેક સુંદર હેંડીક્રાફ્ટ અને ગિફ્ટ, શોપીસ મળે છે. નજર ઉતારવાના કે બુરી નજરથી બચવા પહેરવાનાં કાળા દોરામાં પરોવાયેલાં તાવીજ મળે છે. નાની બોટલોમાં મંત્રેલું પાણી પણ મળે છે જે કષ્ટપ્રદ સમયે પીડાઈ રહેલી કે સખત મુશ્કેલીમાં હોય એવી વ્યક્તિને એક નાની ચમચી પાવાનું હોય છે. સવાલ શ્રદ્ધાનો છે. ત્યાં રહેવા મોટું વિશ્રામ ગૃહ અને સામે નાનો બગીચો છે. આ જગ્યાનું મહત્વ ભૂત, આસુરી કે પારલૌકિક, નુકસાન કરતી શક્તિથી પીડિતને મુક્ત કરવા માટે છે. લોકો સાઈકિયાટ્રિસ્ટ પાસે જતા જ હશે, શ્રદ્ધા અહીં ખેંચી લાવે છે અને શ્રદ્ધા કોઈ પણ શંકાથી પર, વ્યક્તિગત બાબત છે. માણસ એવા સંજોગો થતા હશે ત્યારે જ હારી થાકીને વળગાડ ઉતારવા આ જગ્યાએ કષ્ટભંજન હનુમાનને શરણે આવતા હશે!

sunilanjaria@gmail.com



**ફોટો હિસ્ટ્રી**

વિ-જે ડે ઇન ટાઇમ્સ સ્કવેર એક પ્રખ્યાત તેમજ ઐતિહાસિક ફોટોગ્રાફ છે, જે ૧૪ ઓગસ્ટ ૧૯૪૫ના રોજ ન્યૂયોર્કના ટાઇમ્સ તરીકે ઓળખાતા ચોકમાં ક્લિક કરવામાં આવ્યો હતો. આ તસવીરમાં અમેરિકી નૌકાદળનો સૈનિક અને એક નર્સ દ્વિતીય વિશ્વયુદ્ધમાં જાપાન પર મળેલા વિજયના પર્વે હરખભેર અચાનક ચુંબન કરતાં જોવા મળે છે. આ દ્રશ્યને પ્રખ્યાત ફોટોગ્રાફર અલફ્રેડ એઇસેનસ્ટેડે પોતાના કેમેરામાં કેદ કર્યું હતું. તેમણે લાઇફ મેગેઝિન માટે આ ફોટો લીધો હતો, જે પાછળથી વિશ્વભરમાં વિજય અને ઉત્સાહનું પ્રતીક બની ગઈ. ઘણા વર્ષો સુધી આ ફોટામાં રહેલા લોકો કોણ હતા તે અંગે ચર્ચાઓ ચાલતી રહી, પરંતુ છેલ્લાં કેટલાંક દાયકાઓમાં કહેવાય છે કે નૌકાદળના સૈનિક જ્યોર્જ મેંડોનસા અને નર્સ ગ્રેટા ઝિમર ફ્રિડમેન આ તસવીરમાં જોવા મળે છે. આ તસવીર માત્ર એક ચુંબન નથી, પણ તે દ્વિતીય વિશ્વયુદ્ધ પછીની શાંતિના આગમન અને લોકોના ઉલ્લાસનું પ્રતીક છે.

ઝાગ્રેબમાં સુપર યુનાઇટેડ રેપિડ અને બ્લિટ્ઝ ક્રોએશિયા ૨૦૨૫માં

# વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશે કાર્લસનને હરાવ્યો

## ગુકેશે નોર્વે ચેસના રાઉન્ડ ૬ માં પૂર્વ વિશ્વ નંબર વન ખેલાડી સામે સનસનાટીભર્યા વિજય મેળવ્યો હતો

ઝાગ્રેબ,તા.૪

ઝાગ્રેબમાં સુપર યુનાઇટેડ રેપિડ અને બ્લિટ્ઝ ક્રોએશિયા ૨૦૨૫માં ગત વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશે ફરી એકવાર વિશ્વના નંબર વન મેગ્નસ કાર્લસનને હરાવ્યો, અને તેમનો વિજય ક્રમ પાંચ પર લઈ ગયો. ફરી એકવાર વિજેતા સ્થાન મેળવવામાં ચૂકી ગયેલા કાર્લસન તરફથી ટેબલ પર કોઈ નારાજગી કે ઉત્સાહી પ્રતિક્રિયા નહોતી. ગુકેશ વિજયી બન્યો અને બીજા દિવસના અંતે ૧૦ પોઈન્ટ સાથે એકમાત્ર લીડર બન્યો. જ્યારે કાર્લસન છ પોઈન્ટ સાથે પાછળ હતો. રમતોના અંતિમ સેટ પહેલા, ગુકેશે જાન-ક્રિઝ્ઝટોફ ડુડા પર બે પોઈન્ટની લીડ જાળવી રાખી હતી, જે હજુ પણ તેમના સૌથી નજીકના હરીફ છે. ગયા મહિને, ગુકેશે નોર્વે ચેસના રાઉન્ડ ૬




માં ભૂતપૂર્વ વિશ્વ નંબર વન ખેલાડી સામે સનસનાટીભર્યા વિજય મેળવ્યો અને પોતાનું શાનદાર ફોર્મ ચાલુ રાખ્યું. કાર્લસન સફેદ ટુકડાઓ સાથે લાઈનમાં ઉભો રહ્યો જ્યારે ગુકેશે કાળા ટુકડાઓ સાથે નિયંત્રણ મેળવવાનો પ્રયાસ કર્યો. નોર્વેજીયન ખેલાડીએ શરૂઆતના તબક્કામાં પ્રભુત્વ જમાવ્યું અને રેપિડ ગેમમાં યુવા ભારતીય ગ્રાન્ડમાસ્ટર સામે તકો બનાવવાનો પ્રયાસ કર્યો, જોકે, રમત સંપૂર્ણપણે ગુકેશના પક્ષમાં થઈ ગઈ જ્યારે તેણે પોતાના બી પ્યાદાને બી૪ પર ધકેલવાનો નિર્ણય લઈને ભૂલ કરી. તે પછી ગુકેશે નિયંત્રણ મેળવ્યું, જેના કારણે કાર્લસનને રોમાંચક મુકાબલામાં પાછા ફરવાની ફરજ પડી. કાર્લસન માટે ૩૦ સેકન્ડથી ઓછા સમય બાકી હતો ત્યારે, નોર્વેજીયન ખેલાડીને સ્પર્ધાનું ભાગ્ય સમજાયું અને તેણે હાર સ્વીકારવાનો નિર્ણય લીધો. તેણે ગુકેશ સાથે હાથ મિલાવ્યા, ખાસ લાગણી દર્શાવ્યા વિના કે આંખનો સંપર્ક કર્યા વિના. ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન ગેરી કાસ્પારોવે, સત્તાવાર સ્ટ્રીમ માટે ટિપ્પણી કરતા કહ્યું, "હવે આપણે મેગ્નસના વર્ચસ્વ પર પ્રશ્ન ઉઠાવી શકીએ છીએ, કારણ કે આ ગુકેશ સામે તેની બીજી હાર નથી, તે એક મજબૂત હાર છે." ગુકેશે પોતાના શરૂઆતના કેટલાક મૂવ્સને જોડીને મેચને પલટાવવા બદલ ખુશી વ્યક્ત કરી અને મેચ પછી કહ્યું, "મેગ્નસને હરાવવા હંમેશા ખાસ હોય છે અને તેનાથી આત્મવિશ્વાસ વધે છે." મારી શરૂઆત ખરાબ રહી હતી પણ હું જીતથી ખુશ છું.

બર્મિંગહામ ટેસ્ટટેસ્ટનો ત્રીજો દિવસ ઇંગ્લેન્ડનો રહ્યો

# હેરી બ્રુક ૧૫૮ રન બનાવીને આઉટ આકાશે ૩૦૩ રનની ભાગીદારી તોડી

બર્મિંગહામ, તા.૪

બર્મિંગહામ ટેસ્ટમાં ભારત સામે ઈંગ્લેન્ડે શાનદાર વાપસી કરી છે. ઈંગ્લેન્ડની ટીમે પ્રથમ ઈનિંગમાં ૬ વિકેટે ૩૮૭ રન બનાવ્યા છે. જેમી સ્મિથ અને ક્રિસ વોક્સ અણનમ છે.

૧૫૮ રન બનાવીને હેરી બ્રુક આઉટ થયો. તેને આકાશ દીપ દ્વારા બોલ્ડ કરવામાં આવ્યો. આકાશે ૩૦૩ રનની ભાગીદારી તોડી. મોહમ્મદ સિરાજે જો રૂટ (૨૨ રન) અને બેન સ્ટોક્સ (૦) ને સતત બોલ પર આઉટ કર્યા.

શુક્રવારે સવારે ઈંગ્લેન્ડે ૭૭/૩ ના સ્કોરથી રમવાની શરૂઆત કરી હતી. કેપ્ટન શુભમન ગિલ (૨૬૯ રન) ની બેવડી સદીની મદદથી ભારતે પ્રથમ ઈનિંગમાં ૫૮૭ રન બનાવ્યા હતા. મોહમ્મદ સિરાજે ત્રીજા દિવસની ધમાકેદાર શરૂઆત કરી. પોતાની પહેલી જ ઓવરમાં






તેણે જો રૂટ અને કેપ્ટન સ્ટોક્સને આઉટ કર્યા. જોકે, તે હેટ્રિક લઈ શક્યો નહીં. પરંતુ આ પછી સ્મિથ અને બ્રુકે શાનદાર બેટિંગ કરી. બંને વચ્ચે ૩૦૦ થી વધુ રનની ભાગીદારી થઈ. ઈંગ્લેન્ડ ટીમની પ હેલી ઈનિંગની શરૂઆત બહુ સારી નહોતી. તેને ૧૩ રન પર સતત બે ઝટકાનો સામનો કરવો પડ્યો. આકાશ દીપે ગયા મેચના સદી ફટકારનારા બેન ડકેટ અને ઓલી પોપને ૦ રન પર આઉટ કર્યા. જેક ક્રોલી પણ કંઈ ખાસ કરી શક્યા નહીં અને ૧૯ રન બનાવીને સિરાજનો શિકાર બન્યા. સિરાજે ત્રીજા દિવસની શરૂઆત પણ ધમાકેદાર રીતે કરી. પ ોતાની પહેલી જ ઓવરમાં તેણે જો રૂટ અને બેન સ્ટોક્સને પેવેલિયન મોકલી દીધા. સ્ટોક્સ પોતાનું ખાતું પણ ખોલી શક્યા નહીં અને ગોલ્ડન ડક બની ગયા. તે જ સમયે રૂટના બેટમાંથી ૨૨ રન આવ્યા.


અમેરિકન ખેલાડીએ બે સેટની લીડ લીધા પછી રમત અટકાવવાની માગ કરી હતી

# ઉગ્ર વિવાદ પછી બેન શેલ્ટનનો હિજિકાટા સામે માત્ર ૭૦ સેકન્ડમાં ૬-૨, ૭-૫, ૬-૪ થી વિજય

લંડન,તા.૪

ગુરુવારે રાત્રે રિંકી હિજિકાટા સામેની મેચ એક મહત્વપૂર્ણ ક્ષણે સ્થગિત થયા બાદ, નંબર ૧૦ ક્રમાંકિત બેન શેલ્ટને આખરે વિમ્બલ્ડનના ત્રીજા રાઉન્ડમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું . અમેરિકન ખેલાડીએ બે સેટની લીડ લીધા પછી રમત અટકાવવાની માંગ કરી, કારણ કે તેને ડર હતો કે ઘાસ લપસણું થઈ રહ્યું છે અને તે ત્રીજા સેટના મધ્યમાં જવા માંગતો ન હતો, પરંતુ તેને બહાર કાઢવામાં આવ્યો.પરંતુ તેનો સૌથી ખરાબ ડર સાચો પડ્યો - શેલ્ટને ૫-૩ પર હિજિકાતાની સર્વિસમાં ત્રણ મેચ પોઈન્ટ ફેંકી દીધા અને ૫-૪ પર તેને આઉટ કરવા માટે તૈયાર હતો. જ્યારે અમ્પાયરે





રાત્રે ૯.૩૦ વાગ્યે અંધારાને કારણે સત્તાવાર રીતે રમત સ્થગિત કરી દીધી. અમેરિકન ખેલાડી સમજી શકાય તે રીતે ગુસ્સે થયો અને સુપરવાઈઝર તેને શાંત કરવા કોર્ટ પર ગયો , પરંતુ તેણે શુક્રવારે બપોરે ફક્ત ૭૦ સેકન્ડમાં ૬-૨, ૭-૫, ૬-૪ થી વિજય મેળવ્યો.શેલ્ટન અને હિજિકાતા કોર્ટ ૨ પર બપોરે ૧.૨૩ વાગ્યે પહોંચ્યા અને ૧.૨૯ વાગ્યે રમત ફરી શરૂ કરી. શેલ્ટને ફરીથી સર્વિસ કરવાનું શરૂ કર્યું ત્યારથી, તેણે મેચને ખૂબ જ પ્રેમથી સર્વ કરી, અને તે ૧.૩૦ વાગ્યે સમાપ્ત થઈ ગઈ.૨૨ વર્ષીય ખેલાડીએ ત્રણ એસિસ અને એક સર્વિસ વિનર ફટકારીને પોતાનું કામ પૂરું કર્યું - એક નિવેદન મોકલીને સાબિત કર્યું કે તે ગુરુવારે રાત્રે સરળતાથી રમત પૂર્ણ કરી શક્યો હોત.હિજિકાતા તરત જ કોર્ટ છોડીને ચાલ્યા ગયા, જ્યારે શેલ્ટન કોર્ટ ૨ પર ચાહકોને સંબોધિત કરીને આટલી ઝડપથી કામ પૂર્ણ કરવા બદલ માફી માંગી."મારા માટે, મને લાગ્યું કે તે એક શાનદાર મેચ હતી, એક સ્વચ્છ મેચ. મને લાગ્યું કે રિંકીએ ખરેખર સારું રમ્યું. ગઈકાલે રાત્રે મારો શોટ મેકિંગ ખૂબ જ સારો હતો, દર્શકો તેમાં હતા," તેણે કહ્યું."મને ખાતરી નથી કે ગઈકાલે રાત્રે તમારામાંથી કેટલા લોકો ભીડમાં હતા, પણ બધાનો આભાર કે તમે મોડા સુધી રોકાયા અને પછી પાછા આવ્યા. મારા માટે, બે દિવસમાં રમવું ખૂબ જ અલગ હતું.

રાષ્ટ્રપતિ ભવનના સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે આયોજિત ભવ્ય સમારોહમાં

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ડ્યુરન્ડ કપ ૨૦૨૫ ટ્રોફીનું અનાવરણ કરાયું

નવી દિલ્હી,તા.૪

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શુક્રવારે રાષ્ટ્રપતિ ભવનના સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે આયોજિત એક ભવ્ય સમારોહમાં ડ્યુરન્ડ કપ સ્પર્ધા ૨૦૨૫ની ટ્રોફીનું અનાવરણ અને ઝંડી બતાવી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રમતગમતના મહત્વ પર ભાર મૂકતા કહ્યું કે તે શિસ્ત, નિશ્ચય અને ટીમ ભાવનાને પ્રોત્સાહન આપે છે. તેમણે લોકો, પ્રદેશો અને દેશોને જોડવા માટે રમતગમતની અનોખી શક્તિ પર ભાર મૂક્યો અને તેને ભારતમાં રાષ્ટ્રીય એકતાના શક્તિશાળી સાધન તરીકે વર્ણવ્યું. "જ્યારે ઓલિમ્પિક અથવા કોઈપણ



આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં ત્રિરંગો ફરકાવવામાં આવે છે, ત્યારે બધા સાથી નાગરિકો રોમાંચિત થઈ જાય છે," રાષ્ટ્રપતિએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કર્યું. "ડ્યુરાન્ડ કપ જેવી ઘટનાઓ માત્ર રમતગમતની ભાવનાને પ્રોત્સાહન આપતી નથી પરંતુ ફૂટબોલ ખેલાડીઓની આગામી પેઢીને વિકસાવવામાં પણ મદદ કરે છે, જે તેમને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે એક પ્લેટફોર્મ આપે છે," પોસ્ટમાં લખ્યું હતું. રાષ્ટ્રપતિએ કહ્યું કે ફૂટબોલનું લાખો લોકોના હૃદયમાં એક ખાસ સ્થાન છે. તે માત્ર એક રમત નથી; તે એક જુસ્સો છે. એશિયાની સૌથી જૂની ફૂટબોલ ટુર્નામેન્ટ, ડ્યુરાન્ડ કપની ૨૦૨૫ આવૃત્તિ, ૧૫ જુલાઈથી ૨૩ ઓગસ્ટ દરમિયાન પાંચ રાજ્યો - પશ્ચિમ બંગાળ, આસામ, મણિપુર, મેઘાલય અને ઝારખંડના છ સ્થળોએ રમાશે. આસામનું કોકરાઝાર સતત ત્રીજા વર્ષે ડ્યુરાન્ડ કપનું આયોજન કરશે. જ્યારે ઝારખંડનું જમશેદપુર અને મેઘાલયનું શિલોંગ ગયા વર્ષે યજમાન તરીકે જોડાયા હતા. ૧૦૦ વર્ષ જૂની આ ટુર્નામેન્ટ ૨૦૧૯ માં તેનું હોમ ગ્રાઉન્ડ નવી દિલ્હીથી કોલકાતા ખસેડી હતી અને સતત છઠ્ઠી વખત તેને જાળવી રાખશે.

સરકારે બીસીસીઆઇને આ પ્રવાસ પર ન જવાની સલાહ આપી

# ભારતીય ટીમ મર્યાદિત ઓવરોની શ્રેણી માટે બાંગ્લાદેશનો પ્રવાસ નહીં કરે?

નવી દિલ્હી,તા.૪

ભારત આ વર્ષે મર્યાદિત ઓવરોની શ્રેણી માટે બાંગ્લાદેશનો પ્રવાસ કરવાનું છે, પરંતુ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય મતભેદોને કારણે તે જોખમમાં મુકાઈ ગયું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સરકારે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડને આ પ્રવાસ પર ન જવાની સલાહ આપી છે. જો આવું થાય, તો ભારતીય ટીમનો બાંગ્લાદેશ પ્રવાસ મુલતવી રાખવામાં આવી શકે છે. ભારત - બાંગ્લાદેશ વચ્ચે વેપાર સંબંધિત તણાવ પણ છે. ૧૭ મેના રોજ, ભારત સરકારે બાંગ્લાદેશથી તૈયાર વસ્ત્રો સહિત માલની આયાત પર મોટા રૂટ પ્રતિબંધોની જાહેરાત કરી. બાંગ્લાદેશ પ્રવાસ અંગે એક સૂત્રએ જણાવ્યું હતું કે, 'બાંગ્લાદેશમાં રાજકીય પરિસ્થિતિ



સ્થિર નથી અને રાજદ્વારી ગતિરોધને ધ્યાનમાં રાખીને, ભારત સરકારે બીસીસીઆઈ ને આ પ્રવાસ આગળ ન વધારવાની સલાહ આપી છે.' જોકે, બીસીસીઆઈ દ્વારા આ પ્રવાસ અંગે કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. ભારતીય ટીમ હાલમાં ઈંગ્લેન્ડના પ્રવાસે છે જ્યાં તે પાંચ મેચની ટેસ્ટ શ્રેણી રમી રહી છે. ભારતનો ઈંગ્લેન્ડ પ્રવાસ ૪ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે. ભારત -બાંગ્લાદેશ વચ્ચે ૧૭ ઓગસ્ટથી વનડે અને ટી૨૦ મેચની શ્રેણી શરૂ થવાની છે. ભારત પહેલા ત્રણ વનડે રમશે અને પછી બંને ટીમો વચ્ચે ત્રણ મેચની ટી૨૦ શ્રેણી રમાશે.

શ્રી કાંતિરવા સ્ટેડિયમમાં નીરજ ચોપરા ક્લાસિક માટે આગવી રીતે તૈયાર કરવામાં આવ્યું

# આજે બેંગલુરુમાં નીરજ ચોપરા ક્લાસિક ઈવેન્ટ

## ચોપરા, રિયો ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા થોમસ, આંતરરાષ્ટ્રીય સ્પર્ધકોના મજબૂત જૂથનો સમાવેશ

બેંગલુરુ,તા.૪

શ્રી કાંતિરવા સ્ટેડિયમ શનિવારે નીરજ ચોપરા ક્લાસિક માટે તૈયાર છે. એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા માન્ય અને બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા નીરજ ચોપરા અને જેએસડબ્લ્યુ સ્પોર્ટ્સ દ્વારા સહ-આયોજિત, આ ઈવેન્ટ વિશ્વના ટોચના ભાલા ફેંકનારા ખેલાડીઓનો સમાવેશ કરે છે.

મુખ્ય સ્પર્ધકોમાં નીરજ ચોપરા પોતે અને ૨૦૧૬ રિયો ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા થોમસ રોહલર, આંતરરાષ્ટ્રીય સ્પર્ધકોના મજબૂત જૂથનો સમાવેશ થાય છે. 'નીરજ ચોપરા ક્લાસિક' માત્ર એક ઈવેન્ટ નથી પરંતુ એક ચળવળનો ઉજવણી છે જે ભારતીય રમતગમતના ભવિષ્યને આકાર આપી રહી છે





અને પ્રતિભાની નવી પેઢીને પ્રેરણા આપી રહી છે. અગાઉ, યુવા ખેલાડીઓ સ્ટેડિયમમાં સાઈડ ગ્રાઉન્ડ પર પ્રેક્ટિસ કરતા હતા, જેનાથી સ્ટેડિયમમાં ઉર્જા આવતી હતી. શાળાના બાળકો આંતરરાષ્ટ્રીય સ્ટાર્સની એક ઝલક જોવા માટે સ્ટેન્ડમાં આતુરતાથી રાહ જોતા જોવા મળ્યા. આ કાર્યક્રમની તૈયારી માટે સ્ટેડિયમમાં ઘણા ફેરફારો કરવામાં આવ્યા છે. ઘણા સ્ટેન્ડમાં બેઠક વ્યવસ્થા ફરીથી ડિઝાઈન કરવામાં આવી છે. નોર્થ સ્ટેન્ડમાં કોર્પોરેટ અને વીવીઆઈપી બોક્સ સ્થાપિત કરવામાં આવ્યા છે, અને ચાહકોને રનવે અને ઈનફિલ્ડ એક્શનનો નજીકથી નજારો આપવા માટે પીચ-સાઈડ હોસ્પિટાલિટી ઝોન બનાવવામાં આવ્યો છે. સાઉથ સ્ટેન્ડમાં એક મનોરંજન સ્ટેજ બનાવવામાં આવ્યો છે.

જ્યારે મુખ્ય ટર્ફને ફરીથી બનાવવામાં આવ્યો છે જેથી રમતવીરોને શ્રેષ્ઠ પ્રદર્શનની સ્થિતિ મળી રહે. ચોપરા આ કાર્યક્રમના આયોજકની ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. વર્તમાન વિશ્વ ચેમ્પિયન કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને મળ્યા અને નીરજ ચોપરા ક્લાસિક ૨૦૨૫ માટે સતત સમર્થન આપવા બદલ રાજ્ય સરકારની પ્રશંસા કરી. આ કાર્યક્રમની તૈયારી માટે સ્ટેડિયમનું ઘણું નવીનીકરણ કરવામાં આવ્યું છે. ઘણા સ્ટેન્ડમાં બેઠક વ્યવસ્થા ફરીથી ડિઝાઈન કરવામાં આવી છે. નોર્થ સ્ટેન્ડમાં કોર્પોરેટ અને વીવીઆઈપી બોક્સ સ્થાપિત કરવામાં આવ્યા છે, અને ચાહકોને રનવે અને ઈનફિલ્ડ એક્શનનો નજીકથી નજારો આપવા માટે પીચ-સાઈડ હોસ્પિટાલિટી ઝોન બનાવવામાં આવ્યો છે. સાઉથ સ્ટેન્ડમાં એક મનોરંજન સ્ટેજ બનાવવામાં આવ્યો છે જ્યારે રમતવીરોને શ્રેષ્ઠ પ્રદર્શનની સ્થિતિ સુનિશ્ચિત કરવા માટે મુખ્ય ટર્ફને ફરીથી બનાવવામાં આવ્યો છે. "આ પુનર્નિર્માણમાં ઘણી મહેનત કરવામાં આવી છે અને હું ખાસ કરીને મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, ડો. કે. ગોવિંદરાજ અને સંકળાયેલા તમામ અધિકારીઓનો આભારી છું.

અજબ ગજબ


ઇટાલીના વેનિસ કિનારાથી થોડે દૂર પોવેગ્લિયા ટાપુને 'ભૂતોનો ટાપુ' તરીકે ઓળખવામાં આવે છે

# દુનિયાનો સૌથી ભયાનક ટાપુ, જ્યાં માણસોને જવાની મનાઈ



ઈટાલીના વેનિસ કિનારાથી થોડે દૂર પોવેગ્લિયા નામનો એક ટાપુ છે, જ્યાં પ્રવાસીઓને જવાની સંપૂર્ણ મનાઈ છે. આ ટાપુને 'ભૂતોનો ટાપુ' કહેવામાં આવે છે અને તેની પાછળનું કારણદુનિયામાં ઘણી એવી જગ્યાઓ છે જ્યાં પ્રવાસીઓ ફરવા જાય છે. પરંતુ કેટલીક એવી જગ્યાઓ છે જ્યાં જવાની મનાઈ છે. આવી જ એક જગ્યા ઈટાલીમાં છે જેને ભૂતોનો ટાપુ કહેવામાં આવે છે. લોકોને આ ટાપુ પર જવાની મંજૂરી નથી અને તેનો ઈતિહાસ પણ ખૂબ જ ડરામણો છે, જેના વિશે સાંભળીને લોકોનો આત્મા કંપી જાય છે.

ઈટાલીના વેનિસ કિનારાથી થોડે દૂર પોવેગ્લિયા નામનો એક ટાપુ છે, જ્યાં પ્રવાસીઓને જવાની સંપૂર્ણ મનાઈ છે. આ ટાપુને 'ભૂતોનો ટાપુ' કહેવામાં આવે છે અને તેની



પાછળની વાર્તા ખૂબ જ ડરામણી, રહસ્યમય અને ઈતિહાસ સાથે જોડાયેલી છે. પોવેગ્લિયા વાસ્તવમાં ત્રણ નાના ટાપુઓનો બનેલો છે. આમાંથી એક સંપૂર્ણપણે જંગલથી ઢંકાયેલો છે, બીજો કિલ્લો તરીકે ઉપયોગમાં લેવાતો હતો, જ્યારે મુખ્ય ટાપુ પર તે ભૂતિયા ઈમારતો છે જેના કારણે આ સ્થળ કુખ્યાત છે. આ ટાપુ પર એક જૂની હોસ્પિટલ, જેલ અને ઘણી ખંડેર ઈમારતો છે, જેને ભૂતિયા કહેવામાં આવે છે એટલે કે આત્માઓ અહીં રહે છે.આ જર્જરિત ઈમારતોને કારણે, સરકારે સામાન્ય લોકોને ટાપુ પર જવા પર પ્રતિબંધ મૂક્યો છે, કારણ કે આ ઈમારતો એટલી જર્જરિત છે કે તેમાં પ્રવેશ કરવો જીવલેણ બની શકે છે. જોકે, કેટલાક ફિલ્મ નિર્માતાઓને દસ્તાવેજી શૂટિંગ માટે મર્યાદિત સમય માટે મંજૂરી આપવામાં આવી છે. પોવેગ્લિયા ટાપુ પર એક નાનો સમુદાય હતો, પરંતુ ૧૪મી સદીમાં યુદ્ધને કારણે તેને છોડી દેવામાં આવ્યો હતો. પછી ૧૭૦૦ ના દાયકાના અંતમાં, તેને ક્વોરેન્ટાઈન સેન્ટર બનાવવામાં આવ્યું - ખાસ કરીને બ્લેક ડેથ નામના રોગચાળાથી પીડિત લોકો માટે. જે લોકોમાં પ્લેગના લક્ષણો જોવા મળતા હતા તેમને બળજબરીથી આ ટાપુ પર મોકલવામાં આવતા હતા. ધીમે ધીમે, આ સ્થળ 'સામૂહિક કબર'માં ફેરવાઈ ગયું. એવો અંદાજ છે કે અહીં લગભગ ૧.૬ લાખ ચેપગ્રસ્ત મૃતદેહો દફનાવવામાં આવ્યા હતા.

કેટલીક માન્યતાઓ અનુસાર, આજે પણ આ ટાપુની અડધાથી વધુ માટી રાખ અને મૃતદેહોના અવશેષોથી બનેલી છે. એવું કહેવાય છે કે અહીં મૃત્યુ પામેલા લોકોની આત્માઓ હજુ પણ ટાપુ પર ભટકતી રહે છે. પ્લેગ પીડિતો માટે કબ્રસ્તાન બન્યા પછી અહીં એક માનસિક આશ્રય પણ બનાવવામાં આવ્યો હતો, જેમાં દર્દીઓ પર કથિત રીતે અમાનવીય પ્રયોગો કરવામાં આવ્યા હતા. જોકે સામાન્ય નાગરિકોને ટાપુ પર જવાની મનાઈ છે, બ્રિટિશ યુટ્યુબર્સ મેટ નાડિન અને એન્ડી થોમ્પસન ૨૦૨૦ માં ત્યાં ગયા હતા અને તેમની ચેનલ ફાઈન્ડર્સ બીપર્સ હિસ્ટ્રી સીકર્સ પર તેનું ભયાનક સત્ય બતાવ્યું હતું. મેટે કહ્યું, "ટાપુ પર ચાલવાથી જ, વ્યક્તિ તે પીડાદાયક ઈતિહાસનો અહેસાસ કરવાનું શરૂ કરે છે. અહીં ઘણા લોકો મૃત્યુ પામ્યા હતા, અને તેમના શરીર બળી ગયા હતા. બધું જેમ છોડી દેવામાં આવ્યું હતું તેમ પડી રહ્યું છે

### જીએસટી સરળીકરણ, પ્રત્યક્ષ કર સ્પષ્ટતા, તર્કસંગત ટેરિફ માળખા માટે CIIનું દબાણ

# ભારતના કર માળખાને સુવ્યવસ્થિત કરવા ભલામણો

### જીએસટી દરોમાં નોંધપાત્ર તર્કસંગતતા લાવવા, આવશ્યક ચીજવસ્તુઓને રાહત આપવા સુધારો કરાશે




નવી દિલ્હી, તા.૪

મજબૂત નીતિગત પ્રસ્તાવમાં, ભારતીય ઉદ્યોગ સંઘ (CII)એ ભારતના કર માળખાને સુવ્યવસ્થિત કરવા અને આર્થિક સ્પર્ધાત્મકતા વધારવા માટે શ્રેણીબદ્ધ ભલામણો રજૂ કરી છે. સૂચનો ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) ને તર્કસંગત બનાવવા, ડાયરેક્ટ ટેક્સ કાયદાને સરળ બનાવવા અને સ્થાનિક ઉત્પાદનને ટેકો આપવા માટે સ્તરીય કસ્ટમ્સ ટેરિફ માળખું અપનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

CIIના પ્રમુખ રાજીવ મેમાનીએ GST દરોમાં નોંધપાત્ર તર્કસંગતતા લાવવાની હાકલ કરી છે. તેમણે કહ્યું કે આવશ્યક ચીજવસ્તુઓને ૫ ટકાના રાહત દરે રાખવા, લક્ઝરી અને હાનિકારક ચીજવસ્તુઓ માટે ૨૮ ટકાના સ્લેબને જાળવી રાખવા અને અન્ય તમામ વસ્તુઓને ૧૨ ટકાથી ૧૮ ટકાની વચ્ચે એક જ માનક દર હેઠળ લાવવા. તેમના મતે, આ પગલાથી વર્ગીકરણ વિવાદો ઘટશે, પાલન સરળ બનશે અને વ્યવસાયો માટે કર આગાહીમાં સુધારો થશે.

GST શાસનની કાર્યક્ષમતાને વધુ વધારવા માટે ઉદ્યોગ સંસ્થાએ સરકારને ક્રેડિટ અવરોધોને દૂર કરીને અને રિફંડ સમયસર રિલીઝ કરીને ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) મિકેનિઝમને સુવ્યવસ્થિત અને તર્કસંગત બનાવવા વિનંતી કરી છે. મેમાનીએ ઉમેર્યું કે, તે સંકલિત અને સમાન પાલન વાતાવરણ બનાવવા માટે રાજ્યોમાં ઓડિટ, પ્રક્રિયાઓને સુમેળમાં લાવવાની પણ ભલામણ કરે છે. GST સંબંધિત મુકદમા ઘટાડવાના પ્રયાસમાં, CII એ લાંબા સમયથી રાહ જોવાતી રાષ્ટ્રીય અપીલ સત્તામંડળની રચનાને ઝડપી બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. વધુમાં, તેણે પેટ્રોલિયમ, વીજળી અને રિયલ એસ્ટેટ જેવા મુખ્ય ક્ષેત્રોને GST માળખામાં લાવવાના મહત્વનો પુનરોચ્ચાર કર્યો છે જેથી કાસ્કેડિંગ ટેક્સ દૂર થાય અને સીમલેસ ક્રેડિટ ફ્લોને પ્રોત્સાહન મળે, એમ રાજીવ મેમાનીએ ઉમેર્યું.

CII પ્રમુખના મતે, કાયદાને આધુનિક અને સરળ બનાવવા માટે પ્રસ્તાવિત નવા આવકવેરા બિલના ઝડપી અમલીકરણની જરૂર છે. આવકવેરા કમિશનર (અપીલ) સમક્ષ મોટી સંખ્યામાં અપીલો પેન્ડિંગ હોવાથી, CIIએ સરકારને મજબૂત વિવાદ નિવારણ પદ્ધતિઓ દ્વારા મુકદમા ઘટાડવા માટે નક્કર પગલાં લેવા વિનંતી કરી છે. રાજીવ મેમાનીએ વિથહોલ્ડિંગ ટેક્સ સિસ્ટમને તર્કસંગત બનાવવાની જરૂરિયાત પર પણ પ્રકાશ પાડ્યો, જેમાં હાલમાં ૩૭ પ્રકારની ચુકવણીઓને આવરી લેતી ૩૨ જોગવાઈઓ છે. ઉદ્યોગ સંસ્થાએ તેને ફક્ત ૨-૩ પ્રમાણિત દરો સુધી ઘટાડવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેનાથી પાલન સરળ બનશે અને અજાણતા ડિફોલ્ટ્સનો અવકાશ ઓછો થશે, એમ તેમણે સૂચવ્યું. CIIના મતે, આ માપાંકિત અભિગમ ભારતીય ઉત્પાદકો માટે ઇનપુટ ખર્ચ ઘટાડવામાં મદદ કરશે, સ્થાનિક મૂલ્યવર્ધનને પ્રોત્સાહન આપશે અને આયાત-સંચાલિત બજાર વિક્ષેપો સામે મધ્યમ રક્ષણ પૂરું પાડશે. આ પગલાથી વર્ગીકરણ વિવાદો ઘટશે, પાલન સરળ બનશે અને વ્યવસાયો માટે કર આગાહીમાં સુધારો થશે.

### આ નિયમ રિન્યૂ કરાયેલી લોન પર લાગુ થશે

# હવે કોઈપણ ચાર્જ વિના સમય પહેલાં ફ્લોટિંગ રેટ લોન ચૂકવી શકો છો : RBI




નવી દિલ્હી, તા.૪

RBIએ એક પરિપત્રમાં જણાવ્યું હતું કે, સમીક્ષાઓમાં જાણવા મળ્યું છે કે MSEs ને લોન વહેલા ચૂકવવા માટે વધુ ચાર્જ ચૂકવવા પડે છે. આનાથી ધિરાણ આપતી સંસ્થા અને ગ્રાહકો વચ્ચે વિવાદ થાય છે. કેટલીક બેંકો અને નાણાકીય સંસ્થાઓએ લોન કરારમાં એવા નિયમો બનાવ્યા છે કે ઉધાર લેનાર ઓછા વ્યાજ અથવા વધુ સારી શરતો મેળવવા માટે બીજી સંસ્થામાં જઈ શકતો નથી.

હવે પ્રીપેમેન્ટના નામે ભારે દંડ ભરવાથી રાહત મળવાની છે. RBIએ બધી બેંકો અને નાણાકીય સંસ્થાઓને કહ્યું છે કે તેઓ નાના ઉદ્યોગો અને વ્યક્તિઓને આપવામાં આવેલી લોન પર પ્રીપેમેન્ટ માટે કોઈ ફી વસૂલશે નહીં. આ નિયમ 1 જાન્યુઆરી, ૨૦૨૬ પછી લેવામાં આવેલી અથવા રિન્યુ કરાયેલી લોન પર લાગુ થશે. RBI એ બુધવારે એક પરિપત્રમાં જણાવ્યું હતું કે, સમીક્ષાઓમાં જાણવા મળ્યું છે કે MSEs ને લોન વહેલી ચૂકવવા માટે વધુ ફી ચૂકવવી પડે છે. આનાથી ધિરાણ આપતી સંસ્થા અને ગ્રાહકો વચ્ચે વિવાદ થાય છે. કેટલીક બેંકો અને નાણાકીય સંસ્થાઓએ લોન કરારમાં આવા નિયમો બનાવ્યા છે, જેથી ઉધાર લેનાર ઓછા વ્યાજ અથવા સારી શરતો મેળવવા માટે બીજી સંસ્થામાં ન જઈ શકે. RBI એ સ્પષ્ટ કર્યું છે કે વ્યક્તિઓ દ્વારા બિન-વાણિજ્યિક હેતુઓ માટે લેવામાં આવતી ફ્લોટિંગ રેટ લોન પર કોઈ પૂર્વ ચુકવણી શુલ્ક લેવામાં આવશે નહીં. નવો નિયમ બધી વાણિજ્યિક બેંકો (પેમેન્ટ બેંકો સિવાય), સહકારી બેંકો, NBFCs અને અખિલ ભારતીય નાણાકીય સંસ્થાઓને લાગુ પડશે.

### કથિત એક્સપાયરી-ડે ઇન્ડેક્સ હેરાફેરી

# સેબીએ યુએસ સ્થિત ટ્રેડિંગ ફર્મ જેન સ્ટ્રીટ પર પ્રતિબંધ મૂક્યો



નવી દિલ્હી, તા.૪

બજાર નિયમનકાર સેબીએ યુએસ સ્થિત ટ્રેડિંગ ફર્મ જેન સ્ટ્રીટને સિક્યોરિટીઝ માર્કેટમાંથી પ્રતિબંધિત કરી દીધો છે અને કંપનીને ઇન્ડેક્સ ઓપ્શન્સમાં જંગી નફો મેળવવા માટે એક્સપાયરી ડે પર ઇન્ડેક્સ લેવલમાં છેડછાડ કરવાના આરોપસર રૂ. ૪,૮૪૩.૫૭ કરોડના ગેરકાયદેસર નફાને ડિસગોર્જ કરવાનો નિર્દેશ આપ્યો છે. JSI ઇન્વેસ્ટમેન્ટ્સ, JSI2 ઇન્વેસ્ટમેન્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ, જેન સ્ટ્રીટ સિંગાપોર પ્રાઇવેટ લિમિટેડ અને જેન સ્ટ્રીટ એશિયા ટ્રેડિંગ ઓફ જેન સ્ટ્રીટ ગ્રુપ (JS ગ્રુપ) ને બજારમાંથી પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. સેબી દ્વારા પસાર કરાયેલા વચગાળાના આદેશ અનુસાર, JS ગ્રુપની એન્ટિટીઓએ ૧ જાન્યુઆરી, ૨૦૨૩ થી ૩૧ માર્ચ, ૨૦૨,૫ સુધીમાં NSE પર ઇન્ડેક્સ ઓપ્શન્સમાંથી NSE ની તમામ પ્રોડક્ટ કેટેગરીઝ અને સેગમેન્ટ્સમાં ૪૩,૨૮૯ કરોડ રૂપિયાથી વધુનો નફો કર્યો છે.

ઉપરાંત, સંસ્થાઓને કોઈપણ કપટપૂર્ણ, ચાલાકીભર્યા અથવા અન્યાયી વેપાર પ્રથામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સામેલ થવાનું અથવા કોઈપણ પ્રવૃત્તિ, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, જે ધોરણોનું ઉલ્લંઘન કરી શકે છે, કરવાથી બંધ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. સેબીને આ વર્ષની શરૂઆતમાં JS ગ્રુપના ટ્રેડિંગ પેટર્નમાં હેરફેર જોવા મળી હતી. NSE એ પ્રથમ લાઇન રેગ્યુલેટર તરીકે JS ગ્રુપને સ્પષ્ટ અને સ્પષ્ટ રીતે ચેતવણી આપી હતી કે તેઓ ઇન્ડેક્સ ઓપ્શન્સ માર્કેટમાં મોટા જોખમો લેવાનું ટાળે અને હેરફેરના વર્તનની ચિંતાઓ ઉભી કરતી ટ્રેડિંગ પેટર્ન અપનાવવાનું ટાળે.

### ભારતીય નીતિ આયોગના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે

# કેમિકલ ક્ષેત્ર એક ટ્રિલિયન ડોલર સુધી પહોંચી શકે છે, સાત લાખ નોકરીઓનું પણ સર્જન થશે




નવી દિલ્હી,તા.૪

નીતિ આયોગના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતનું રસાયણ ક્ષેત્ર ૨૦૪૦ સુધીમાં ૧ ટ્રિલિયન ડોલરના આંકડાને સ્પર્શી શકે છે અને તે વ્યફઝમાં ૧૨ ટકાનો હિસ્સો પ્રાપ્ત કરશે. તે જ સમયે, ૨૦૩૦ સુધીમાં વ્યફઝમાં ૫ થી ૬ ટકા હિસ્સો મેળવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

ભારતનું કેમિકલ સેક્ટર ૨૦૪૦ સુધીમાં ૧ ટ્રિલિયન ડોલરના આંકડાને સ્પર્શી શકે છે. નીતિ આયોગના એક રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર, તે ગ્લોબલ વેલ્યુ ચેઇનમાં ૧૨ ટકા હિસ્સો મેળવશે. આનાથી તે ગ્લોબલ કેમિકલ સુપરપાવર બનશે. ભારત હાલમાં વૈશ્વિક મૂલ્ય શૃંખલામાં ૩.૫ ટકા હિસ્સો ધરાવે છે, જ્યારે તેની રાસાયણિક વેપાર ખાધ ૨૦૨૩ માં $31 બિલિયન રહેવાનો અંદાજ છે. આ આયાતી ફીડસ્ટોક અને વિશેષ રસાયણો પર દેશની ભારે નિર્ભરતાને પ્રતિબિંબિત કરે છે. ૨૦૩૦ માટે ભારતનું વિઝન વૈશ્વિક મૂલ્ય શૃંખલામાં ૫ થી ૬ ટકાના હિસ્સા સાથે વૈશ્વિક રાસાયણિક ઉત્પાદન મહાસત્તા બનવાનું છે. નીતિ આયોગના સીઈઓ બીવીઆર સુબ્રમણ્યમે જણાવ્યું હતું કે દેશના ઘણા પરંપરાગત ઉદ્યોગો કરતાં રસાયણ ક્ષેત્ર ઘણું મોટું છે અને તેનો લાભ લેવાનો આ યોગ્ય સમય છે. તેમણે કહ્યું કે ભારત રસાયણોનો મુખ્ય ઉત્પાદક છે. આ એક ઝડપથી વિકસતું ક્ષેત્ર છે.

વર્તમાન ઉત્પાદનને બમણું કરવા અને ઈ૩૧ બિલિયનની વેપાર ખાધને ચોખ્ખી શૂન્ય પર લાવવાના પ્રયાસો કરવામાં આવશે. આ પહેલથી $35 થી $40 બિલિયનની વધારાની નિકાસ થશે અને લગભગ ૭ લાખ કુશળ નોકરીનું સર્જન થશે. આ માટે, સાર્કે લક્ષિત સુધારાઓ અમલમાં મૂકવા પડશે. હાલના ક્લસ્ટરોનું આધુનિકીકરણ કરીને, નવા ક્લસ્ટરો વિકસાવીને ભારતમાં વિશ્વ કક્ષાનું રાસાયણિક કેન્દ્ર સ્થાપિત કરવું.

### ભારતીય કામદારોને વીમા યોગદાન પર લાભ

# FTA ભારત અને યુકે વચ્ચે માલ અને સેવાનો વેપાર ૨૦૩૦ સુધીમાં બમણો

નવી દિલ્હી, તા.૪

નવા કરાર હેઠળ, યુકેમાં પોસ્ટ કરાયેલા ભારતીય કામદારોને ત્રણ વર્ષ સુધી રાષ્ટ્રીય વીમા યોગદાન પર માફીનો લાભ મળશે, જેનાથી તેઓ વધુ બચત કરી શકશે અને સંભવિત રીતે વધુ પૈસા ઘરે પાછા મોકલી શકશે. FTA ૨૦૩૦ સુધીમાં ભારત અને યુકે વચ્ચે માલ અને સેવાઓના વેપારને બમણો કરવા વચન આપે છે.

ભારત અને યુકે વચ્ચે તાજેતરમાં પૂર્ણ થયેલ મુક્ત વેપાર કરાર (FTA) માત્ર ભારતીય નિકાસને જ નહીં પરંતુ ઉચ્ચ રેમિટન્સ અને સ્થાનિક ખર્ચ દ્વારા ભારતના અર્થતંત્રને પણ ટેકો આપશે. S&P ગ્લોબલ માર્કેટ ઇન્ટેલિજન્સના અહેવાલ મુજબ, તે બંને દેશોમાં ભારતીય કામદારોની ગતિશીલતામાં પણ વધારો કરશે. ૨૦૨૪ માં, વિદેશમાં કામ કરતા ભારતીય કામદારોએ ભારતમાં લગભગ $130 બિલિયન મોકલ્યા. આ દેશના કુલ સ્થાનિક ઉત્પાદન (GDP) ના ૩.૩ ટકા છે. અમેરિકા અને સંયુક્ત આરબ અમીરાત પછી બ્રિટન આ ભંડોળનો ત્રીજો સૌથી મોટો સ્ત્રોત છે. નવા કરાર હેઠળ, બ્રિટનમાં પોસ્ટ કરાયેલા ભારતીય કામદારોને ત્રણ વર્ષ સુધી રાષ્ટ્રીય વીમા યોગદાન પર મુક્તિનો લાભ મળશે, જેનાથી તેઓ વધુ બચત કરી શકશે અને સંભવિત રીતે વધુ પૈસા ઘરે પાછા મોકલી શકશે. FTA ભારત અને યુકે વચ્ચે માલ અને સેવાઓનો વેપાર ૨૦૩૦ સુધીમાં બમણો કરવાનું વચન આપે છે, જે ૨૦૨૪ માં $56.7 બિલિયન હતો. યુએસ બજારમાં પડકારોનો સામનો કરી રહેલા ભારતીય વસ્ત્રોને યુકે બજારમાં વધુ સારી પહોંચનો લાભ મળવાની અપેક્ષા છે.

# ભરૂચ સ્ટેશન રોડ સિટી સેન્ટરના સંચાલકોને રૂ. ૨.૨૩ કરોડનો દંડ ફટકાર્યો

ભરૂચ,તા.૪

ભરૂચ શહેર સ્ટેશન રોડ પર ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનું વર્ષોથી બસ ડેપો કાર્યરત હતું. જે જર્જરિત થતા નિગમે પબ્લિક પ્રાઈવેટ ભાગીદારીના ભાગરૂપે ડી.આર.એ નર્મદા બસ પોર્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ભરૂચ શહેરમાં અત્યાધુનિક સિટી સેન્ટર શોપિંગ અને બસ ડેપોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. સિટી સેન્ટરના નામે ઓળખાતા શોપિંગના નિર્માણ સમયે સંચાલકો દ્વારા પાર્કિંગ અને ફાઉન્ડેશન માટે માટી ખોદવામાં આવી હતી. ૨૦,૦૦૦ મેટ્રિક ટન સાદી માટીના ખોદકામ માટે ખાણ અને ખનીજ વિભાગ ભરૂચ દ્વારા પરમીટ આપવામાં આવી હતી. જોકે આ સિટી સેન્ટરના સંચાલકો દ્વારા પરમિટ કરતા વધુ પ્રમાણમાં માટી ખોદી હોવાની આર.ટી.આઈ. એક્ટિવીસ્ટ રાજેશ પંડિતે વર્ષ ૨૦૨૨ માં ખાણ અને ખનીજ વિભાગને અરજી આપી હતી. જે બાદ ખાણ અને ખનીજ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવતા પરમીટ કરતા વધુ પ્રમાણમાં માટી ખોદકામ કરવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું હતું. જોકે સ્થળ તપાસમાં કુલ ૧,૧૦,૫૮૦ મેટ્રિક ટન સાદી માટેનું ખોદકામ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું. ખાણ ખનિજ વિભાગ દ્વારા આપવામાં આવેલ પરમિટ કરતા ૯૦,૫૮૦ મેટ્રિક ટન માટી ઉલેચી લેતા તંત્રએ સંચાલક વિરુદ્ધ કાર્યવાહી કરી હતી. જેમાં ડી.આર.એ નર્મદા બસ પોર્ટ પ્રાઈવેટ લિમિટેડ કંપનીને રૂ.૨.૨૩ કરોડનો દંડ ભરવા માટે હુકમ કરવામાં આવ્યો છે. જોકે દંડાત્મક કાર્યવાહીમાં સિટી સેન્ટરના સંચાલકો હાઈકોર્ટમાં અપીલમાં ગયા હોય કોર્ટમાં નિર્ણયની રાહ જોવાઈ રહી છે. વર્ષ ૨૦૨૨ માં કરવામાં આવેલ અરજીમાં કાર્યવાહી વર્ષ ૨૦૨૫ માં થતી હોય ખાણ ખનિજ વિભાગ દ્વારા કામગીરીમાં ઢીલાશ ભરી હોય તેમ પ્રથમ દૃષ્ટિએ નજરે ચઢે છે ત્યારે નિર્માણ પામી અને વપરાશમાં આવી ગયેલ સિટી સેન્ટર સંચાલકો સામે કાર્યવાહી થશે કે નહી તે જોવું રહ્યું.


Nippon india Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. Schedule of upcoming IAP is as mentioned below:

| Date | Time | Location |
|---|---|---|
| 05th July, 2025 | 06:30 PM | Vadodara |

Venue: Keys Lite (by Lemon Tree Hotels), Samruddhi Trade Centre, Waghodia Dabhoi Ring Road, Vadodara - 390025, India.

Name: Rajeev Bhargava | Mob. No.: 9374150770

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Good gets better

Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.

વડોદરા મહાનગરપાલિકા
એફોર્ડેબલ હાઉસીંગ વિભાગ
www.vmc.gov.in
Smart City
જાહેર સુચના
પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ભાયલી ખાતે તૈયાર થનાર EWS-2 ટાઈપના આવાસો ફાળવવા અંગેના ઓનલાઈન ફોર્મ ભરવાની સમય મર્યાદા લંબાવવા બાબત

વડોદરા મહાનગરપાલિકાની એફોર્ડેબલ હાઉસીંગ શાખા, રાવપુરા દ્વારા PRO No: ૨૩/૨૫-૨૬થી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વિવિધ યોજનામાં આવાસો મેળવવા ઓનલાઈન મંગાવવાની પ્રક્રિયા કરવામાં આવેલ હતી. જે પૈકી ભાયલી ટી.પી-૦૪, એફ.પી-૬૩ (બળિયાદેવ મંદિરની બાજુમાં, દશામા મંદિરની સામે, ભાયલી ગામ, ભાયલી) ખાતેના EWS-2 ટાઈપના આવાસ (આવાસની કિંમત રૂ.૫,૫૦,૦૦૦/-) મેળવવા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની સમયમર્યાદા વધુ ૩૦ દિવસ એટલે કે તા.૦૪/૦૮/૨૦૨૫ સાંજના ૦૬.૦૦ કલાક સુધી લંબાવવામાં આવે છે.

તા.૦૪/૦૮/૨૦૨૫ ના રોજ સાંજના ૦૬.૦૦ કલાક સુધી ફોર્મ ભરી શકાશે તથા જરૂરી દસ્તાવેજો વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પર અપલોડ કરી શકાશે. જેની જાહેર જનતાએ નોંધ લઈ તેનો લાભ લેવા જણાવવામાં આવે છે.

પી.આર.ઓ.નં.૩૪૩/૨૫-૨૬ એફોર્ડેબલ હાઉસીંગ સેલ દ્વારા પ્રકાશિત

હું કુમારી સુજાતા, પત્ની સુનીલ કુમાર સિન્હા, નિવાસસ્થાન ક્વાર્ટર નં. ૧/૩, ગુજરાત રિફાઇનરી ટાઉનશીપ, પોસ્ટ ઓફિસ: જવાહરનગર, જિ. વડોદરા-૩૯૧૩૨૦, ગુજરાત, મારું નામ બદલીને સુજાતા કુમારી સિન્હા રાખ્યું છે.

પશ્ચિમ રેલવે
ચીફ વર્કશોપ મેનેજર ની ઓફિસ ભાવનગર

LHB કોચમાં પ્રેશરાઇઝ્ડ ફ્લશિંગ સિસ્ટમની જોગવાઈ

ભારતના રાષ્ટ્રપતિ વતી, ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે નીચેના કામ માટે ઇ-ટેન્ડર મંગાવી રહ્યા છે; ઇ-ટેન્ડર નંબર: BVPW-2024-25-RSP-08-R2; કામનું નામ: LHB કોચમાં ૧ વર્ષ માટે કાર્યક્ષેત્ર મુજબ પ્રેશરાઇઝ્ડ ફ્લશિંગ સિસ્ટમની જોગવાઈ. કામની અંદાજિત કિંમત: રૂ. ૧,૪૩,૨૬,૬૧૬/-; બિડ સુરક્ષા: રૂ. ૨,૨૧,૬૦૦/-; ટેન્ડર દસ્તાવેજ ફી: રૂ. ૦.૦૦/-; ટેન્ડર ઓફરની માન્યતા: ૯૦ દિવસ; કામ પૂર્ણ કરવાનો સમયગાળો: LOA જારી કર્યાની તારીખથી ૧૨ મહિના; ટેન્ડર રજૂ કરવાની છેલ્લી તારીખ અને સમય: ૨૫/૦૭/૨૦૨૫, ૧૦:૩૦ કલાક; ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: ૨૫/૦૭/૨૦૨૫, ૧૧:૦૦ કલાક; જારીકર્તા: ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, ભાવનગર ૩૬૪૦૦૩, પશ્ચિમ રેલવે, ઇમેઇલ: dycmews@bvp.railnet.gov.in; મહત્વપૂર્ણ નોંધ: ટેન્ડર ફક્ત https://www.ireps.gov.in પર ઇલેક્ટ્રોનિક રીતે રજૂઆત કરવામાં આવશે અને આ ઇ-ટેન્ડર સામે કોઈ મેન્યુઅલ ઓફર માન્ય નથી, અને આ ઓફિસ પર પ્રાપ્ત થતી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે અને ખોલવામાં આવશે નહીં. BVP – 070

અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે-વડોદરા મંડળ
વિવિધ એન્જિનિયરિંગ કાર્ય
ટેન્ડર આમંત્રણ નોટિસ નં. EL/૫૦/૧/૦૭ (૨૫-૨૬) Date: ૦૨/૦૭/૨૦૨૫

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે,વડોદરા ડિવિઝન દ્વારા નીચે જણાવેલા કામો માટે અનુભવી અને વિશ્વસનીય કોન્ટ્રાક્ટર પાસેથી ઇન્ડિયન રેલવેની વેબસાઇટ www.ireps.gov.in પર ઇ-ટેન્ડર આમંત્રિત છે.

| અ. નં. | ટેન્ડર નં. | કામનું નામ | અંદાજિત ખર્ચ (₹) | ઇએમડી (₹) |
|---|---|---|---|---|
| ૧ | BRC-EL-P-૦૭-૨૫-૨૬. | વડોદરા વિભાગ: બીઆરસી વિભાગના વિવિધ સ્ટેશનો પર પ્લેન હેડ ૧૬,૩૧,૫૧ અને ૫૩ હેઠળના વિવિધ કાર્યોના સંદર્ભમાં સંબંધિત વિદ્યુત કાર્યો. | ૭૨,૩૫,૮૪૧.૦૦ | ૧,૪૪,૭૦૦.૦૦ |
| ૨ | BRC-EL-P-૦૮-૨૩૮૩-૨૪૧૯-૨૫ | વડોદરા વિભાગ: અંકલેશ્વર, કપડવંજ અને પ્રતાપનગર/ફુલેરા ખાતે હેવી-ડ્યુટી ટ્રેક મશીનોના કામ માટે સાઇડિંગ સુવિધાઓ બનાવવા અને એડીઇએન (ટીએમસી) બીઆરસી (ડભોઇ, અલીરાજપુર, અંબારી રિછાવી અને એકતા નગર) ના અધિકારક્ષેત્ર હેઠળ ટ્રેક મશીન સાઇડિંગ માટે વિશ્રામ કક્ષ, પાથવે, વોટરીંગ, રોડલાઇટિંગ વગેરેનો વિકાસ કરવા સંબંધિત ઇલેક્ટ્રિકલ કાર્ય. | ૮૫,૩૭,૮૦૭.૦૦ | ૧,૭૦,૮૦૦.૦૦ |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: ટેન્ડર ફી: NIL, ઇ-ટેન્ડર બંધ થવાની તારીખ: ૩૦/૦૭/૨૦૨૫, વેબસાઇટની વિગત: www.ireps.gov.in 094

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

પશ્ચિમ રેલવે-વડોદરા મંડળ
વિવિધ એન્જિનિયરિંગ કાર્ય
ઈ-ટેન્ડર નોટિસ નબંર: DRM-BRC ૦૬૮ to ૦૭૦ of ૨૦૨૫-૨૬

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -૩૯૦ ૦૦૪; દ્વારા નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ટેન્ડર આમંત્રિત છે:

| અ. નં. | ટેન્ડર નં. | કામનું નામ | કામનો અંદાજીત ખર્ચ (₹ માં) | જમા કરાવવાની બિડ સિક્યોરિટી (₹ માં) |
|---|---|---|---|---|
| ૧ | DRM BRC ૦૬૮ of ૨૦૨૫-૨૬. | પ્રતાપનગર: હાલના જર્જરિત આરપીએફ બેરેકના સ્થાને આરપીએફ બેરેકનું બાંધકામ, પુરુષ અને મહિલા કર્મચારીઓ માટે અલગ હોલની જોગવાઈ, અને પ્રતાપનગર વર્કશોપ ખાતે મલ્ટી-લેવલ પાર્કિંગ બિલ્ડિંગનું વિસ્તરણ. | ૨,૭૨,૦૪,૭૪૬.૩૩ | ૨,૮૬,૦૦૦.૦૦ |
| ૨ | DRM BRC ૦૬૯ of ૨૦૨૫-૨૬. | (ઝોન નં. ૧૩ વર્ષ ૨૦૨૫-૨૬) - ઝોન નં. ૧૩ એટલે કે સિનિયર સેક્શન એન્જિનિયર/વર્ક્સ/પ્રતાપનગરના અધિકારક્ષેત્ર હેઠળ પ્રતાપનગર ખાતે આવેલી પ્રતાપનગર ડિવિઝનલ રેલ્વે હોસ્પિટલ માટે રૂ. ૫,૦૦,૦૦૦.૦૦ સુધીના નવા કામો અને તમામ સામાન્ય સમારકામ અને જાળવણીના કામો. (ફરીથી આમંત્રણ) (આર-૧) | ૭૦,૨૮,૪૦૦.૯૪ | ૧,૪૦,૬૦૦.૦૦ |
| 3 | DRM BRC ૦૭૦ of ૨૦૨૫-૨૬. | વડોદરા વિભાગ: સિનિયર ડીઇએન સાઉથ બીઆરસીના અધિકાર ક્ષેત્ર હેઠળ આકાર (M-૨૫) અને (M-૨૭) માટે સિંગલ પીસ સ્પ્રિંગ ઇન્સર્ટેડ રિયુઝેબલ સેલ્ફ લોકિંગ સ્ટીલ નટ્સ પૂરા પાડવા અને ફિટ કરવા. (ફરીથી આમંત્રણ) (આર-૧) | ૨,૫૮,૧૬,૩૨૪.૫૪ | ૨,૭૯,૧૦૦.૦૦ |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: ટેન્ડર તા. ૨૫.૦૭.૨૦૨૫ ના રોજ ૧૫.૦૦ કલાક પહેલાં જમા કરાવવા અને તે એ જ દિવસે ૧૫.૩૦ કલાકે ખોલાશે. વેબસાઇટની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે: વેબસાઇટ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુએ/સી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦૦૦૪. 093

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

ફોર્મ એ
જાહેર ઘોષણા
(ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઇન્ડિયા (કોર્પોરેટ વ્યક્તિઓ માટે નાદારી નિરાકરણ પ્રક્રિયા) નિયમનો, ૨૦૧૬ ના નિયમન ૬ હેઠળ)

ટેન્સાઇલ સ્ટીલ લિમિટેડના લેણદારોના ધ્યાન માટે

સંબંધિત વિગતો

| | | |
|---|---|---|
| 1. | કોર્પોરેટ દેવાદારનું નામ | ટેન્સાઇલ સ્ટીલ લિમિટેડ |
| 2. | કોર્પોરેટ દેવાદારના સમાવેશની તારીખ | ૨૮.૧૧.૧૯૬૦ |
| 3. | કોર્પોરેટ દેવાદાર જે અધિકાર હેઠળ સામેલ/નોંધાયેલ છે | રજિસ્ટ્રાર ઓફ કંપની, અમદાવાદ |
| 4. | કોર્પોરેટ ઓળખ નંબર કોર્પોરેટ દેવાદારની મર્યાદિત જવાબદારી ઓળખ નંબર | U99999GJ1960PLC001006 |
| 5. | કોર્પોરેટ દેવાદારના નોંધાયેલ ઓફિસ અને મુખ્ય ઓફિસ (જો કોઈ હોય તો) નું સરનામું | [illegible] |
| 6. | કોર્પોરેટ દેવાદારના સંબંધમાં નાદારી શરૂ થવાની તારીખ | ૦૩.૦૭.૨૦૨૫ |
| 7. | નાદારી નિરાકરણ પ્રક્રિયા પૂર્ણ થવાની અંદાજિત તારીખ | ૩૦.૧૨.૨૦૨૫ |
| 8. | વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે કામ કરતા નાદારી વ્યાવસાયિકનું નામ અને નોંધણી નંબર | સીએ બિહારીલાલ ચક્રવર્તી, નોંધણી નંબર: IBBI/IPA-002/IP-N00863/2019-2020/12776 |
| 9. | બોર્ડમાં નોંધાયેલ વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલનું સરનામું અને ઇ-મેલ | [illegible] દિલ્હી-૧૧૦૦૨૪ ઇ-મેલ-bichakravarti.associates@gmail.com |
| 10. | વચગાળાના રિઝોલ્યુશન વ્યાવસાયિક સાથે પત્રવ્યવહાર માટે ઉપયોગમાં લેવાનું સરનામું અને ઇ-મેલ | [illegible] દિલ્હી-૧૧૦૦૨૪ cirp.tensilesteel@gmail.com |
| 11. | દાવાઓ રજૂ કરવાની છેલ્લી તારીખ | ૧૯.૦૭.૨૦૨૫ |
| 12. | [illegible] | લાગુ પડતું નથી |
| 13. | [illegible] | લાગુ પડતું નથી |
| 14. | (a) સંબંધિત ફોર્મ અને (b) [illegible] | વેબલિંક: https://ibbi.gov.in/en/home/downloads |

[illegible]

સહી/- સીએ બિહારીલાલ ચક્રવર્તી,
વચગાળાના રીઝોલ્યુશન પ્રોફેશનલ
ટેન્સાઇલ સ્ટીલ લિમિટેડની બાબતમાં.
તારીખ-૦૫.૦૭.૨૦૨૫
સ્થળ- દિલ્હી
IBBI નોંધણી નંબર: IBBI/IPA-002/IP-N00863/2019-2020/12776
AFA ૩૧.૧૨.૨૦૨૫ સુધી માન્ય

ફોર્મ-જી
અલ્ડીયમ મોટર્સ પ્રા.લિ., વડોદરા, ગુજરાત ખાતે કારના વેચાણ અને સેવામાં કાર્યરત (૨૦૨૦ થી કોઇ કામગીરી નથી) માટે રસ (INTEREST) વ્યક્ત કરવા માટે આમંત્રણ
(ઇન્સોલ્વન્સી-નાદારી અને બેન્કરપ્સી બોર્ડ ઓફ ઇન્ડિયા (કોર્પોરેટ વ્યક્તિઓ માટે ઇન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસ) નિયમન, ૨૦૧૬ના નિયમન ૩૬એ ના પેટા-નિયમન (૧) અંતર્ગત)

સંબંધિત વિગતો

| | | |
|---|---|---|
| ૧ | કોર્પોરેટ દેવાદારનું નામ (PAN & CIN/ LLP No. સાથે) | અલ્ડીયમ મોટર્સ પ્રા. લિ. CIN: U34300GJ2008PTC055391 |
| ૨ | કોર્પોરેટ દેવાદારનું રજીસ્ટર્ડ ઓફિસનું સરનામું અને મુખ્ય ઓફિસ (હોય તો)નું સરનામું : | રજીસ્ટર્ડ ઓફિસ પ્લોટ નં.૮૨૬/૩૧-૩૨,જીઆઇડીસી, મકરપુરા, વડોદરા, ગુજરાત-૩૯૦ ૦૧૦. |
| 3 | વેબસાઇટ નો URL | https://www.aldiammotorscirp.in/ |
| ૪ | મોટાભાગની સ્થાવરની સ્થાવર મિલકતો જ્યાં આવેલી છે તે સ્થળની વિગત | પ્લોટ નં.૮૨૬/૩૧-૩૨,જીઆઇડીસી, મકરપુરા, વડોદરા,ગુજરાત-૩૯૦ ૦૧૦. |
| ૫ | મુખ્ય ઉત્પાદનો / સેવાઓની સ્થાપિત ક્ષમતા | લાગુ પડતુ નથી. |
| ૬ | ગયા નાણાકીય વર્ષમાં વેચાયેલા મુખ્ય ઉત્પાદનો / સેવાઓનો જથ્થો અને મૂલ્ય | ૨૦૨૦ થી કોઇ વ્યવસાયિક પ્રવૃતિ નથી. |
| ૭ | કર્મચારીઓ / કામદારોની સંખ્યા | -Nil- |
| ૮ | બે વર્ષના છેલ્લા ઉપલબ્ધ નાણાંકીય નિવેદનો (સમયપત્રક સાથે), લેણદારોની યાદી સહિત વધુ વિગતો URL પર ઉપલબ્ધ છે : | https://www.aldiammotorscirp.in/ |
| ૯ | કોડની કલમ ૨૫(૨)(એચ) હેઠળ ઉકેલ અરજદારો માટેની પાત્રતા પર ઉપલબ્ધ છે : | URL: https://www.aldiammotorscirp.in/ ઇન્વીટેશન એક્સ્પ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ" માં પણ યોગ્યતાના માપદંડનો ઉલ્લેખ છે અને તે રિઝોલ્યુશન પ્રોફેશનલ પાસેથી ઇમેઇલ મોકલીને મેળવી શકાય છે: cirp.aldiam@gmail.com |
| ૧૦ | "એક્સ્પ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ" અભિવ્યક્તિ પ્રાપ્ત કરવાની છેલ્લી તારીખ | ૨૨-૦૭-૨૦૨૫ (મંગળવાર) |
| ૧૧ | સંભવિત ઠરાવ અરજદારોની કામચલાઉ યાદી જારી કરવાની તારીખ | ૦૧-૦૮-૨૦૨૫ (શુક્રવાર) |
| ૧૨ | કામચલાઉ યાદી પર વાંધા રજૂ કરવાની છેલ્લી તારીખ | ૦૬-૦૮-૨૦૨૫ (બુધવાર) |
| ૧૩ | સંભવિત ઠરાવ અરજદારોની અંતિમ યાદી જારી કરવાની તારીખ | ૧૬-૦૮-૨૦૨૫ (શનિવાર) |
| ૧૪ | સંભવિત ઠરાવ અરજદારોને માહિતી મેમોરેન્ડમ, મૂલ્યાંકન મેટ્રિક્સ અને રીઝોલ્યુશન પ્લાન માટેની વિનંતી જારી કરવાની તારીખ | ૨૧-૦૮-૨૦૨૫ (ગુરુવાર) |
| ૧૫ | રીઝોલ્યુશન પ્લાન સુપરત કરવાની છેલ્લી તારીખ એક્સપ્રેશન ઓફ એસ | ૨૨-૦૯-૨૦૨૫ (સોમવાર) |
| ૧૬ | "એક્સપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ" સુપરત કરવા માટે પ્રક્રિયા કરવા માટે ઇમેઇલ આઇડી | cirp.aldiam@gmail.com |
| ૧૭ | કોર્પોરેટ દેવાદારના MSME તરીકે નોંધણી દરજ્જાની વિગતો | ૨૪-૦૧૯-૨૨-૦૧૯૨૧ તા.૨૪.૦૪.૨૦૦૯ |

મનોહરલાલ વિજ, વચગાળાના નિરાકરણ વ્યવસાયિક,
અલ્ડીયમ મોટર્સ પ્રા.લિ.,
રજી. નં. : IBBI/IPA-001/IP-P-01480/2018-2019/12269
IBBI સાથે રજી. એડ્રેસ : ૮/૨૮, ત્રીજો માળ, W.E.A. અબ્દુલ અઝીઝ રોડ, કરોલબાગ, ન્યુ દિલ્હી-૧૧૦૦૦૫
IBBI સાથે રજી. ઇ-મેઇલ : mlvij1956@gmail.com
AFA તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી માન્ય.
તારીખ : ૦૫-૦૭-૨૦૨૫
સ્થળ : ન્યુ દિલ્હી




રાજકુમાર રાવ અને માનુષી છીલ્લર તેમની આગામી ફિલ્મ માલિકના પ્રમોશનમાં વ્યસ્ત છે. સારા અલી ખાન તેની નવી ફિલ્મના પ્રીમિયર પર ભાઈ ઇબ્રાહિમ સાથે પહોંચી હતી. શ્રીલીલા મુંબઈ એરપોર્ટ પર ક્લિક થઈ હતી. જ્યારે વિદ્યા બાલન પતિ સિદ્ધાર્થ રોય કપૂર સાથે જોવા મળી હતી. ખુશી કપૂર પણ મેટ્રો ઈન દિનોના પ્રીમિયર પર જોવા મળી હતી. તો અલી ફઝલે રિચા ચઢ્ઢા પ્રીમિયરમાં હાજરી આપી હતી.



### જેકલીન સુકેશ સાથે ૨૦૦ કરોડના મની લોન્ડરિંગ કેસમાં ફસાઈ છે

# હું ક્યારેય સુકેશ ચંદ્રશેખર સાથે હતી નહીં : જેકલીન ફર્નાન્ડિઝ

જેકલીન ફર્નાન્ડીઝ પણ ઠગ સુકેશ ચંદ્રશેખર સાથે સંબંધિત ૨૦૦ કરોડના મની લોન્ડરિંગ કેસમાં ફસાયેલી છે. સુકેશે દાવો કર્યો હતો કે હાઉસફુલ ૫ ની અભિનેત્રી તેની સાથે સંબંધમાં છે. જોકે, જેકલીને સુકેશના તમામ દાવાઓને ફગાવી દીધા છે અને તેની સાથે સંબંધ હોવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો છે.તે જ સમયે, જેલમાં રહેલા સુકેશે ઘણી વખત ઘણી વખત જેકલીન પ્રત્યે પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો છે. ઘણી વખત તેણે જેલમાંથી જેકલીનને પ્રેમ પત્રો લખ્યા છે. અભિનેત્રીના જન્મદિવસ પર પણ સુકેશે એક પત્ર લખીને ખુલાસો કર્યો હતો કે તેણે જેકલીનને એક યાટ ભેટમાં આપી હતી. જોકે, જેકલીન હંમેશા સુકેશ ચંદ્રશેખર સાથેના તેના સંબંધોનો ઇનકાર કરતી રહી છે. આ બધા વચ્ચે, જેક્વેલિનએ ૨૦૦ કરોડના મની લોન્ડરિંગ કેસમાં ઈડી દ્વારા તેની સામે નોંધાયેલી ફરિયાદ રદ કરવાના અને ઈડી દ્વારા દાખલ કરાયેલ ચાર્જશીટ અને નીચલી કોર્ટ દ્વારા દાખલ કરાયેલ ચાર્જશીટની નોંધ લેવાના આદેશને પડકાર્યો છે. આ મામલે આજે દિલ્હી હાઈકોર્ટમાં નિર્ણય સંભળાવવામાં આવશે.જેક્વેલિનએ તેની અરજીમાં તેના પર લગાવવામાં આવેલા તમામ આરોપોને ખોટા ગણાવ્યા છે. અભિનેત્રીએ કહ્યું કે માત્ર સુકેશ ચંદ્રશેખર જ નહીં પરંતુ અદિતિ સિંહે પણ તેની સાથે છેતરપિંડી કરી છે. જેક્વેલિનએ એમ પણ કહ્યું કે સુકેશ ચંદ્રશેખર દ્વારા તેને નિશાન બનાવવામાં આવી હતી અને તેનો મની લોન્ડરિંગ કેસમાં કોઈ લેવાદેવા નથી.સુકેશે જેક્વેલિન ફર્નાન્ડીઝને ખૂબ જ મોંઘી ભેટ આપી હતી. ઈડી અનુસાર, સુકેશે જેક્વેલિનને મોંઘા ઘરેણાંથી લઈને ચાર પર્શિયન બિલાડીઓ અને ૫૭ લાખ રૂપિયાનો ઘોડો ભેટમાં આપ્યો હતો. સુકેશે જેક્વેલિનના પરિવારને ઘણી ભેટો પણ આપી હતી. એકંદરે, સુકેશે અભિનેત્રીને ભેટ આપવા માટે ૭ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કર્યા હતા. જોકે, જેકલીને કહ્યું છે કે તે સુકેશ વિશે, તે શું કરે છે અને કોણ છે તે જાણતી નહોતી. જેકલીને કહ્યું હતું કે સુકેશે પોતાને એક મોટો ઉદ્યોગપતિ ગણાવ્યો હતો.

### રૂપાલી ગાંગુલીની લોકપ્રિય સીરિયલ 'અનુપમા'ને પાછળ મૂકી

# ટીઆરપી રિપોર્ટના ચાર્ટમાં ફરી એકવાર તારક મહેતા કા ઊલટા ચશ્માં ટોચ પર



નવી ટીઆરપી યાદી બહાર આવી છે અને અમે ૨૫મા અઠવાડિયા માટે રેટિંગ રિપોર્ટ સાથે પાછા આવ્યા છીએ. નિર્માતાઓ તેમના લોકપ્રિય શોમાં વિવિધ ટ્વિસ્ટ અને વળાંક ઉમેરવા અને દર્શકોને સ્ક્રીન પર ચોંટાડી રાખવામાં કોઈ કસર છોડી રહ્યા નથી. દિલીપ જોશી અભિનીત 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' તેના મનોરંજક ટ્રેક સાથે ચાર્ટ પર રાજ કરી રહી છે. આ શોએ અગાઉ ચાર્ટ પર રાજ કરતા અન્ય ટોચના શોને પાછળ છોડી દીધા છે. 'ઘુમ હૈ કિસીકે પ્યાર મેં' આ અઠવાડિયે ટોચના ૫ માંથી બહાર થઈ ગયો છે. દિલીપ જોશી અભિનીત 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ટીઆરપી ચાર્ટમાં ટોચ પર છે અને તેના એપિસોડ્સે દર્શકોને શો પ્રત્યે જકડી રાખ્યા છે. આ અઠવાડિયે શોને ૨.૩ ઇમ્પ્રેશન મળ્યા છે. રૂપાલી ગાંગુલીની લોકપ્રિય સીરિયલ 'અનુપમા' આ અઠવાડિયે પણ બીજા સ્થાને છે. આર્યનના મૃત્યુ પછી, અનુપમા મુંબઈમાં એકલી રહી ગઈ છે. શોને ૨.૧ મિલિયન ઇમ્પ્રેશન મળ્યા છે. યે રિશ્તા ક્યા કહેલાતા હૈ સમૃદ્ધિ શુક્લા અને રોહિત પુરોહિત અભિનીત 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ' આ અઠવાડિયે ૨.૧ મિલિયન ઇમ્પ્રેશન સાથે ત્રીજા સ્થાને રહી. અરમાન અને અભિરા સાત વર્ષ પછી સામસામે આવ્યા છે અને અભિમાનના ચાહકો ઇચ્છે છે કે તેઓ તેમની પુત્રી માયરા માટે ફરી ભેગા થાય. ઉડને કી આશા કંવર ઢિલ્લોન અને નેહા હરસોરાનો શો 'ઉડને કી આશા' આ અઠવાડિયે ૨.૧ મિલિયન ઇમ્પ્રેશન સાથે ચોથા સ્થાને છે. સચિન અને સયાલી તેમના રોમાંસથી લોકોના દિલ પર રાજ કરવામાં સફળ રહ્યા.

### પરેશ રાવલે હેરાફેરી-૩ માટે પ્રિયદર્શનની માફી માગી

# 'પરેશે કહ્યું, હેરાફેરી-૩ કરું છું, તો મને આંચકો લાગ્યો' : પ્રિયદર્શન



અંતે પરેશ રાવલના બધા પ્રશ્નોનો હલ આવી ગયો અને તે ફરી 'હેરા ફેરી ૩'માં જોડાઈ ગયા. આ ખબર આવતા જ તેમના ફેન્સ ખુશ થઈ ગયાં. ત્યારે પ્રિયદર્શને હવે એક ઈન્ટરવ્યુમાં પરેશ રાવલ અંગેની એક ઈમોશનલ અને આંચકો લાગે એવી વાત કરી છે. ઈન્ટરવ્યુમાં પ્રિયદર્શને જણાવ્યું કે પરેશે માફી માગવા માટે ખાસ મને કોલ કર્યો હતો. તેમણે જણાવ્યું, "અક્ષય અને પરેશ બંનેએ મને ફોન કરીને કહ્યું કે હવે બધું જ સરખું થઈ ગયું છે. મને આંચકો લાગ્યો, જ્યારે તેણે કહ્યું, "સર હું ફિલ્મ કરું છું." એણે કહ્યું, "મને તમારા માટે ક્યારેય બીજું કશું નહીં, પણ હંમેશા માન રહ્યું છે. મેં તમારી સાથે ૨૯ ફિલ્મ કરી છે અને ફિલ્મ છોડવા માટે તમારી માફી માગું છું. કેટલાંક અંગત પ્રશ્નો હતા." એણે મને કહ્યું કે એ, અક્ષય અને સુનિલ મળ્યાં અને બધું સ્પષ્ટ થઈ ગયું."પ્રિયદર્શન હાલ ફિલ્મની સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યાં છે, તેમણે કહ્યું કે ફિલ્મ માટે રાજુ, શ્યામ અને બાબુ રાવ કેટલા મહત્વના છે, "હું ગમે તેમ કરું, હેરા ફેરીથી તો આગળ નહીં જ વધી શકે. બીજો ભાગ ખાસ સારો નહોતો - એ એક હોલિવૂડ ફિલ્મની કોપી હતી. પરંતુ હેરા ફેરી એ ત્રણ વિના શક્ય નથી. એક વખત હિરાના એક વેપારી મને એક ફ્લાઇટમાં મળી ગયા હતા અને કહ્યું, "મહેરબાની કરીને પરેશ રાવલને પાછા લાવો, નહીંતર અમે ફિલ્મ નહીં જોઈએ."

### ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરા તેની નવી ફિલ્મ 'હેડ્સ ઓફ સ્ટેટ' માટે સમાચારમાં છે

# ટોમ ક્રૂઝના સ્ટંટ જોઈને એમઆઈ સિક્સ એજન્ટ બનવાનું મન થયું : પ્રિયંકા ચોપરા



ફિલ્મ 'હેડ્સ ઓફ સ્ટેટ'માં પ્રિયંકા એમઆઈ ૬ એજન્ટ નોએલ બિસેટની ભૂમિકા ભજવી રહી છે. આ ફિલ્મમાં તેના સ્ટાર્સ પ્રખ્યાત હોલીવુડ અભિનેતા ઇદ્રિસ એલ્બા અને જોન સીના છે. પ્રિયંકાએ આ એક્શનથી ભરપૂર ફિલ્મમાં કામ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો.ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરા તેની નવી ફિલ્મ 'હેડ્સ ઓફ સ્ટેટ' માટે સમાચારમાં છે. આ ફિલ્મ પ્રાઇમ વીડિયો પર સ્ટ્રીમ કરવામાં આવી છે. ફિલ્મમાં પ્રિયંકા એમઆઈ ૬ એજન્ટ નોએલ બિસેટની ભૂમિકા ભજવતી જોઈ શકાય છે. આ ફિલ્મમાં તેના સ્ટાર્સ પ્રખ્યાત હોલીવુડ અભિનેતા ઇદ્રિસ એલ્બા અને જોન સીના છે. પ્રિયંકાએ આ એક્શનથી ભરપૂર ફિલ્મમાં કામ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો. તેણીએ તેના પાત્રનું મહત્વ સમજવા બદલ નિર્માતાઓની પ્રશંસા પણ કરી.વાતચીત દરમિયાન, પ્રિયંકા ચોપરાએ કહ્યું, 'મને લાગે છે કે ઇલ્યા નેશુલર (દિગ્દર્શક) ને શરૂઆતથી જ આ વિચાર આવ્યો હતો જ્યારે તેમણે આ ફિલ્મ વિશે પહેલી વાર મારી સાથે વાત કરી હતી. તેમને લાગ્યું કે સ્ત્રીના હાથમાં લગામ આપવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. મારા માટે એ વિચારવું ખૂબ જ રમુજી હતું કે હું, ૫ ફૂટ ૭ ઇંચની છોકરી, ભલે મેં હીલ પહેરી હોય, ઉભી રહીને આ બે છોકરાઓને તેમની મર્યાદામાં રહેવાનું કહી રહી હતી. આ એક જ વાતે મને ફિલ્મ કરવાની ઇચ્છા કરાવી. મને લાગ્યું કે તે ખૂબ જ રમુજી હતું, પરંતુ જો ઊંડાણપૂર્વક જોવામાં આવે તો, તે ઇલ્યા માટે ભાવનાત્મક રીતે ઘણું મહત્વ ધરાવે છે.'પ્રિયંકાએ આગળ કહ્યું, 'ભલે આ ફિલ્મમાં ઘણા પુરુષો દર્શાવવામાં આવ્યા છે, આ પુરુષો નારીવાદી છે, જેઓ આવી ભૂમિકા બનાવવાનું મહત્વ સમજે છે. આવી ભૂમિકાઓ સરળતાથી મળતી નથી. તેથી હું આ સફરનો ભાગ બનીને ખૂબ જ ખુશ હતી.

# યુવાનોમાં હાર્ટ એટેક માટે કોવિડ વેક્સિન જવાબદાર નથી : નિષ્ણાતોએ શું કહ્યું?



કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે બુધવારે જાહેરાત કરી કે કોવિડ-૧૯ની રસીને દેશમાં અચાનક હાર્ટ એટેકથી થતા મૃત્યુ સાથે કોઈ સીધો સંબંધ નથી. મંત્રાલયે જણાવ્યું કે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ઝસ્ઈ) અને રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર (એનસીડીસી)ના બે અલગ અલગ અભ્યાસમાં આ વાતની પુષ્ટિ થઈ છે.મંત્રાલયે જણાવ્યું કે, ભારતમાં કોવિડ-૧૯ની રસી સુરક્ષિત અને અસરકારક છે. તેની ગંભીર આડઅસરની ઘટનાઓ બહુ ઓછી જોવા મળી છે.સરકારે કહ્યું કે, અચાનક હાર્ટ એટેકથી થતા મૃત્યુનો સંબંધ વારસાગત, જીવનશૈલી, પહેલેથી હાજર બીમારીઓ અને કોવિડ પછી થયેલી પરેશાનીઓ સાથે હોઈ શકે છે. મંત્રાલયે જણાવ્યું કે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એપિડેમિયોલોજી (એનઆઈઆઈ) એ ૧૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અભ્યાસ કર્યો જેમાં એ જાણવા મળ્યું કે કોવિડ-૧૯ના રસીકરણથી યુવાનોમાં અચાનક હાર્ટ એટેકનું જોખમ વધતું નથી.

જ્યારે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઈમ્સ) એ અભ્યાસ પછીના શરૂઆતના વિશ્લેષણમાં જણાવ્યું છે કે, માયોકાર્ડિયલ ઈન્ફેક્શન અથવા હાર્ટ એટેક એ અચાનક મૃત્યુનું મુખ્ય કારણ બની ગયું છે. ગયા વર્ષની તુલનામાં આ વર્ષે પણ તેના કારણોની પેટર્નમાં કોઈ મોટો ફેરફાર નથી થયો. એઈમ્સે જણાવ્યું કે અભ્યાસ પૂરો થયા પછી અંતિમ પરિણામો શેયર કરવામાં આવશે. પરંતુ એઈમ્સ આ મૃત્યુ માટે આનુવંશિક પરિવર્તનને સંભવિત કારણ માને છે. મંત્રાલયે કહ્યું કે, બંને અભ્યાસ પરથી જાણવા મળે છે કે અચાનક થયેલા મોત માટે કોવિડ-૧૯ની રસી નહીં, પરંતુ પહેલેથી હોય તેવી આરોગ્યની સમસ્યાઓ, આનુવંશિક પ્રકૃતિ અને અસંતુલિત જીવનશૈલી ભૂમિકા ભજવે છે. પરંતુ જાણકારોના કહેવા મુજબ આ મિશ્ર અભિપ્રાય છે. કેટલાક નિષ્ણાતો સરકારના દાવા સાથે સહમત નથી.કર્ણાટકના હાસન જિલ્લામાં લગભગ એક મહિનામાં ૨૨ યુવાનો હાર્ટ એટેકથી મૃત્યુ પામ્યા છે. મુખ્ય મંત્રી સિદ્ધારમૈયાએ આ મૃત્યુ પાછળ કોવિડ વેક્સિન જવાબદાર હોવાની શંકા દર્શાવી છે. કર્ણાટકના મુખ્ય મંત્રી સિદ્ધારમૈયાએ એક્સ પર લખ્યું કે, હાસન જિલ્લામાં તાજેતરમાં ૨૦થી વધુ લોકો હાર્ટ એટેકથી મૃત્યુ પામ્યા છે. આ ગંભીર મામલો છે. શું અચાનક થતા મોત પાછળ કોવિડની આડઅસર તો નથી?

તેમણે લખ્યું કે, ઘણા ઈન્ટરનેશનલ રિસર્ચમાં હાલમાં સંકેત મળ્યો છે કે વેક્સિન હાર્ટ એટેકનું કારણ બની શકે છે. શું વેક્સિનને ઉતાવળમાં મંજૂરી અપાઈ તે આ મૃત્યુનું કારણ હોઈ શકે છે? કોવિડ ૧૯ વેક્સિન અંગે સેન્ટ સ્ટીફન હોસ્પિટલના ડોક્ટર જેકબ પુલિયાલનો અભિપ્રાય પણ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના અભ્યાસ કરતા અલગ છે. ડોક્ટર જેકબ પુલિયાલ કહે છે કે, દેખીતી વાત છે કે ભારતમાં જે વેક્સિન બનાવાય છે તે મૂળ બ્રિટનથી આવી રહી છે. જે કંપનીએ વેક્સિન બનાવી છે તે જ સ્વીકારે છે કે તેનાથી તકલીફ થઈ શકે છે, તો પછી આ તપાસની પદ્ધતિ સમજી શકાય છે. તેમણે કહ્યું કે, કેન્દ્રિય આરોગ્ય મંત્રાલય કઈ રીતે તપાસ કરાવે છે, કઈ વેક્સિનની તપાસ કરાવે છે અને તેની તપાસની પદ્ધતિ કઈ છે. બ્રિટન જેવી તકલીફ ભારતમાં નથી એવું કહેવું એ વાત બધાને સમજાય છે. કોરોનાની રસી બનાવતી કંપની એસ્ટ્રાઝેનેકાએ લગભગ એક વર્ષ અગાઉ સ્વીકાર્યું હતું કે તેમની વેક્સિનની 'ગંભીર આડઅસરો' થઈ શકે છે.

કંપનીએ યુકેની હાઈકોર્ટમાં સ્વીકાર્યું કે વેક્સિનના કારણે કોઈ વ્યક્તિને થ્રોમ્બોસિસ વિથ થ્રોમ્બોસાઈટોપેનિયા સિન્ડ્રોમ (ટીસીએસ) જેવી સ્થિતિ થઈ શકે છે. તેના કારણે લોકોમાં લોહીના ગઠ્ઠા બની જાય છે અને બ્લડ પ્લેટલેટ્સની સંખ્યા ઘટી જાય છે. આવામાં બ્રેઈન સ્ટ્રોક અને કાર્ડિયાક એરેસ્ટની શક્યતા વધી જાય છે. ફાઉન્ડેશન ફોર પીપલ સેન્ટ્રિક હેલ્થ સિસ્ટમ્સના નિર્દેશક ડોક્ટર ચંદ્રકાંત લહરિયા જણાવે છે કે, દુનિયામાં કોઈ વેક્સિન એવી નથી જેની શૂન્ય આડઅસર હોય. બધામાં કંઈકને કંઈક હોય છે. તેથી આ વેક્સિનમાં પણ આડઅસર છે. ડોક્ટર લહરિયા જણાવે છે કે, એક જ વેક્સિન અલગ અલગ જગ્યાએ અલગ પ્રકારનો દુષ્પ્રભાવ કરે છે. યુરોપના દેશમાં જે આડઅસરો જોવા મળી હોય તે એશિયન દેશોમાં પણ જોવા મળે તે જરૂરી નથી. તેમણે કહ્યું કે ત્રીજી વાત એ જોવામાં આવે છે કે વસતી પ્રમાણે અગાઉ કેટલા હાર્ટ એટેક આવતા હતા અને હવે કેટલા આવે છે. તેના દરમાં ફેરફાર થયો હોય તો ચિંતાનું કારણ છે, નહીંતર નથી. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના રિપોર્ટને આ બધા માપદંડના આધારે જોઈ શકાય છે. ડોક્ટર લહરિયા કહે છે કે એમઆરએનએ વેક્સિનમાં ઘણી જગ્યાએ હાર્ટ એટેકની વાત જોવા મળી, પરંતુ ભારતમાં હજુ તેની કોઈ વૈજ્ઞાનિક સાબિતી નથી મળી. જે ટીટીએસની વાત થાય છે, તેના પુરાવા પણ ભારતમાં નથી મળ્યા. હાર્ટ એટેકથી યુવાનોમાં થતા મોતને લઈને આઈએમસીઆરએ ભલે કોવિડ-૧૯ વેક્સિનને ક્લીન ચિટ આપી દીધી હોય, પરંતુ યુરોપિયન સોસાયટી ઓફ કાર્ડિયોલોજી અલગ મત ધરાવે છે. યુરોપિયન સોસાયટી ઓફ કાર્ડિયોલોજીના એક સંશોધનમાં જાણવા મળ્યું છે કે માયોકાર્ડિટિસથી થતા મોત અને કોવિડ-૧૯ની વેક્સિન વચ્ચે ગાઢ સંબંધ હોવાની આશંકા છે. બ્રિટિશ હાર્ટ ફાઉન્ડેશન મુજબ કોવિડ-૧૯ વેક્સિનનો સંબંધ માયોકાર્ડિટિસ અને પેરીકાર્ડિટિસ વચ્ચે છે. જોકે આ બહુ ઓછું છે પરંતુ યુકેની ગ્રીન બુક ઑન વેક્સિન મુજબ ૨૫ વર્ષથી ઓછી વયના યુવાન પુરુષોમાં આ વધારે છે. પેરિકાર્ડિટિસ હૃદયની ચારે બાજુના લેયરનો સોજો છે, જ્યારે માયોકાર્ડિટિસ હૃદયની માંસપેશીનો સોજો છે. ફાઉન્ડેશન મુજબ પહેલા ડોઝની તુલનામાં બીજા ડોઝમાં વધારે જોખમ જોવા મળ્યું છે. બે કંપનીઓની દવાઓનો ઉલ્લેખ કરીને જણાવાયું છે કે આ જોખમ દશ હજારમાંથી એક વ્યક્તિને હોઈ શકે છે. જોકે, યુકેની મેડિસિન્સ એન્ડ હેલ્થકેર પ્રોડક્ટ્સ રેગ્યુલેટરી એજન્સીનું કહેવું છે કે મોટા ભાગના લોકો માટે કોવિડ-૧૯ વેક્સિન લગાવવાનો ફાયદો બીજા કોઈ જોખમ કરતા વધુ હોય છે.ભારતમાં છેલ્લાં વર્ષોમાં હૃદયને લગતી બીમારીઓથી મોતના ઘણા કિસ્સા બહાર આવ્યા છે. ઘણા લોકોને અચાનક બેઠા બેઠા, નાચતી વખતે, કસરત કરતી વખતે હાર્ટ એટેક આવ્યા હોય તેવા વીડિયો જોવા મળ્યા છે.

વીડિયોમાં લોકો હાર્ટ એટેકથી અચાનક પડી જાય અને મૃત્યુ પામે એવું જોવા મળે છે. તેમાંથી ઘણા લોકો નાની ઉંમરના હતા. યુવાનો અને કિશોરોમાં આવા ઘણા કિસ્સા જોવા મળ્યા છે.

મુંબઈમાં ચાલતા મરાઠી ભાષાના વિવાદ પર કેડિયોનોમિક્સના સ્થાપક સુશીલ કેડિયા જેવા રોકાણકારો પણ કૂદી પડ્યા

# હું મરાઠી નહીં શીખું, શું કરવું છે બોલ!, ભાષા વિવાદ વકર્યો

## મુંબઈના મીરારોડ ખાતે દુકાનદાર પર મનસેના કાર્યકર્તાઓએ હુમલો કર્યો હતો : દુકાનદારે કથિત રીતે મરાઠીમાં વાત કરવાનો ઈન્કાર કર્યો હતો

મુંબઈ, તા.૪

મહારાષ્ટ્રમાં મરાઠી ભાષાનો વિવાદ એક મોટો રાજકીય અને સાંસ્કૃતિક વિવાદનું રૂપ લઈ ચૂક્યો છે. હવે આ વિવાદમાં કેડિયોનોમિક્સના સ્થાપક સુશીલ કેડિયા જેવા રોકાણકારોપણ કૂદીપડ્યા છે. તેમણે સોશિયલ મીડિયાપરપોસ્ટ કરી ચોખ્ખા શબ્દોમાં કહ્યું છે કે, તેઓ મરાઠી નહીં શીખે. દિગ્ગજ રોકાણકાર સુશીલ કેડિયાએ સોશિયલ મીડિયાપર રાજ ઠાકરેને ટેગ કરીને એકપોસ્ટ કરી છે. જેમાં તેઓએ લખ્યું છે કે, મુંબઈમાં ૩૦ વર્ષ રહ્યાપછીપણ મને મરાઠી બરાબર આવડતી નથી અને તમારા ખરાબ વર્તનને કારણે મેં પ્રતિજ્ઞા લીધી છે કે જ્યાં સુધી તમારા જેવા લોકોને મરાઠી માનુષની સંભાળ રાખવાનો દેખાડો કરવાની મંજૂરી છે ત્યાં સુધી, હું પ્રતિજ્ઞા લઉં છું કે હું મરાઠી નહીં શીખું. શું કરવું છે બોલ?



સુશીલ કેડિયાનું આ નિવેદન એક વાયરલ વીડિયો બાદ આવ્યું છે, જેમાં મીરા રોડ ખાતે એક દુકાનદારપર કથિત રીતે મરાઠીમાં વાત ન કરવાપર હુમલો કરવામાં આવ્યો હતો. સ્વજી કાર્યકર્તાઓએ આ દુકાનદારપર હુમલો કર્યો હતો. મુંબઈના મીરા રોડ ખાતે એક દુકાનદારપર થોડા દિવસ અગાઉ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના કાર્યકર્તાઓએ હુમલો કર્યો હતો, કારણ કે દુકાનદારે કથિત રીતે મરાઠીમાં વાત કરવાનો ઈનકાર કર્યો હતો. આ ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ અને વીડિયો વાયરલ થઈ ગયો હતો. આ ઘટના બાદ દુકાનદાર બાબુલાલ ચૌધરીએ જણાવ્યું હતું કે, તેમને મરાઠી નથી આવડતી, જેના કારણે તેમની દુકાનપર આવેલા કેટલાક લોકોએ તેમને માર માર્યો હતો. તેમણે જણાવ્યું કે, તેમની દુકાનમાં કામ કરતા કામદારો અન્ય રાજ્યોમાંથી આવેલા છે અને તેઓ મરાઠી જાણતા નથી, જેના કારણે કેટલાક લોકોએ તેમનાપર હુમલો કર્યો. આ હુમલાનો વીડિયો સોશિયલ મીડિયાપર ઝડપથી વાયરલ થઈ ગયો છે,

### ભાજપ નેતાએ ઠાકરેને ચેલેન્જ આપતાં કહ્યું, મુસ્લિમ વિસ્તારમાં જઈને બતાવો તો ખરા

મહારાષ્ટ્રમાં હિન્દી-મરાઠી ભાષા મુદ્દે વિવાદ વધી રહ્યો છે. મરાઠી ભાષાનો મોરચો લઈને કેટલાક નેતાઓ-કાર્યકરો તથા અસામાજિક તત્વો મરાઠી ન બોલવા બદલ લોકોની ધોલાઈ કરી રહ્યા હોવાના અનેક બનાવો બની રહ્યા છે. મુંબઈમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના કાર્યકરો દ્વારા એક દુકાનદારપર મરાઠી ભાષા બોલવા દબાણ કર્યું હતું. તેમજ ન બોલવાપર તેની ધોલાઈ કરી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયાપર વાઈરલ થયો હતો. રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી નિતેશ રાણેએ જણાવ્યું કે, આ ઘટનાના દોષિતોને સજા મળશે. જેમણેપણ હિન્દુઓ પર હાથ ઉગામ્યો છે, તેમની વિરુદ્ધ અમારી સરકાર કામ કરશે અને સજા અપાવશે. ઠાકરે બ્રધર્સપર પ્રહાર કરતાં રાણેએ કહ્યું કે, તેમણે ભાષાના નામપર ગરીબ હિન્દુઓપર હુમલો કર્યો છે. ઠાકરે બંધુઓને મારોપડકાર છે કે, તેઓ મુસ્લિમોપાસે મરાઠીમાં અજાનપઢાવે. આ પ્રકારની તાકાત બતાવી જ હોય તો તેમણે નલ બજાર, ભિંડી બજાર, મોહમ્મદ અલી રોડ, બમ્બોરામાં જવુ જોઈએ.

#### મરાઠીનું અપમાન કરે છે, તો કાયદાનો અમલ કરીશું : કદમ

મંત્રી યોગેશ કદમે કહ્યું, ''મહારાષ્ટ્ર તમારે મરાઠી બોલવીપડશે. જો તમને મરાઠી નથી આવડતી, તો તમારું વલણ એવું ન હોવું જોઈએ કે તમે મરાઠી નહીં બોલો... જો કોઈ મહારાષ્ટ્રમાં મરાઠીનું અપમાન કરે છે, તો અમે અમારા કાયદાનો અમલ કરીશું.'' જોકે, તેમણે કાયદો હાથમાં લેનારાઓનીપણ નિંદા કરી. મંત્રી કદમે કહ્યું, ''દુકાન માલિકને માર મારનારાઓએ કાયદોપોતાના હાથમાં ન લેવો જોઈતો હતો.

#### કોઈને જાવેદ અખ્તર અને આમિર ખાનની પરવા નથી : નિતેશ રાણે

ફડણવીસ સરકારના મંત્રી નિતેશ રાણેએ પણ આ મામલેપોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે એક હિન્દુને મરાઠી ન બોલવાને કારણે માર મારવામાં આવ્યો હતો. જો તમારામાં હિંમત હોય, તો મુંબઈના નાલ બજાર, મોહમ્મદ અલી રોડ જેવા મુસ્લિમ વિસ્તારોમાં જાઓ અને લોકોને મરાઠીમાં બોલવાનું કહો. શું તેમનામાં હિંમત છે કે તેઓ ત્યાં જઈને ટોપી પહેરેલા લોકોને માર મારે?

## અરાઉન્ડ ધ વર્લ્ડ

### કોંગ્રેસ રાહુલ ગાંધીના ચિત્રવાળા સેનિટરી પેડ પેકેટનું વિતરણ કરશે

પટણા : બિહારમાં વિધાનસભા ચૂંટણીના ગરમાગરમ માહોલ વચ્ચે, કોંગ્રેસે મહિલાઓ સુધીપહોંચવા માટે રાજ્યમાં ૫ લાખ સેનિટરીપેડનું વિતરણ કરવાની યોજના શરૂ કરી છે. કોંગ્રેસની આ સેનિટરીપેડ યોજના વિવાદોથી ઘેરાયેલી છે. વાસ્તવમાં આ વિવાદ સેનિટરીપેડપેકેટપર રાહુલ ગાંધીના ચિત્રનો છે. ભાજપે આ અંગે કોંગ્રેસપર વળતો પ્રહાર કર્યો છે. બિહાર કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ રાજેશ કુમારે એકપત્રકારપરિષદમાં જણાવ્યું હતું કે મહિલાઓમાં જાગૃતિ ફેલાવવા માટે કોંગ્રેસ રાજ્યમાં એક ખાસ અભિયાન ચલાવશે. આ અંતર્ગત, સેનિટરીપેડનું વિતરણ કરવામાં આવશે.

### ભાજપને પહેલીવાર મહિલા પ્રમુખ મળી શકે છે, ત્રણ નામોની ચર્ચા

નવીદિલ્હી : ભારતીય જનતાપાર્ટી હાલમાં પોતાના આગામી રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી માટે મહત્વપૂર્ણ ચરણમાં પ્રવેશી રહી છે. હાલના અધ્યક્ષ જેપી નડ્ડાનો કાર્યકાળ જાન્યુઆરી ૨૦૨૩માંપૂરો થયો હોવા છતાં, જૂન ૨૦૨૪ સુધીનો કાર્યકાળ વધારવામાં આવ્યો હતો., ભાજપે પહેલીવાર મહિલા રાષ્ટ્રીય અધ્યક્ષ માટે વિચારણા શરૂ કરી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મહિલાઓ વચ્ચે ભાજપનો વધી રહેલો આધાર. ખાસ કરીને ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, હરિયાણા અને દિલ્હી જેવા રાજ્યોમાં મહિલા મતદારોમાં ભાજપની લોકપ્રિયતા નોંધ પાત્ર રહી છે. ત્રણ મહિલા નેતાઓ ચર્ચામાં છે જેમાં વર્તમાન નાણામંત્રી નિર્મલા સીતારમણને આપદ માટે મજબૂત દાવેદાર માનવામાં આવે છે.

### આસ્થા પુનિયા ભારતીય નૌસેનાના મહિલા ફાઈટર પાયલટ બન્યા

નવી દિલ્હી : સબ-લેફ્ટનન્ટ આસ્થાપુનિયા પ્રથમ મહિલા ફાઈટરપાયલટ બનતા ભારતીય નૌસેનામાં એક નવો ઈતિહાસ રચાયો છે. અત્યાર સુધી મહિલાપાયલટ નૌસેનાના જાસૂસી વિમાન અને હેલિકોપ્ટર ઉડાવતા હતા, પરંતુ આસ્થા હવે ફાઈટર જેટ ઉડાવશે, જે દેશની સુરક્ષામાં તેમની ભૂમિકાને વધુ મહત્વપૂર્ણ બનાવશે. ભારતીય નૌસેના ઠપર એકપોસ્ટ શેર કરી છે. તેમાં આસ્થાપુનિયાનો ફોટોપણ છે. નૌસેનાએપોસ્ટમાં લખ્યું છે કે, નૌસેના ઉડ્ડયનમાં એક નવો અધ્યાય ઉમેરાયો છે. ભારતીય નૌસેનાએ ૦૩ જુલાઈ, ૨૦૨૫ના રોજ ભારતીય નૌસેના હવાઈ મથક ખાતે બીજા બેઝિક હોક કન્વર્ઝન કોર્સપૂર્ણ કરીને એક ઐતિહાસિક સીમાચિહ્ન સ્થાપિત કર્યું.

### ચિરાગ પાસવાને કહ્યું, DyCM અમારી પાર્ટીમાંથી બનવા જોઈએ

પટણા : બિહારમાં આ વર્ષે યોજાનાર વિધાનસભા ચૂંટણીને લઈને ભારે રાજકારણ શરૂ થઈ ગયું છે. અગાઉ ચૂંટણીપછી એનડીએમાંથી મુખ્યમંત્રી કોને બનાવવા, તેનાપર રાજકારણ ચાલ્યું હતું, ત્યારે હવે નાયબ મુખ્યમંત્રીપદ માટે રાજકારણ શરૂ થઈ ગયું છે. ચૂંટણીપછી નીતીશ કુમારને જ મુખ્યમંત્રી બનાવવાપર મહોર વાગી ગઈ છે, ત્યારે હવે ચિરાગપાસવાને નાયબ મુખ્યમંત્રીપદ માટે દાવો કરી એનડીનું ટેન્શન વધારી દીધું છે. NDA તરફથી જનતા દળ યુનાઈટેડના પ્રમુખ નીતીશ કુમારને મુખ્યમંત્રીનો ચહેરો જાહેર કરાયા છે, જ્યારે મહાગઠબંધન તરફથી તેજસ્વી યાદવ મુખ્યમંત્રીનો ચહેરો બનવા માંગી રહ્યા છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે 'લોક જનશક્તિપાર્ટી રામવિલાસ'ના પ્રમુખ ચિરાગપાસવાને NDAપાસે મોટી માંગણી કરી છે.

બાલતાલથી ભગવો ધ્વજ બતાવીને યાત્રાનો શુભારંભ કરાયો હતો

## પહેલા જૂથે બાબા બર્ફાનીનાં દર્શન કર્યાં, ખીણમાં મહાદેવનો જયઘોષ

### ૧૨, ૩૪૮ શ્રદ્ધાળુ સરેરાશ ૧૦ થી ૧૨ કલાકમાં દર્શન કરીને પાછા ફર્યા હતા

જમ્મુ, તા.૪

પહેલા જૂથમાં બાબા બર્ફાનીના દર્શન કરવા માટે દેશના ખૂણે ખૂણેથી આવેલા ભક્તોની રાહ ગુરુવારે પૂરી થઈ.પહેલગામના નુનવાન અને સોનમર્ગના બાલતાલથી ભગવો ધ્વજ બતાવીને અમરનાથ યાત્રાનો શુભારંભ કરવામાં આવ્યો.

સૂર્યના પહેલા કિરણોપહેલાં જ, હાથમાં ભગવા ધ્વજ લહેરાવતા, લાકડીઓ અને ત્રિશૂળપકડીને, ભક્તો બાબા બર્ફાનીના દર્શન માટે નીકળી પડ્યા, સૂત્રોચ્ચાર કરતા. બાલટાલથી ગયેલું જૂથ દર્શન પછી પાછું ફર્યું. તે જ સમયે, ગુરુવારે વહેલી સવારે જમ્મુના ભગવતી નગરમાં આવેલા યાત્રી નિવાસથી



ભક્તોનો બીજો સમૂહપણ રવાના કરવામાં આવ્યો. બુધવારે સવારે ૫,૮૯૨ યાત્રાળુઓનોપહેલો સમૂહ જમ્મુથી બાબાના દર્શન માટે રવાના થયો. કડક સુરક્ષા વચ્ચે, આમાંથી એક જૂથ બપોરે ૩:૩૦ વાગ્યે પહેલગામના નુનવાન પહોંચ્યું, જ્યારે બીજું લગભગ ૪ વાગ્યે બાલટાલ પહોંચ્યું. સાંજે લંગરપછી, યાત્રાળુઓએ આરામ કર્યો અને સવારે ૩ વાગ્યાથી બંને બેઝ કેમ્પપર યાત્રા માટે કતાર શરૂ થઈ.

સવારે ચાર વાગ્યે, અધિકારીઓએ ભગવા ધ્વજ બતાવીને નુનવાનથી ચંદનબારી ભક્તોને રવાના કર્યા. ત્યાંથી તેઓ ૩૪ કિમી લાંબાપરંપરાગત માર્ગ દ્વારા બાબાના દર્શન માટે રવાના થયા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુરુવારે ૧૨,૩૪૮ શ્રદ્ધાળુઓએ ગુફાની મુલાકાત લીધી હતી.

બાલટાલ બેઝ કેમ્પથી સવારે ૫ વાગ્યે ભક્તોનેપગપાળા, ઘોડાઓ અને પાલખીઓ સાથે ૧૪ કિમી લાંબા પણ ઢાળવાળા માર્ગ પર વિદાય આપવામાં આવી હતી. બાલટાલ રૂટ પરથી પસાર થયેલા શ્રદ્ધાળુઓ સરેરાશ ૧૦ થી ૧૨ કલાકમાં દર્શન કરીનેપાછા ફર્યા હતા. બીજી તરફ,પહેલગામ રૂટ લાંબો હોવાથીપવિત્ર ગુફા સુધીપહોંચવામાં ઓછામાં ઓછા બે દિવસ લાગે છે.

ફ્રન્ટિયર એરલાઇન્સની ફ્લાઇટની ઘટના

## ન્યૂ જર્સીમાં રહેતા ઈશાન શર્માએ ફ્લાઈટમાં મારામારી કરી

### લડાઈનો વીડિયો મીડિયા પર વાયરલ

ન્યુજર્સી, તા.૪

ન્યુ જર્સીમાં રહેતા ૨૧ વર્ષીય ઈશાન શર્માની ફ્લાઈટમાં મારામારી કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. આ ઘટના ફિલાડેલ્ફિયાથી મિયામી જતી ફ્રન્ટિયર એરલાઈન્સની ફ્લાઈટમાં બની હતી. ફ્લાઈટ ઉડાન ભરતાની સાથે જ, ઈશાને તેની બાજુમાં બેઠેલા કીનુ ઈવાન્સ નામના વ્યક્તિપર કોઈ કારણ વગર હુમલો કર્યો હતો. મિયામી ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચ્યા પછી, ઈશાનનેપોલીસે કસ્ટડીમાં લીધો હતો. તેની સામે હુમલો કરવાનો કેસ નોંધવામાં આવ્યો છે.

અહેવાલો અનુસાર, ફ્લાઈટમાં જ ઈશાન અને કીનુ વચ્ચે ઝઘડો થયો હતો. આ લડાઈમાં, ઈશાનની આંખ સોજી ગઈ અને તેની નેણ ઉપર એક ઈજાપણ થઈ હતી. આ ઉપરાંત, કીનુના ચહેરાપરપણ ઈજા થઈ હતી. આ આખી લડાઈનો એક વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં એક મુસાફર બૂમોપાડતો જોવા મળે છે - ''તેને જવા દો, તેને છોડી દો,'' જ્યારે ક્રૂ મેમ્બર કહી રહ્યા હતા કે, ''સાહેબ, તમારે બેસવુંપડશે.'' વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, વિમાનની અંદર મારામારી થઈ રહી છે.

કીનુ ઈવાન્સે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, ઈશાન કોઈ કારણ વગર વિચિત્ર વર્તન કરવા લાગ્યો હતો. તે અચાનક વિચિત્ર રીતે હસવા લાગ્યો અને ધમકી આપવા લાગ્યો હતો. ઈવાન્સે કહ્યું કે, ''તે કહી રહ્યો હતો- 'હા હા હા, તું એક સામાન્ય વ્યક્તિ છે. જો તું મારી સાથે ટકરાઈશ, તો તારે મરવુંપડશે'.

મધ્યપ્રદેશ હાઈકોર્ટે ૨૫ વર્ષ જૂનો આદેશ પલટ્યો

## નવાબી સંપત્તિ મામલે સૈફ અલી ખાનને મોટો ઝટકો : નવેસરથી સુનાવણી કરાશે

### ટ્રાયલ કોર્ટને ૧ વર્ષની અંદર ચુકાદો આપવા આદેશ અપાયો

ભોપાલ, તા.૪

મધ્ય પ્રદેશ હાઈકોર્ટે ભોપાલ રાજ્યના નવાબ હમીદુલ્લા ખાનની મિલકતના વારસા અંગે ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણયને રદ કરી દીધો છે. ટ્રાયલ કોર્ટે આ નિર્ણય વર્ષ ૨૦૦૦માં આપ્યો હતો. કોર્ટે હવે કહ્યું છે કે, સમગ્ર કેસની નવેસરથી સુનાવણી કરવામાં આવશે. આ સાથે, ટ્રાયલ કોર્ટને ૧ વર્ષની અંદર ચુકાદો આપવાનોપણ આદેશ આપવામાં આવ્યો છે.

આ સમગ્ર કેસમાં, નવાબ હમીદુલ્લાહ ખાનના મોટા ભાઈના વંશજો બેગમ સુરૈયા, કામરાતાજ રાબિયા સુલતાન અને અન્ય વતી અપીલ દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં પૂર્વ ક્રિકેટર નવાબ મન્સૂર અલી ખાન પટૌદી, શર્મિલા



ટાગોર, સૈફ અલી ખાન, સબા સુલ્તાન, સોહા અલી ખાનનેપક્ષકાર બનાવવામાં આવ્યા હતા.

કોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં, બાકીના વારસદારોએ મુસ્લિમ પર્સનલ લૉ અનુસાર મિલકતના વિભાજનની માંગણી ઉઠાવી છે. જેમાં, અરજદાર દ્વારા ટ્રાયલ કોર્ટના નિર્ણયનેપડકારવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, ટ્રાયલ કોર્ટે ખોટી રીતે ધારી લીધું છે કે નવાબની અંગત મિલકતો ગાદીનો ભાગ છે. આમ, તે આપમેળે ગાદીના વારસદારને ટ્રાન્સફર થઈ જશે. મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં સૈફ અલી ખાનની મિલકતો છે.

બાંગ્લાદેશના કટ્ટરપંથી ઈસ્લામી સંગઠને કહ્યું

## અમે જીત્યા તો બાંગ્લાદેશમાં તાલીબાનીઓ જેવું શાસન ચાલશે, શરિયત કાયદો લાવીશું

### જમાત-ચર મોંઈના પ્રમુખ પીર મુફ્તી સૈયદ મુહમ્મદ ફૈઝુલ કરીમે એલાન કર્યું

ઢાકા, તા.૪

બાંગ્લાદેશના કટ્ટરપંથી ઈસ્લામી સંગઠન જમાત-ચર મોંઈના પ્રમુખપીર મુફ્તી સૈયદ મુહમ્મદ ફૈઝુલ કરીમે એક ઈન્ટરવ્યુમાં સ્પષ્ટ એલાન કર્યું છે કે, જો અમારીપાર્ટી સત્તામાં આવશે તો અમે તાલિબાન શાસિત અફઘાનિસ્તાનની જેમ દેશમાં શરિયત કાયદો લાગુ કરીશું. અમેરિકા સ્થિત એક બાંગ્લા મીડિયા સંસ્થાના સંપાદકને આપેલા ઈન્ટરવ્યુમાં ફૈઝુલ કરીમે કહ્યું કે, જો રાષ્ટ્રીય ચૂંટણી જીતીને સરકાર બની તો ઈસ્લામિક મૂવમેન્ટ બાંગ્લાદેશ દેશમાં શરિયત કાયદો લાગુ કરીશું.ફૈઝુલ કરીમે અફઘાનિસ્તાનના વર્તમાન શાસન વ્યવસ્થાની પ્રશંસા કરતા કહ્યું કે, અમે અફઘાનિસ્તાનની શાસન વ્યવસ્થાને અપનાવીશું. તાલિબાન સરકારે જે



સારું કર્યું છે તેને અમે અમલમાં મૂકીશું. જો અમે સત્તામાં આવીશું તો હિન્દુઓ સહિત તમામ લઘુમતીઓને શરિયત હેઠળ અધિકારો આપવામાં આવશે. અમેરિકા, બ્રિટન અને રશિયા જેવા દેશોની કેટલીક સારી બાબતો હશે તો તેનેપણ અપનાવવામાં આવશે. જોકે, તેમણે એ સ્પષ્ટ કર્યું કે, તે બાબત શરિયતના વિરોધમાં ન હોવી જોઈએ.જમાત-ચર મોંઈ જેવા સંગઠનોનું ખુલ્લેઆમ ચૂંટણી લડવું અને શરિયત લાગુ કરવાની વાત કરવી, તે એ દર્શાવે છે કે બાંગ્લાદેશની વચગાળાની સરકાર દરમિયાન ઈસ્લામિક કટ્ટરપંથી સંગઠનો રાજકીય રીતે સક્રિય થઈ રહ્યા છે.

લલિત મોદીએ વીડિયો પર શેર કર્યો

## લંડનમાં લલિત મોદી-વિજય માલિયાએ એકસાથે પાર્ટી કરી

### એકબીજા સાથે મસ્તી કરતા જોવા મળ્યા

લંડન, તા.૪

લંડનમાં લલિત મોદી અને વિજય માલ્યાનો એક વીડિયો ઈન્ટરનેટપર વાયરલ થઈ રહ્યો છે, જેમાં બંને એકબીજા સાથે ગીતો ગાતા જોવા મળે છે. બંનેએ ફ્રેંક સિનાત્રાનું પ્રખ્યાત ગીત ગાયું હતું. આ વીડિયો લલિત મોદીએ પોતે સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો, ત્યારબાદ તે ઈન્ટરનેટપર વાયરલ થયો હતો.

આપાર્ટીમાં ૩૧૦થી વધુ મહેમાનો હાજર રહ્યા હતા, જેમાં આંતરરાષ્ટ્રીય મહેમાનો અને ક્રિકેટર ક્રિસ ગેલનોપણ સમાવેશ થાય છે.લલિત મોદી, નાણાકીય ગેરરીતિઓના આરોપો બાદ ૨૦૧૦ માં ભારત છોડીને ભાગી ગયો હતો. તે અને મની લોન્ડરિંગના કેસમાં ભારતમાં વોન્ટેડ છે. વિજય માલ્યા ૨૦૧૬ માં ભારત છોડીને ગયો હતો. તેમની કંપની કિંગફિશર એરલાઈન્સ પડી ભાંગી છે. તેમનાપર બેંક છેતરપિંડી અને ૯૦૦ કરોડ રૂપિયાના લોનનો આરોપ છે. ભારતે બંનેના પ્રત્યાર્પણની માંગ કરી છે,પરંતુ તેઓ હજુપણ બ્રિટનમાં કાનૂની આશ્રય ભોગવી રહ્યા છે. ભારતમાં તેમને ભાગેડુ ગુનેગાર જાહેર કરવામાં આવ્યા છે.બ્રિટનની હાઈકોર્ટે નાદારીના આદેશ સામે માલ્યાની અપીલ ફગાવી દીધી હતી. મોદીએ કહ્યું હતું કે, તેમની સામેના કેસ રાજકીય રીતે પ્રેરિત છે. વિજય માલ્યાએ સોશિયલ મીડિયાપર દાવો કર્યો હતો કે, મારી ૧૪,૧૩૧ કરોડ રૂપિયાની મિલકત જપ્ત કરવામાં આવી છે.

કબડ્ડી ખેલાડીને બેદરકારી ભારે પડી

## ગલુડિયું કરડવા છતાં એન્ટિ રેબિઝ ઈન્જેક્શન ન લેતાં ખેલાડીનું નિધન

### બૃજેશ હડકવાના કારણે તડપતો જોવા મળી રહ્યો છે

બુલંદશહેર, તા.૪

ઉત્તર પ્રદેશના બુલંદશહેરમાં રાજ્ય સ્તરીય ૨૨ વર્ષીય કબડ્ડી ખેલાડી બૃજેશ સોલંકીએ શ્વાનના કરડ્યા બાદ કથિત રૂપે હડકવાની રસી નહતી લીધી, જેના કારણે તેમનું મૃત્યું નિપજ્યું. ખેલાડીના મૃત્યુ બાદથીપરિજનો શોકમાં ગરકાવ છે. મળતી માહિતી મુજબ, બૃજેશ સોલંકી ખુર્જાનગર કોતવાલી વિસ્તારના ફરાના ગામનો નિવાસી હતો. તેને લગભગ બે મહિનાપહેલાં એક શ્વાન કરડ્યું હતું.પરંતુ, તેણે આ ઘટનાને ગંભીરતાથી ન લીધી. બાદમાં ૨૮ જૂને અચાનક તેની તબિયત ખરાબ થવા લાગી. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, તેમ છતાં તે બચી ન શક્યો. બૃજેશના ભાઈ સંદીપે આ વિશે વાત કરતા જણાવ્યું કે, બે મહિના પહેલાં એક ગલુડિયું નાળામાં ફસાઈ ગયું હતું. તેને બચાવવાના પ્રયાસમાં ગલુડિયું બૃજેશની આંગળી પર કરડી ગયું. એ સમયે બૃજેશે વિચાર્યું કે, આ કોઈ ગંભીર બાબત નથી અને તેણે હડકવાની રસી ન લીધી. બાદમાં અલીગઢની એક ખાનગી હોસ્પિટલેપુષ્ટિ કરી કે, તેને કોઈ જાનવરે કરડ્યું હતું, કદાચ વાંદરો અથવા શ્વાન.બૃજેશની મોત બાદ સ્વાસ્થ્ય વિભાગની ટીમે તેની હિસ્ટ્રી લઈને પરિવાર સાથે ડૉક્ટર્સના ગામમાં ૨૯ લોકોને હડકવાની રસી લગાવી છે. આ સિવાય તમામને અપીલ કરી કે, જે પણ બૃજેશના સંપર્કમાં આવ્યા હતા.

ઉત્તર પ્રદેશના કાસગંજનો બનાવ

## પતિએ ગર્ભવતી પત્નીને શાકમાં ઓછું મીઠું હોવાથી માર માર્યો

### સારવાર દરમિયાન મહિલાનું મૃત્યુ થયું

કાસગંજ, તા.૪

ઉત્તર પ્રદેશના કાસગંજમાં, એકપતિએ શાકમાં ઓછું મીઠું હોવાથી તેની ગર્ભવતી પત્નીની હત્યા કરી.પહેલા તેણે તેની પત્નીને લાતો અને મુક્કાઓથી નિર્દયતાથી માર માર્યો. મહિલા પીડાથી ચીસો પાડતી રહી.પરંતુ તેના ક્રૂરપતિને કોઈપરવા નહોતી અને તે મહિલાને મારતો રહ્યો. આપછી, તે મહિલાને છતપર લઈ ગયો અને છત પરથી નીચે ફેંકી દીધો. મહિલા ૫ મહિનાની ગર્ભવતી હતી.આ કિસ્સો ધોળનાપોલીસ સ્ટેશન વિસ્તારના ઢકથી પ્રકાશમાં આવ્યો છે, ૫ મહિનાની ગર્ભવતી મહિલાને તેના પતિએ શાકભાજીમાં મીઠું નાખવા બદલપહેલા માર માર્યો હતો.પછી તેને છતપરથી નીચે ફેંકી દેવામાં આવી હતી. છતપરથીપડી જતાં તે ગંભીર રીતે ઘાયલ થઈ હતી. મહિલાની ચીસો સાંભળીને, તેની સાસુપહોંચી ગઈ અને તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરી. પરંતુ સારવાર દરમિયાન મહિલાનું મૃત્યુ થયું.પત્નીની હત્યા કર્યાપછી, આરોપીપતિ ગામની બહાર એક ખાલી ઘરમાં છુપાઈ ગયો.પરંતુ ગામલોકોએ તેને શોધી કાઢ્યો અને તેનેપોલીસને સોંપી દીધો. મૃતક ગર્ભવતી મહિલાની ઓળખ ૨૬ વર્ષીય બ્રજમાલા તરીકે થઈ છે. તેના લગ્ન ૭ વર્ષપહેલા નાગલા ઢક ગામના રહેવાસી રામશરણ ઉર્ફે રામુ સાથે થયા હતા. રામશરણ અને બ્રજમાલાનો ૩ વર્ષનો પુત્ર પણ છે.

બર્થ ડેના નામ પર ટાઈમપાસ મોંઘો પડશે

## ઑફિસમાં કેક કાપી તો કાર્યવાહી થશે : સરકારે આપી કડક સૂચના

### મહારાષ્ટ્ર સરકારે સર્ક્યુલર જાહેર કર્યો

મુંબઈ, તા.૪

મહારાષ્ટ્ર સરકારે સ્પષ્ટ કરી દીધું છે કે સરકારી ઓફિસ હવે કોઈપણ પ્રકારના પર્સનલ ફંક્શન માટે નહીં હોય. મતલબ સ્પષ્ટ છે કે, હવે સરકારી કર્મચારી પોતાના ઓફિસ ટાઈમમાં કેક કાપી શકશે નહીં. મીણબત્તી પ્રગટાવી શકશે નહીં, અને કોઈ નાનામોટા સેલિબ્રેશનપણ કરી શકશે નહીં. સરકારે મહારાષ્ટ્ર સિવિલ સેવા આચરણ નિયમ ૧૯૭૯ અંતર્ગત આ નિર્ણય લીધો છે.

જો કોઈ કર્મચારી આ નિયમ તોડશે, તો સર્ક્યુલરમાં જાણકારી આપી છે, તેમ જો આવું કરશે તો સીધી ચેતવણી વિના કાર્યવાહીનો સામનો કરવોપડશે.

હંમેશા જોવા મળ્યું છે કે કેટલીય સરકારી ઓફિસોપાસે ઢગલાબંધ ફાઈલોના કામપેન્ડિંગ રહે છે.પણ તેમ છતાં અમુક લોકો ઓફિસ ટાઈમમાંપોતાનો જન્મદિવસ અથવા સેલિબ્રેશન મનાવતા હોય છે. આ કારણે બાકી કામ પ્રભાવિત થાય છે. સરકારે જ્યારે આ જોયું કે ઓફિસમાંપર્સનલ સેલિબ્રેશન વધી રહ્યા છે, તો તરત તમામ સરકારી વિભાગોને એક સર્ક્યુલર મોકલી દીધો. તેમાં લખ્યું છે કે, કોઈપણ અધિકારી કે કર્મચારી જો ઓફિસ ટાઈમમાં આવું કરશે તો તેના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.

આજકાલ સોશિયલ મીડિયાનો જમાનો છે. લોકો દરેક વસ્તુને કેમેરામાં કેદ કરવા માગે છે.

શહેરોનું તાપમાન (મહત્તમ)
31.9° અમદાવાદ | 31.8° વડોદરા | 27.6° સુરત | 33.2° રાજકોટ

હવામાન વિભાગ
શહેરમાં શુક્રવારે મહત્તમ તાપમાનનો પારો ૩૧.૮ ડિગ્રીએ રહ્યો હતો. જ્યારે ન્યુનતમ તાપમાન ૨૫.૭ ડિગ્રી રહ્યું હતું. દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશાનાં પવનની ગતિ ૪ કિલોમીટર પ્રતિ કલાકની રહી હતી.

નિડર અને નિષ્પક્ષ
લોકસત્તા જનસત્તા

### શહેરના રેસકોર્સ સર્કલ પાસે ભારદારી વાહને પૂર્વ ડેપ્યુટી મેયરની ગાડીને ટક્કર મારી

# સુનીતા શુક્લનો ખૂલ્લો આક્ષેપ ભારદારી વાહનો પાસેથી પૈસા લઈને શહેરમાં બેરોકટોક પ્રવેશ

### શહેરમાં ઠેર-ઠેર સીસીટીવી લાગ્યા છે તો કંટ્રોલ રૂમમાં જાણ થતી જ નથી?: પૂર્વ ડે. મેયર

વડોદરા, તા. ૪

વડોદરા શહેરમાં ભારદારી વાહનોના કારણે અકસ્માતોની વણઝાર ચાલી રહી છે. અનેક લોકોએ ભારદારી વાહનોના કારણે જીવ ગુમાવ્યો છે પરંતુ ટ્રાફિક શાખા દ્વારા ભારદારી વાહનો ઉપર રહેમ નજર રાખવામાં આવી રહી હોય તેમ લાગી રહ્યું છે. આજે રેસકોર્સ સર્કલ પાસે એક ભારદારી કોંક્રીટ મિક્ષરે પૂર્વ મહિલા મેયર સુનિતા શુક્લની ગાડીને ટક્કર મારી હતી. પૂર્વ ડેપ્યુટી મેયરે પોલીસ વિભાગ ઉપર ખુલ્લો આક્ષેપ કર્યો હતો કે પોલીસ પૈસા લઈને ભરદારીને પ્રવેશ આપે છે. પોલીસ વિભાગ પોતાના ગાજવા ભારે છે અને તેઓને કોઈનો જીવ જશે તેની કંઈ પડી નથી.

શહેરમાં અવારનવાર ભારદારી વાહનોના કારણે લોકો જીવ ગુમાવે છે. અનેક વખત અકસ્માતોના કારણે કોઈના ઘરનો ચિરાગ બુઝાઈ જાય છે તો કોઈકની આશાસ્પદ દીકરી મોતને ભેટે છે પરંતુ શહેરમાં બેરોકટોક ભારદારી વાહનો બેફામ થઈને દોડે છે. આજે બપોરે ૧૧.૩૦ વાગ્યાના અરસામાં રેસકોર્સ સર્કલ નજીક એક કોંક્રીટ મિક્સરે પૂર્વ ડેપ્યુટી મેયર સુનીતા શુક્લની ગાડીને ટક્કર મારી હતી. ભારદારી ટ્રકે એ હદ સુધી ટક્કર મારી હતી કે મહિલાએ ડ્રાઈવર સાઈડ કરતા બીજા દરવાજેથી બહાર નીકળવું પડ્યું હતું. આ અકસ્માત બાદ તેઓને પોલીસને જાણ કરતા પોલીસ વિભાગ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયું હતું. સુનિતા શુક્લએ પોલીસ વિભાગ ઉપર ખુલ્લા આક્ષેપ કર્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે, ભાજપના એક કાર્યક્રમમાં હાજરી આપવા જઈ રહી હતી દરમિયાન આ અકસ્માત સર્જાયો હતો. અમે અવારનવાર સમાચાર વાંચીએ છે કે આજે કોઈ તબીબનું મોત થાય, આજે કોઈ વિદ્યાર્થીનું મોત થયું આજે ભારે વાહનની ટક્કરે એક વૃધ્ધનો મોત થયું. ટ્રાફિક શાખા તદન નિષ્ફળ નીવડી છે. આજે આ અકસ્માતમાં કોઈ બીજું નાનું વાહન હોત તો તેના ચાલકનું મોત થયું હોત. તેઓએ ખુલ્લા આક્ષેપ કર્યા હતા કે, શહેરમાં ટ્રાફિક શાખા દ્વારા સીસીટીવી કેમેરા લગાવાય છે. શું તેમાં આ ભારે વાહનોનો પ્રવેશ દેખાતો નહીં હોય? તેઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, હું ખુલ્લો આક્ષેપ કરું છું કે ભારદારી વાહનો પાસે પૈસા લઈને પ્રવેશ આપવામાં આવે છે. એમને એવી કોઈ પડી નથી કે કોઈનો જીવ જશે. ટ્રાફિક શાખા બેફામ રીતે ખિસ્સા ભરી રહ્યું છે. અને તેનો ભોગ સામાન્ય નાગરિકો બની રહ્યા છે. આજે જો આ ઘટનામાં આગ લાગી હોત તો હું બળીને ભડથું થઈ ગઈ હોત. થોડા દિવસ પહેલા એક મહિલા તબીબ ભોગ બની હતી આજે હું ભોગ બની હોત.



#### ભારે વાહન અંગેના જાહેરનામાનો કડકાઈથી અમલ થાય તેવી માંગ

વડોદરા શહેરમાં આવવારનવાર ભારે વાહનોના કારણે અકસ્માતો સર્જાયા છે આ અકસ્માતોમાં અનેક લોકોએ જીવ પણ ગુમાવ્યા છે પરંતુ ટ્રાફિક પોલીસના પેટનું પાણી હતું નથી. નાગરિકો તેમજ રાજકારણીઓ દ્વારા પણ અનેકવિધ રજૂઆતો કરવામાં આવી છે તેમ છતાં કોઈ યોગ્ય પગલા ભરવામાં આવતા નથી થોડા દિવસ બધું સમુસુતરું સૂત્રો ચાલે અને ત્યારબાદ તેની સ્થિતી જોવા મળી રહી છે. ત્યારે ભારે વાહનોના નિયંત્રણો ઉપર કડકાઈથી કામ લેવામાં આવે તેવી માંગણી ઉઠી છે. વડોદરા શહેરમાં બપોરે ૧૨ થી ૪ વાહનોને આવન જાવન માટે છૂટ અપાઈ છે પરંતુ તે અમલ થતો નથી.



#### સવારે ધૂઆપૂંઆ, પૂર્વ ડે. મેયર ફરિયાદ મામલે પાણીમાં બેસી ગયાં

અકસ્માત બાદ પૂર્વ ડેપ્યુટી મેયર સુનિતા શુક્લ ધુંઆપુંઆ થઈ ગયા હતા અને પોલીસ વિભાગ ઉપર આક્ષેપ કર્યા હતા જો કે તેઓએ આ ઘટના બાદ કોઈ પણ પોલીસ ફરિયાદ નોંધાવી ન હતી. પોલીસ વિભાગે પણ ફરિયાદ ન મળતાં કોઈ કાર્યવાહી કરી ન હતી અને ભારદારી વાહનને જવા દીધું હતું. ત્યારે સવાલ એ ઉભા થાય છે કે, માત્ર આક્ષેપો કરવાથી શું આ ભારદારી વાહનો બંધ થઈ જશે? કોઈએ તો આ માટેની પ્રાથમિકતા દર્શાવી ફરિયાદ નોંધાવવી જ પડશે. જો આજે પૂર્વ ડેપ્યુટી મેયરે ફરિયાદ કરી હોત તો તેઓના હોદ્દાની રૂએ પણ કદાચ તેનું વજન પડ્યું હોત અને પોલીસ કાર્યવાહી કરવા મજબુર બની હોત.

### છૂટોછવાયો વરસાદ થયા બાદ ચાર કલાક ધોધમાર વરસાદ

# બપોરે માત્ર દોઢ ઈંચ વરસાદ પડ્યો ને શહેરના અનેક સ્થળોએ પાણી ભરાયાં

### વડોદરામાં અત્યાર સુધી ૧૨.૫ ઈંચ : ડભોઈ અને કરજણ તાલુકામાં ૧૬ ઈંચ વરસાદ





વડોદરા, તા.૪

વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી છુટો છવાયો વરસાદ બાદ આજે પણ સવારથી આંશિક વાદળીયા વાતાવરણ વચ્ચે બફારાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં હતા. ત્યાં બપોર થતાં ડાળાડીબાંગ વાદળા ઘેરાયા હતા. અને બપોર થી સમી સાંજ સુધી ચાર કલાકમાં દોઢ ઈંચ વરસાદ થતાં ઠંડક થવાથી લોકોએ રાહત અનુભવી હતી. વડોદરા શહેરમાં અત્યાર સુધી ૩૧૯ મી.મી.એટલે ૧૨.૫ ઈંચ જેટલો વરસાદ થઈ ગયો છે.

ચાલુ વર્ષે ચોમાસાના પ્રારંભેજ મેઘરાજાએ જમાવટ કરી હતી. જૂન મહિનામાં જ વડોદરા જિલ્લામાં મોસમના સરેરાશ વરસાદની સામે ૨૭ ટકાં જેટલો વરસાદ થઈ ગયો હતો.જોકે, છેલ્લા ત્રણ ચાર દિવસ થી વડોદરા જિલ્લા સહિત મધ્ય ગુજરાતમાં છુટો છવાયો વરસાદ ચાલુ રહ્યો હતો.જોકે, આજે સવાર થી વાદળીયા વાતાવરણ વચ્ચે ઉકળાટ અનુભવાયો હતો. પરંતુ બપોરે એકાએક વાદળા ઘેરાયા હતા. અને ધોધમાર વરસાદ શરૂ થયો હતો.

વડોદરામાં બપોરે ૧૨ થી ૪ વાગ્યા સુધી ૯ મી.મી. વરસાદ થયો હતો. પરંતુ બપોરે ૪ થી સાંજે ૬ વાગ્યા સુધીમાં ૨૯ મી.મી. વરસાદ થતાં ઠંડક થવાથી લોકોએ રાહત અનુભવી હતી. જિલ્લા પૂર નિયંત્રણ કક્ષના સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ વડોદરા શહેર ઉપરાંત જિલ્લાના ડભોઈ તાલુકામાં ૨૨ મી.મી. એટલે એક ઈંચ, પાદરા તાલુકામાં ૧૮ મી.મી.,કરજણ તાલુકામાં ૧૭ મી.મી., સાવલી તાલુકામાં ૧૨ મી.મી., ડેસર તાલુકામાં ૧૧ મી.મી. વરસાદ સાંજ સુધી નોંધાયો હતો. વાઘોડિયા તાલુકાને બાદ કરતાં જિલ્લાના તમામ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો.વડોદરામાં બપોરના સમયે થયેલા વરસાદને પગલે શહેરના નિચાણવાળા કેટલાક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જોકે, ગણતરીના સમયમાં વરસાદ રોકાઈ જતાં ઉતરી ગયાં હતા. ઉલ્લેખનિય છે કે, ચાલુ વર્ષે વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં અત્યાર સુધી સર્વાધિક ૪૧૬ મી.મી એટલે ૧૬ ઈંચ થી વધુ , કરજણ તાલુકામાં ૩૯૩ મી.મી. એટલે ૧૬ ઈંચ વરસાદ થયો છે.જ્યારે સાવલી તાલુકામાં ૩૪૧ મી.મી., પાદરા તાલુકામાં ૩૨૭ મી.મી., વડોદરામાં ૩૧૭ મી.મી. વરસાદ થઈ ગયો છે. જોકે, હજુ અષાઢ મહિના બાદ શ્રાવણ અને ભાદરવામાં પણ વરસાદ થશે. ત્યારે આ વર્ષે ૧૦૦ ટકાંથી વધુ વરસાદ થાય તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે.

### પોલીસ કમિ. સાથે સંકલનની બેઠક મળી, ટ્રાફિક-પરમિશનના મુદ્દાઓ મૂકાયા

# શહેરમાં ટ્રાફિક આગામી તહેવારોને ધ્યાને રાખી સાંસદ અને ધારાસભ્યની રજૂઆત

### પોલીસ મથકના વહીવટદરોને લઇને પણ સાંસદ દ્વારા ધારદાર રજૂઆત કરાઇ

વડોદરા, તા. ૪

આજે વડોદરાના ચૂંટાયેલા પ્રતિનિધી અને શહેર પોલીસ કમિશનર તથા ઉચ્ચ અધિકારીઓ વચ્ચે મહત્વની સંકલનની બેઠક મળી હતી. જેમાં ચૂંટાયેલા પ્રતિનિધીઓ દ્વારા ટ્રાફિક મેનેજમેન્ટ અને તહેવાર ટાણે સરળતાથી પોલીસ પરમિશન મળે તે સહિતના પ્રશ્નો ઉઠાવ્યા છે. બીજી તરફ શહેર પોલીસ કમિશનર દ્વારા આ અંગે ઘટતું કરવાની બાંહેધારી આપવામાં આવી છે. વડોદરા શહેર પોલીસ કમિશર નરસિમ્હા કોમારનું કહેવું છે કે, ગત વર્ષની તુલનામાં આ પ્રથમ પાંચ મહિનામાં આપણે ૪ ઘણાથી વધારે લો એન્ફોર્સમેન્ટ લાગુ કર્યું છે. અને સાથે ટ્રાફિક સુચારૂ રૂપે ચાલે તે માટે પોલીસને તાલિક, ટીઆરબી માટે જરૂરી વ્યવસ્થા અને તાલિમબદ્ધ રીતે કામ થાય તે માટે આપણે પ્રયત્ન કરી રહ્યા છે

શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે મીડિયા સાથેની વાતમાં જણાવ્યું કે, આપણે દર મહિને સંકલનની બેઠકનું આયોજન કરીએ છીએ. જેમાં લો એન્ફોર્સમેન્ટને લગતા કેટલાક મુદ્દાઓને ચર્ચામાં લેતા હોઈએ છીએ. આ વખતે મુખ્યત્વે ટ્રાફિક નિયમન, અને દબાણો દુર કરવા સંબંધિત સુઝાવો આવ્યા છે. જેને ધ્યાને રાખીને શહેર પોલીસ દ્વારા અસરકારક પોલીસીંગ અને ટ્રાફિક મેનેજમેન્ટ પ્લાનીંગ કરશે. આપણે ટ્રાફિક સિગ્નલ, સીસીટીવી કેમેરા અને ફોટો આધારિત એન્ફોર્સમેન્ટ મહત્વનું રહેશે. રોડ એન્જિનિયરીંગ, ખાડા પુરવાનું કામ, નો પાર્કિંગની વ્યવસ્થા કરવી, સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભા કરવાની જવાબદારી પાલિકા તંત્ર ઉપર છે. અન્ય સાથે સંકલન સાધીને માર્ગ સુરક્ષા જળવાય તે માટે પ્રયત્નશીલ રહીશું. વધુમાં જણાવ્યું કે, ગત વર્ષની તુલનામાં આ પ્રથમ પાંચ મહિનામાં આપણે ૪ ઘણાથી વધારે લો એન્ફોર્સમેન્ટ લાગુ કર્યું છે. અને સાથે ટ્રાફિક સુચારૂ રૂપે ચાલે તે માટે પોલીસને તાલિક, ટીઆરબી માટે જરૂરી વ્યવસ્થા અને તાલિમબદ્ધ રીતે કામ થાય તે માટે આપણે પ્રયત્ન કરી રહ્યા છે. ધારાસભ્યો અને સાંસદ તરફથી જે કોઈ સૂચનો આવ્યા છે, તેને સમાવી લેવામાં આવશે.

#### આગામી તહેવારોમાં મંડળોને સમયસર પરમિશન મળવી જોઇએ

સિનિયર ધારાસભ્ય યોગેશ પટેલે કહ્યું કે, ગણેશજી અને નવરાત્રી આવી રહ્યા છે. તેમાં મંડળોને સમયસર પરમિશન મળવી જોઈએ. પરવાનગી કાયદેસર વહેલી તકે મળી જવી જોઈએ. ગઈ વખતે જે મગજમારી થઈ હતી, તે ના થાય તે જોવાની જવાબદારી પોલીસની છે. વડોદરા શહેરમાં ટ્રાફિક પોલીસ નિષ્ક્રિય છે. કોઈ જગ્યાએ દેખાતી નથી. તેનું કારણ છે કે, વડોદરા પોલીસમાં ૨૦ ટકા પોલીસની ઘટ છે. ગુજરાતમાં જે મોટા શહેરો છે, તેમાં વડોદરામાં કેટલી ઘટ છે, તેના આંકડા માંગવામાં આવ્યા છે. જો તે મળે તો અમે સરકારમાં રજુઆત કરીએ. હમણાં જગન્નાથજીની યાત્રા નીકળી, તેમાં પોલીસે ડીજે વાગના દીધું ન્હોતું, તહેવારો રંગેચંગે ઉજવાય છે, પોલીસ તાકાત બતાવીને કે ડરાવીને ફિયાસ્કો ના કરે, જે પરવાનગી માંગે તે આપવું જોઈએ. તેની લિમિટ હોવી જોઈએ. ઘણી રજુઆતો કરી છે, બધા ધારાસભ્યએ ટ્રાફિકની રજુઆતો કરી છે, લોભામણી જાહેરાતોમાં ગરીબો મરે છે, તેને જલ્દી પકડો. શાક માર્કેટમાં ધારાધોરણ ઉભા કરો, તેનું કામ પોલીસ અને પાલિકાએ કરવું જોઈએ.

### બે સ્કૂલને નિશાન બનાવાઈ : વિદ્યાર્થી-વાલીઓને હેરાનગતિનો સિલસિલો યથાવત્

# હરણીની સિગ્નસ સ્કૂલમાં બોંબ મૂકાયાંની ધમકી

### અકોટાની ડી. આર. અમીન સ્કૂલમાં આરડીએક્સથી બોંબ ધડાકાની ધમકીનો ઇમેઇલ



વડોદરા, તા. ૪

શહેરની સ્કુલોમાં બોંબ ધડાકા કરવાના ધમકીભર્યા ઈમેઈલ મોકલવાનો સિલસિલો આજે પણ યથાવર રહ્યો હતો. હરણી મોટનાથરોડ પર આવેલી સિગ્નસ હાઈસ્કુલ તેમજ અકોટા વિસ્તારની ડી.આર. અમીન સ્કુલમાં આજે સવારે આરડીએક્સથી બોંબ ધડાકા કરવામાં આવશે તેવા ધમકીભર્યા ઈમેઈલ મળતાં જ શાળા સંચાલકો અને શિક્ષકોમાં દોડધામ મચી હતી. આ બંને સ્કુલના તમામ વિદ્યાર્થીઓને તુરંત સ્કુલમાંથી રવાના કરી દેવાયા હતા. બીજીતરફ ઘટનાના પગલે પોલીસે બંને સ્કુલોમાં સઘન તપાસ હાથ ધરી હતી પરંતુ બંને સ્કુલમાંથી કોઈ વાંધાજનક ચીજવસ્તુ નહી મળતાં તમામ રાહતનો દમ લીધો હતો.

હરણી મોટનાથ રોડ પર આવેલી સિગ્નસ હાઈસ્કુલમાં આજે સવારે શૈક્ષણીક કાર્ય શરૂ થાય તે પહેલા જ સ્કુલના પ્રિન્સિપાલે તેમની સ્કુલમાં આરડીએક્સ બોંબથી ધડાકા કરવામાં આવશે તેવો ધમકીભર્યો ઈમેઈલ જોતા જ તે ચોંકી ઉઠ્યા હતા. આ અંગે તેમણે તુરંત સ્કુલ સંચાલકો અને શિક્ષકોને જાણ કરી હતી અને ત્યારબાદ શાળામાં આવેલા તમામ વિદ્યાર્થીઓના વાલીઓને મેસેજ મોકલ્યા હતા કે સ્કુલમાં બોંબ ધડાકાની ધમકી મળી છે માટે તમે તમારા સંતાનોને તુરંત શાળામાં આવીને લઈ જાવ તેમજ જે વિદ્યાર્થીઓ સ્કુલ બસમાં આવે છે તેઓ પંદરથી વીસ મિનીટમાં ઘરે પરત આવી રહ્યા છે માટે તેઓને જે તે સ્થળેથી પિકઅપ કરી લેવા. આ મેસેજના પગલે જ વાલીઓ હાંફળાફાંફળા થઈ સ્કુલમાં દોડી આવ્યા હતા અને તેઓના સંતાનોને લઈને તુરંત રવાના થયા હતા.

બીજીતરફ આ બનાવની જાણ થતાં જ ડીસીપી પન્ના મોમાયા તેમજ હરણી પોલીસ, બોંબ ડીસ્પોઝલ સ્કવોર્ડ, ડોગ સ્કવોર્ડ અને એસઓજીનો કાફલો સ્કુલ ખાતે દોડી ગયો હતો અને તેઓએ સ્કુલના ક્લાસરૂમ સહિત સમગ્ર પરિસરમાં ઘનિષ્ટ ચકાસણી કરી હતી પરંતુ ત્યાંથી કોઈ વાંધાજનક ચીજ નહી મળતાં પોલીસે રાહતનો દમ લીધો હતો. આ કામગીરી દરમિયાન અકોટામાં આવેલી ડી.આર.અમીન સ્કુલમાં પણ આ જ રીતે બોંબ બ્લાસ્ટ થ્રેટનો ઈમેઈલ મળ્યો હોવાની જાણ થતાં પોલીસ કાફલાએ ડી.આર.અમીન સ્કુલમાં પણ તપાસ કરી હતી પરંતુ ત્યાં પણ કોઈ વાંધાજનક ચીજ નહી મળતાં આ સ્કુલમાં પણ બોગસ ઈમેઈલ મોકલાયો હોવાની વિગતો સપાટી પર આવી હતી. વારંવાર આ પ્રકારના ધમકીભર્યા ઈ-મેલ મળતા શહેર પોલીસ દ્વારા છેલ્લા સાત ઈ-મેલનો એક રિપોર્ટ તૈયાર કરી રાષ્ટ્રી સાયબર ક્રાઈમ એજન્સીને મોકલી અપાયો છે. છેલ્લા ૧૨ દિવસમાં વડોદરાની ત્રણ અલગ અલગ સ્કૂલને આ પ્રકારની ધમકીઓ મળતાં સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે. હાલ પોલીસ દ્વારા સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે અને ધમકીભર્યા ઈમેઈલ મોકલનારને શોધવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ભારતીય સાયબર ક્રાઈમ કોઓરડીનેશના ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર દ્વારા પણ આ બનાવોની તપાસ હાથ ધરાઈ હોવાની વિગતો સાંપડી છે.

#### ધમકીભર્યા ઈમેઈલ મોકલનાર ઝડપાયા છતાં ધમકીઓ મળી રહી છે

ચેન્નઈની એન્જિનિયર રેની જોશીલ્ડાએ તેના પુર્વ પ્રેમીને ફસાવવા માટે તાજેતરમાં રાજયમાં આ રીતે ૧૩ સ્થળે ધમકીભર્યા ઈમેઈલ મોકલ્યા હતા જેનો પર્દાફાશ થતાં અમદાવાદ સાયબર ક્રાઈમે તેની ધરપકડ કરી હતી. જોકે તેની ધરપકડ બાદ પણ ધમકીભર્યા ઈમેઈલ મોકલવાનો સિલસિલો યથાવત રહેતા પોલીસ માટે આવા ધમકીભર્યા ઈમેઈલ મોકલીને હેરાનગતિ કરતા તત્વોને શોધવાનું કામ પડકારરૂપ બન્યુ છે.

#### મદ્રાસ ટાઈગર્સના નામે ધમકી અપાઈ

અગાઉ મોકલાયેલા ધમકીભર્યા ઈમેઈલમાં ચોક્કસ સમુદાયના વ્યક્તિનું નામ લખવામાં આવ્યું હતુ પરંતુ આજે વડોદરાની બંને સ્કુલોને મદ્રાસ ટાઈગર્સના નામથી આરડીએક્સથી ધડાકા કરીને ઉડાવી દેવાની ધમકી મળી છે. મળતી માહિતી અનુસાર નવા ઈ-મેલનું કન્ટેન્ટ અગાઉ મોકલેલા ધમકીભર્યા ઈ-મેલ જેવું જ છે, પરંતુ આ વખતે ધમકી 'મદ્રાસ ટાઈગર્સ' તરફથી મોકલવામાં આવતા અગાઉ ધમકી મોકલનાર અલગ વ્યકિત હોવાનું મનાય છે. આજના ધમકીભર્યો ઈ-મેલ મોકલવા માટે હોટમેઈલ નો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તેમાં ફિલ્મ પ્રોડ્યુસર જાફર સાદીકના રૂ. ૨૦૦૦ કરોડના ડ્રગ્સ કેસનો ઉલ્લેખ કરાયો હોવાનું તેમજ તામિલનાડુના પોલીસ અધિકારી પર પણ આક્ષેપો કરાયા હોવાનું કહેવાય છે અને દક્ષિણ ભારતના કેટલાક શહેરોના નામો અને ટ્રસ્ટનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

### વુડાના કામોના આગામી આયોજન માટે ચેરમેનના અધ્યક્ષસ્થાને બેઠક મળી

# રિંગરોડની બીજા ફેઝની કામગીરી- WTP, STPના કામો ચર્ચાયા

### ઇન્ડોર સ્ટેડિયમ કયા ધારાધોરણ મુજબ બનાવવું તે માટે ચર્ચા-વિચારણા કરવામાં આવી



વડોદરા, તા. ૪

વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી - વુડા કચેરી ખાતે ચેરમેન અરુણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને એક મહત્વની બેઠક મળી હતી જેમાં હાલ સુધી થયેલા કામોની સમીસખા અને આગામી સમયમાં થનારા કામોના આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી.

વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા શહેરની ફરતે રિંગરોડના પ્રથમ ફેઝની કામગીરી પૂર્ણ કરી દેવા આવી છે અને હવે આગામી સમયમાં બીજા ફેઝની કામગીરીની શરૂઆત કરવામાં આવશે. આજરોજ ચેરમેન અરુણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં આ અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં વુડાના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. બેઠક અંગે ચેરમેન અરુણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે, રિંગરોડની બીજા ફેઝની કામગીરી શરુ થશે તે કેવી રીતે કરવી અને કેટલા સમયમાં પૂર્ણ થશે તે અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવી છે. આ ઉપરાંત નવા બની રહેલા એસટીપી અને ડબલ્યુટીપીના કામ અંગેની પણ ચર્ચા કરવામાં આવી હતી. વુડાના વિસ્તારમાં સ્વચ્છતા ઉપર કેવી રીતે ભાર મૂકી શકાય અને કોર્પોરેશન તેમજ વુડા સાથે મળીને કેવી રીતે સ્વચ્છ કરવામાં વે તે અંગેની ચર્ચા કરવામાં આવી છે. વુડા વિસ્તારમાં પણ શહેર જેવી સુવિધા મળે તેવું આયોજન કરીશું. આગામી સમયમાં ઈન્ડોર સ્ટેડિયમ પણ બનાવવાનું આયોજન છે તે કયા ધારાધોરણ હેઠળ અને કેવું બનાવવું તે અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. તેઓએ ઉમેર્યું હતું કે, વુડમાં મહેકમ અંગે ચર્ચા કરવામાં આવી છે.

### સુરક્ષાને લઈને પ્રથમ વખત કેવાયસીની સિસ્ટમ પ્રારંભ થતાં જ મુશ્કેલી

# વડોદરાથી અમરનાથ ગયેલા યાત્રીઓ કલાકો સુધી લાઇનમાં ઊભા રહેવા માટે મજબૂર બન્યાં

વડોદરા, તા.૪

બાબા અમરનાથ ની યાત્રાનો પ્રારંભ થઈ ચૂક્યો છે ત્યારે વડોદરાથી ગયેલો એક સંઘ પણ કતારમાં અટવાઈ પડયો હતો. દેશ-વિદેશમાંથી હજારોની સંખ્યામાં યાત્રાળુઓ બાબા અમરનાથના શિવલિંગના દર્શનાર્થે આવે છે. જોકે આ વર્ષે પહેલગામ માં આંતકી હુમલા ને કેન્દ્રમાં રાખી સરકારી તંત્ર ખૂબ જ એલર્ટ બન્યું છે. અને યાત્રીઓની સુરક્ષા ને લઈને આ વખતે પ્રથમ વખત એ કેવાયસી સિસ્ટમનો પ્રારંભ કરાયો છે. જે જમ્મુ, પહેલગામ, શ્રીનગર, પેન્થા ચોક, તથા બાલતાલ ખાતે કેવાયસી ચેકિંગ ની સિસ્ટમ નો પ્રારંભ કરવામાં આવ્યો છે.જેના લીધે ઉપરોક્ત સ્થળે કેવાયસી ના ચેકિંગ માટે યાત્રુઓ ની ભારે લાંબી લાઈનો લાગે છે. જેથી યાત્રુઓ ને કેવાયસી માટે કલાકો સુધી લાંબી લાઈનમાં ઊભા રહેવાની તકલીફ પડી રહી હોવાનું પૂર્વ કાઉન્સિલર અને વર્ષોથી અમરનાથ યાત્રાના સંઘ સાથે જોડાયેલા નીતિનભાઈ પટેલે વાતચીતમાં જણાવ્યું હતું. તેમને વધુમાં ઉમેર્યું હતું કે જે તે સમયે અમરનાથની યાત્રા માટે રજીસ્ટ્રેશન કરાવવામાં આવતો હોય છે તે જ વખતે કેવાયસી નું વેરિફિકેશન કરવામાં આવતો હોય છે. જોકે આ વર્ષે પ્રથમ વખત કેવાયસી ની ચેકિંગ સિસ્ટમ શરૂ કરવામાં આવતા હજારોની સંખ્યામાં યાત્રીઓ અટવાઈ રહ્યા છે. જેથી તેઓએ યાત્રીઓને પડી રહેલી તકલીફને કાર લઈને પીએમઓ તથા જમ્મુ કાશ્મીર ટુરિઝમ ડિપાર્ટમેન્ટમાં રજૂઆત કરવાની પણ તૈયારી દર્શાવી છે.

